વર્ષ ૧ લું.

ઉપયોગી જ્ઞાનમાળા.

મણકો ૨ જો.

સાહિત્ય પ્રચારક મંડળ

શારીરિક તથા માનસિક શિક્ષણ.

અનુવાદક,

સીતારામ જે. શર્મા.

તથા

રત્નસિંહ દીપસિંહ પરમાર.

અમદાવાદ.

પ્રકાશક,

રત્નસિંહ દીપસિંહ પરમાર.

નવાવાસ—અમદાવાદ.

નારાયણલાલ ગુપ્ત.

નાવલી. વાયા આણંદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કિં. ૦-૬-૦.

છૂટક નકલના છ આના

સ ૧૯૨૫

લવાજમ રૂા. ૨-૦-૦

નં. ૨૯૬

વર્ષ ૧ લું.

ઉપયોગી જ્ઞાનમાળા.

મણકો ૨ જો.

સાહિત્ય પ્રચારક મંડળ

શારીરિક તથા માનસિક શિક્ષણ.

અનુવાદક,

સીતારામ જે. શર્મા.

તથા

રત્નસિંહ દીપસિંહ પરમાર.

અમદાવાદ.

પ્રકાશક,

રત્નસિંહ દીપસિંહ પરમાર.

નવાવાસ—અમદાવાદ.

નારાયણલાલ ગુપ્ત.

નાવલી. વાયા આણંદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કિં. ૦-૬-૦.

છૂટક નકલના છ આના

મે ૧૯૧૫

લવાજમ રૂ. ૨-૦-૦

આવૃત્તિ ૧ લી.   પ્રત ૧૦૦૦.

"મ્હારા ગરિબ બિચારા ધનિકો ! ઉંચા સંગેમરમરનાં દેવાલયો અને સંગેમરમરના પત્થરની દેવોની મૂર્ત્તિઓ બનાવવાની ત્હમારા અંતઃકરણની તાલાવેલી શમશે નહિ. ત્હમને કષ્ટ થાય છે એની મ્હને પૂરી ખબર છે, પરંતુ મમત્વને લીધે ત્હમે કદાચિત્ તે કબુલ નહિ કરો. **દેશમાં ભૂખે મરતા નારાયણની અને સંકટ સહન કરતા વિષ્ણુની પૂજા કરો !** ગરીબ હિંદી વિદ્યાર્થીઓને ઉપયોગી ધંધાઓ શિખવા અમેરિકા મોકલો, એટલે એ શીખીને પાછા આવીને તેઓ અન્ય પ્રજાને પગભર થતાં શીખવશે, અને તેથી સેંકડો નહિ પણ હજારો ભૂખ્યા લોકોના પ્રાણ બચશે."

—સ્વામી રામતીર્થ.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

Foreword.

I must confess to my shame the utter disproportion between my capability and my aspirations. And this humble endeavour of mine is by no means a stroke to get public recognition of my merit or worth, but an emphatic protest against the narcotic lethargy of those Gujaratis who are better cirumstanced and who can do the work which I have imposed upon myself infinitely better than I can ever boast of. When professionals nod their heads what to say of laymen ? And I am thoroughly aware of the dictum " Fools rush in where angels fear to tread " quoted times out of number by the ultra-cautious. But I also know that a nation commercially inclined and living mostly by cringing can not be expected to possess great and grand thoughts that come of severe self-discipline. Commercial people can invest their all in the biggest enterprises from which they hope to realise great material profits, and sometimes lose, as in the nature of things they must, all they hold nearest and dearest to their hearts. But when they are

called upon to dedicate themselves to the *Service* either of God or men, they waver and equivocate. This being the case in Gujarat, there is no wonder if the people look at askance at any attempt of a philanthrophic kind. From amongst the Gujaratis no one has got a footing in the council of the famous orators of India, not to speak of the world. All are mediocrities. All are after money and the things that can be bought by money. Among the inhabitants of Gujarat there are not a few who are constantly bewailing the loss (!) entailed upon the purses of the people by the different conferences that meet at different places of India for discussing the important problems affecting their very existance from year's end to year's end. They think the money used for these purposes as gone and lost for ever. I myself once heard a worthy Gujarati gentleman say in an emphatic tone "How many mills can be started and how many men employed by the saving of the money so foolishly expended on such periodical tamashas?" on another occasion I had the honour to have audience with one of the merchant princes of Gujarat. And he told me among other things

"I do not think even the Servants of India Society will do any real service of the people." This is the prevailing tone of Gujarat. With the single exception of Mr. Gandhi, the greatest son of Gujarat, all the Gujaratis are sadly wanting in philanthropic work. Many of them are intellectual, many are considered to be the richest men of India, two have adorned the high-court bench but they have not as yet, as they ought to have, produced towering personalities among the philanthropic workers of India.

In fine, our people are totally apathetic towards philanthropy. If I speak aright the whole of India is in a self-annihilating swoon and it requires no small amount of patience on the part of even the men of the highest intellect and culture to persuade their countrymen to adhere to a particular course of action to elevate themselves. The people of India are not ready to profit by the intellect of their own country-men. They do not wish to follow the path which their greatest leaders show them. They are self-satisfied and do not like to move. New ideas they can not grasp and until time itself push them on from behind they do not

make any progress. Lifeless creatures as they are, they are not virile and buoyant horses on which their leaders can ride and effect a speedy march, but they are the veritable millstones on their leaders' necks. The leaders of India often find themselver in the position of a man who prayed for a horse to ride but got a horse to carry on his back instead. Now, those who aspire to be leaders of the Society must be ready to weather the severest penance, but as they are human, and not divine, they may be permitted some relief. The almost benumbing atmosphere of India drove Swami Vivekanand to America to preach his vigorous doctrines. For he was sure that if he remained in India to preach he stood the possibility of being ignominiously thrown into oblivion or into the Parliament of dwarfish mediocrities at the best. And in the free atmosphere of Ameriea his gaint intellect rose to the pinnacle of glory, perhaps unequalled and unsurpassed by any as long as he lived. The pigmies of India would have never appreciated the true worth of the giant among them, had he never visited foreign countries. Dr. Dinshaw Pestonji Ghadiali, an inhabitant of Surat, and a very intelligent man, was considered

to be quite a common gentleman while at home, but now we hear from that far off land, that free and happy land, that veritable heaven on earth, the United States of America that Dr. Ghadiali is an inventor worthy to be seated by the side of the world-famous Edison. Oh! the wonder of wonders! The people of India consider their intellectual brothers half-demagogues! The very saviours are contemptuously laughed at in India. Give any rotten piece of information to the Americans and they will respectfully hear it, and do all in their power to make you feel comfortable. Work at the sacrifice of your hearth and home, your wife and children, your prospects and your very life, for the welfare of the Indians and they are sure to refuse to lend you ears and to make you feel uneasy and disgusted at every moment. All philanthropic workers in India are so many Confuciuses, thoroughly neglected by their own countrymen. Those who work for the people are more or less selfless in their endeavours, and all should be such, as our Lord Krishna says in the Bhagwad Gita. But all can not be expected, like Christ, to say from the Cross "oh Father, forgive them, for they know not what

they do." And you can not say those who are not the prototypes of Christ must not pose as public workers. In the natural order of things all can not be Christs, Buddhas or Krishnas. It is for the good of the society that there are gradations, and it would be foolish on our part to cast away those who can not come up to the mark as sycophants and let the public rot. Every item is useful and all thanks are due to the man who wisely and skilfully make use of all the component parts of a society. The society in which all its elements are showing healthy activity is bound to flourish; while the one that is morbidly inactive must perish sooner on later. India is inactive and sluggish at present. She was active, healthy, mighty and great once, but that was in the dimmest past. Then she lost her strength and gradually deteriorated. The causes of her downfall are various, and a mere summary of them all would require more space than we can command. But the main cause is her own environments. The hot climate of India sucks off the virility of the nation and make its life a burden instead of a legacy. This is why the frantic efforts of her greatest reformers to elevate

her children have proved futile. There is no grain, all is chaff. The climate ripens the youths before their proper time and then the chaos begins. The anarchy begun at the root of life throws the whole worldly existence into disorder and the swinging life never gets equilibrium until the strong hand of Death removes it altogether from this plane which can only be enjoyed by the surviving fittest. When the physique of the nation is the puniest imaginable; when its maximum age is 25 years, when a Ranade is compelled to inquire into the causes of the deaths of its young graduates, when its foremost men die at a comparatively younger age, there is certainly cause to halt and bestow a serious thought upon the condition of India. As I said above, the climate of the country is slowly but surely annihilating the nation, and all attempts to invigorate it has proved fruitless as yet. Reformers have frantically raised their voice against the abnormal practice of child-marriage, but their strong protest has borne little or no fruit. Why? because the manhood and the womanhood in India are ripened earlier than in the other parts of the world and no reformer can reverse the

law of nature. I do not mean to say that the reformers who raise their voice against child-marriage are ill-advised and that this destructive practice should be perpetuated, but I mean to say that they are helpless against nature. European boys and girls come to understand what the marriage signifies only when they are 30 and 25 years of age respectively. But the case in India is quite different. Here you invariably find the men aud women at these ages very near their graves. It is not their parents who marry them earlier, but it is nature which compels them to marry at an early age. And the remedy lies not only in the wordy battle of raising marriageable age of the children, but also in a different thing altogether. The panacea of all the evils that the Indian people, chiefly the Hindus are suffering from, is the free and totally unrestricted travelling into foreign lands and converting the stronger and more virile races into Hinduism. Indeed, we are suffering from many disadvantages arising out of the climatic causes. If the climate of India had not been hot as it has been the nation would not have become so puny and degenerated. All the former conquerors

of India have deteriorated on account of its climate. The Aryas, whose children, though not unmixed, are called Hindus at present, were the first to conquer the land from the hands of its aboriginal holders. They were virile, they were strong, they were mighty when they first set their feet on Indian soil, and they continued to be such for a considerable time. At this time they not only founded great empires, led mighty armies, and became great rulers, but they also surpassed any other nation, in literature science and arts. That time was the hey-day of their prosperity. During this time they made the highest progress in all the walks of life. During this time they produced a literature that is still the wonder of the world. In fine, they were dominant and strong in every way. But gradually they began to lose their original strength partly on account of the hot climate of India and partly by the fact that they were compelled to intermarry with the worthless aboriginal tribes of India. Many intermarriages took place out of mere sexual attraction apart from economic considerations. Thus it wa that a Brahmin of profound learning was wedded to a fishergirl whom he found all alone in a

boat. But most of the intermarriages were the result of the economic condition of the people. No nation upon earth, however averse to intermarriage with the inferior races, can help mixing with the peoples, however inferior, inhabiting the same land. This has been the case in all the countries of the world. In England it has been so, and in the New World this natural course has not been altered. In the latter country half-breeds can be found in thousands. And this, has taken place in spite of the best efforts of wise men to prevent intermarriage between the whites and the blacks. In Africa there is a special law prohibiting white women to marry with the negroes. And American whites simetimes go the length of killing or mutilating the black man, if he is unfortunately suspected to be in love with a white girl. And the Hindus by no means are or ever were tolerant in matters sexual. As a matter of fact they are the most intolerant of all the nations of the world as regards intermarriage with inferior races. The Rajputs willingly killed their infant daughters by drowning them in a pot of milk rather than stood the possibility of being

compelled to give them to inferior men in marriage. The Hindus observe the caste rules as strictly as it lies in their power to do so. In spite of their prejudices and precautions they have not been able to prevent inferior blood from mixing with their own. In Southern Coun tries there is no little element of dravadian blood in that of the Hindus. And in Northern Countries distinct traces of the aboriginal blood are found in the physique of the Hindus. The orthodox Hindu community of the present day are vociferously loud in their declaration that theirs is no proselytizing religion and that there is no loophole for the outsiders to secure a place in the ranks of the Hindus. But this has been totally disproved by history. In the dim past there were two distinct races in India: the Aryas and the non-Aryas. But afterwards they came to be included in one nation called the Hindus. Not only the aboriginal tribes of India but many foreign races such as Scytheans, Huns &c. that migrated to India have also been absorbed in the great ocean of Aryas. No trace of these foreign races is found in India to-day. They have all been absorbed and

assimilated by the Hindus. Only a handful of Parsis and Jews in the south-western parts of India have had the good fortune to be spared. By the absorption of these fair, strong, healthy and intellectual foreign races the Hindus have certaintly added strength to their stock. But this can not be said in connection with the absorption of the native inferior races. For although they increased in quantity, they decreased in quality. Here one thing is specially to be borne in mind, and it is this that while the foreign vigorous races were absorbed by the higher strata of society, the aboriginal races of India were swallowed and assimilated by the lower ones. Then when the Mohomedans came into India the social and religious laws of the Hindus had become too rigid because of their ignorance and apathy towards all kinds of learning. This period in Indian History might well be compared with that of the Mediæval Europe. At this time the Hindus had deteriorated a great deal, and they became easy prey to the depredations of the Mussalmans from the North-Western frontiers. The deterioration of the Hindus as a nation was a great temptation to the neighbouring Afghans

to pour in torrents and plunder the cities and towns of India laden with gold. They found the Hindus dwarfish in stature and black in skin. The causes are obvious. The Aryas, when they first migrated from their original dwelling place somewhere in Central Asia, were fair in skin as the Mohomedans themselves, or as any nation of Europe for that matter, but now that they had mixed with the aboriginal races of India they had lost, to a large extent, their original fairness of skin, (although precarious signs of their whiteness were not wanting, as they are not wanting even today) their original strengh, virility, heroism and everything. So they naturally succumbed to the overwhelming strength of a mightier race from the north. Had the Afghans and the Moghuls who came after them kept aloof from their subjects, preserved their purity of blood and married only with their kith and kin beyond the frontiers of India they would have been able to retain their superiority in spite of the enervating climate of India. But they were more zealous even than the Hindus themselves, to intermarry with the inferior races of India, backed up as they were by the precepts of their religion

to convert any and every nation that they found into Islam at the point of the sword. To the credit of the Hindus it must be said that although they were compelled more by economic considerations than by anything else to mix up with the inferior aboriginal races they had not raised few walls to prevent the indiscriminate mixture of blood. But the Mohomedans with their characteristic impatience made no distinction between a nutritious and an injurious food and swallowed anything and everything that they found at hand in their insatiable hunger of proselytizing and swelling their ranks. And the disastrous result of their indiscrimination is evident in their fall from their etherial heights.

I have reviewed as briefly as I could the causes of our downfall and also suggested the possible remedy. Now I shall try to treat the remedy with some details.

We require to convert into Hinduism the more virile and more powerful nations of the world aud by free practice of intermarriage add healthier blood to our stock. But how can this be effected? To carry out this object we must make our religion a proselytizing one. As long

as we suffer from narrow and limited ideas so long we shall grow neither in strength nor in numbers. Our Brahminhood, our Kshatriyahood and our Vaishyahood should be shown in foreign lands, so that we shall be able to attract the attention of the advanced races of the world and this will naturally lead to their conversion into Hinduism. In every country of the civilised world there should be a Hindu colony, disseminating Hindu influence far and wide and increasing in bulk as well as in strength. To be regenerated we have not to give up our religion and our characterstics but we have to induce others to adopt our religion and our manners and customs. There should be our religious preachers in every advanced country of the would, giving religious instructions to the people and converting them in to Hinduism. There should be our Kshatriya warriors in the army of every civilized nation showing like the late Colonel Suresh Bishwas, the true worth of a Hindu fighter. And our Vaishyas also should be absent in no country of the advanced nations. In this advanced age of speedy means of communication different countries of the world are nothing more than different cities

of a country. So that the Hindus can very easily spread their network in all the countries of the world. Foreign travel is one of the essential points of our advancement and every facility and encouragement should be given to our youths to go to foreign lands. Here, I have outlined some of the ways by which we can help our youths to go to foreign lands:—

(1) Scholarships should be founded for those who wish to go to foreign countries as religious preachers and who can satisfy a committee of reliable gentlemen appointed for the task as to their fitness for the work undertaken by them.

(2) Gratuities shoud be given to those who go to foreign lands for entering the army as privates, generals or colonels.

(3) Scholarships should be founded for those who go to foreign countries to prosecute their studies in commercial institutions.

(4) Scholarships should be founded for those who go to foreign lands to accomplish themselves in any higher branch of science, art or lilerature.

In conclusion, I must appologise my readers for the very confused ideas I have given

them in my "Foreword." I seldom know how to write. And if I write at all I write as my conscience dictates without caring a fig for the rules that govern the compilation of an essay. But I assure you, my indulgent readers, these words of mine shoot from the bottom of my heart. With me either writing or speaking is no profession, but religion. I do not write for humouring my readers or for scaring away their time, but I write earnestly and seriously. For serious work, the Dharmottejak mandal has been established and serious work it shall do whenever an opportunity and favourable circumstances will present themselves. For the present it will satisfy itself with giving the outlines of work and preparing the minds of the people. If people will try their best to follow the outlines sketched above of the work to be done for our national regeneration in addition to the eight objects already known and treated, if not exhaustively, at least sufficiently for our present purposes, in my speech published in Gujarati in this issue, they will not have laboured in vain.

In conclusion, I have to say a few words

concerning the present issue. One may naturally ask, as some of my friends have already asked, why I should write the preface in English and treat the subjects which have no bearing at all with the contents of the issue. Here I should clear my position. I say to my inquisitors that I do not stand before the world as a petty publisher of books, but that I have to give a distinct message not only to Gujarat but to the whole world. I would have very willingly abandoned the English language had Gujarati and Gujarati alone served my purpose. But as the sphere of the Gujarati language is all but too narrow and as we have to extend our operations not only to all the provinces of India but even beyond them, the using of the English language has become indispensable for expressing our ideas and recording our work, if any. I assure my readers that the writing of foreword in English has sprung from no conceit. On the contrary I myself am not sure whether I write even tolerable English and whether I commit no mistakes in the eyes of those venerable philologists who have grown gray in deciphering the mysteries of letters. What I write I write for work and not for vanity. In

this process of bringing humanity back to practicality I may be stabbing the beauty, charm and witchery of the language in the dark, but I can't help doing it in the larger interests of the people. As regards treating foreign topics, I have to say that in every issue I have to give some new idea, to record some new work, to acknowledge some new help and to announce some new scheme for the welfare of the people and that makes me unable to remain in water-tight compartments. I hope this explanation will satisfy all concerned. In the present issue barring poems four subjects are treated. The first subject " Americana garib Vidyarthio " is a tranlation from Marathi. More about it will be found treated in the preface of the translator Mr, Sitaram J. Sharma who has placed this institution under a heavy debt of gratitude by his worthy contribution. And Mr. R. K. Mitra the Editor of the famous Marathi journal " Masik Manoranjan " deserves our heartiest thanks for his kindly giving permission to translate his Marathi book into Gujarati. The rest of the subjects except poems have issued from my own pen either in the form of translation or in the

form of original work, and they stand there with all their faults and shortcomings.

For some reasons we have had to postpone the issue of the book relating to the present European war till the war is over, and for this ommission we crave the indulgence of our readers. Our next issue will be the life of Swami Dayanand Saraswati which will cover four numbers of the Upayogi Gnanmala and we request our readers not to lose patience if they get the numbers a little later.

Ratnasingh Deepsingh Parmar,

President, Dharmottejak Mandal.

Navavas, Danapith-**Ahmedabad.**

મંત્રીનું નિવેદન.

પ્રિય પાઠકો ! આજે અમે ઇશ્વરકૃપાથી આપના હાથમાં બીજો મણકો ધરવાને શક્તિમાન થયા છીએ. આ સંસ્થા કેવા મહાન ઉદ્દેશો સહિત સ્થાપન થઈ છે તે આપ જાણી ચૂક્યાજ છો પરંતુ એના ઉદ્દેશો પાર પાડવાને માટે જેટલી અમારા પ્રયત્નોની જરૂર છે તેટલીજ આપની સહાનુભૂતિની પણ જરૂર છે. આપણા દેશમાં ઘણી ખરી સંસ્થાઓ નિષ્ફળ થાય છે તેનું કારણ જેમ કાર્યકર્તાઓની ખામી છે તેમ તેમના કાર્યની કદર થતી નથી એ પણ છે. જેમ બે હાથ વિના તાળી પડતી નથી તેમ પ્રજા તરફના ઉત્તેજન વિના લોકોપકારનાં કાર્યો પણ સફળ થતાં નથી. માટે આ સંસ્થાના જે આઠ ઉદ્દેશો છે તે સર્વને જો સફળ થયેલા જોવા ઇચ્છતા હો તો તેના આ પ્રારંભિક કાર્યને અપૂર્વ ઉત્સાહથી વધાવી લેવાની જરૂર છે. જો એક ગ્રાહક પોતાના બબ્બે મિત્રોને આ પરોપકારી સંસ્થાના પુસ્તકોના ગ્રાહક થવાને ભલામણ કરે તો તે ઘણો મોટો ઉપકાર કરી શકે. આ સંસ્થાનાં પુસ્તકો કેવાં છે તે તો આ બે મણકાપરથીજ આપ જાણી શકશો, અને ભવિષ્યને માટે ઉત્તમોત્તમ પુસ્તકો આપવાની અમે આપને ખાત્રી આપીએ છીએ. કેટલાંક કારણોથી યુરોપી મહાવિગ્રહનું પુસ્તક હાલમાં આપને અમે આપી શકતા નથી, પરંતુ યુદ્ધની સમાપ્તિ થયા પછી અમે તે આપના કરકમલમાં અર્પણ કરી શકીશું. હવે પછીના ચાર મણકામાં પૂજ્યપાદ સ્વામી શ્રી દયાનંદ સરસ્વતિનું જીવનચરિત્ર આપવામાં આવશે અને તે ઉત્તમ પુસ્તકોની પંક્તિમાં મૂકાશે એ વિષે લેશ પણ શંકા નથી. તો હવે અમારી ભલામણ માત્ર એજ છે કે ગ્રાહકો વધારવાને આપનાથી બનતો સર્વ પ્રયત્ન કરશો.

નારાયણલાલ ગુપ્ત.
મંત્રી સાહિત્ય પ્રચારક મંડળ.
નાવલી. તા૦ આણંદ.

પ્રસ્તાવના.

આ પુસ્તક મૂળ હિંદીમાં શ્રીયુત્ **સત્યદેવે** શરૂ કરેલ 'સત્ય ગ્રંથમાળા 'ના 'અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓના પરિશ્રમ' નામક પુસ્તક ઉપરથી **થએલ अमेरिकेंतील गरीब विद्यार्थी** નામના મરાઠી પુસ્તકનો અનુવાદ છે. લોકો વિશેષતઃ તરૂણ વર્ગ મહેનતનું તત્વ સમજે, અને શ્રમ સેવતાં શીખે, તથા હિંદી વિદ્યાર્થીઓ પોતાની જાતે પોતાનું રક્ષણ કરતાં શીખે, એજ હેતુથી આ અનુવાદ કર્યો છે.

'સત્યગ્રંથમાળા' ના કર્ત્તા શ્રીયુત સત્યદેવ એ પંજાબ પ્રાંતના લુધિયાનામાં સંવત્ ૧૯૩૭ માં જન્મ્યા હતા. ત્હેમના પિતા સરકારી નોકર હતા. તેમનો પગાર થોડો હતો પણ કુટુંબ મોટું હતું. સત્યદેવે લાહોરમાંની "દયાનંદ ઍંગ્લો–વેદિક હાયસ્કુલ"માં પ્રથમ અભ્યાસ શરૂ કર્યો. ઈ. સ. ૧૮૯૭ માં તેઓ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં પાસ થયા. એજ વર્ષે તેમનાં લગ્ન કરવા માટે વડીલવર્ગે અતિશય ખટપટ કરી પરંતુ સત્યદેવે લગ્ન કરવાની સાફ ના પાડી. સત્યદેવને કોઈની નોકરી કરવી એ પ્રથમથીજ પસંદ નહોતું. કિન્તુ વડિલવર્ગે અત્યાગ્રહથી તેમને નોકરી લેવાની ફરજ પાડી. નાઈલાજે અને નાખુશીએ તેમણે નોકરી સ્વીકારી, તથાપિ છ મહિનામાં નોકરી છોડી દઈને તેઓ સ્વતંત્ર થયા; અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા કાશી ગયા. પોતાનાં માતુશ્રીની માંદગીને લીધે ૧૮૯૯ માં તેઓ લાહોરમાં આવ્યા. અને દયાનંદ ઍંગ્લો–વેદિક કૉલેજમાં દાખલ થયા. માતુશ્રીના મરણ બાદ તેમણે ઇ. સ. ૧૯૦૦ માં કૉલેજ છોડી અને ચાર વર્ષ પર્યંત કાશીક્ષેત્રમાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ૧૯૦૪ માં 'હિંદુકૉલેજ' છોડીને અત્યંત કષ્ટ વેઠીને તેઓ અમેરિકા ગયા. પોતાના પ્રવાસની અને અમેરિકાની મનોરંજક હકીકત ત્હેમણે "અમેરિકાપથ પ્રદર્શક," "અમેરિકા દિગ્દર્શન" "અમેરિકા ભ્રમણ" આદિ 'સત્ય ગ્રંથમાળા' નાં પુસ્તકોમાં આપી છે.

અમેરીકાના ચિકાગો, આરેગાન, અને વૉશિંગ્ટનના વિશ્વવિદ્યાલયોમાં અર્થશાસ્ત્ર, અને રાજકીયશાસ્ત્ર–Political Science–નો ચાર વર્ષ અભ્યાસ કર્યા-બાદ ત્હેમણે પગે ચાલીને અમેરિકાની મુસાફરી કરી. એકંદર સાડા પાંચ વર્ષ અમેરિકામાં રહીને તેઓ સ્વદેશમાં આવ્યા. એટલા કષ્ટથી સંપાદન કરેલું જ્ઞાન અને અનુભવ પોતાના દેશબાંધવોને મળે એટલા માટે ઇ. સ. ૧૯૧૧ માં તેમણે હિંદી ભાષામાં 'સત્યગ્રંથમાળા' લખવાની શરૂ કરી. અત્યાર સુધીમાં ત્હેમણે એ માળામાં આઠ નવ પુષ્પો ગુંથ્યાં છે. નોકરી લઇને અન્ય મનુષ્યોની માફક સુખથી અને વિશ્રાંતિપણે કાળક્રમણ ન કરતાં સ્વતંત્ર બનીને, અનેક સંકટો સહીને આવી રીતે તેઓ જનસેવા અને માતૃભાષાની સેવા કરે છે. આ પુસ્તક વાંચી ગરીબ વર્ગ તરફ ધૃણાની દૃષ્ટિએ જોનાર ધનિક વર્ગને અમેરિકાના દૃષ્ટાન્તથી ઘણું જાણવાનું મળશે. તથા હિંદુસ્થાનના ગરીબ વિદ્યાર્થી વર્ગને પણ ઘણુંજ જાણવાનું તથા શીખવાનું મળશે. મ્હારી આ કાર્યપ્રવૃત્તિથી જનમંડળમાં કોઇ પણ વ્યક્તિને ક્ષણભર પણ એ માર્ગે વિચરવાનું મન થશે, પોતાની સ્થિતિની ઉન્નતિ કરવાને લગાર પણ ઇચ્છા થશે, તોએ હું એટલામાંએ મ્હારા કાર્યની સાફલ્યતા સમજીશ !

"મનોરંજક ગ્રંથમાળા"ના તંત્રી શ્રીયુત્ આર. કે. મીત્રે મ્હને આ પુસ્તકનો અનુવાદ કરવાની આજ્ઞા આપી ગુર્જર વાંચકવર્ગ સમિપ પુસ્તક ધરવાની અનુકુળતા કરી આપવા માટે ત્હેમનો આ સ્થળે હું ઉપકાર માનું છું.

છેવટે તે પરમકૃપાળુ પરમાત્મા મ્હારી વૃત્તિ અહરનિશ આવાં કાર્યો પ્રતિ પ્રેરો ! એવી સદ્વાંચ્છનાસહ તે કૃપાળુ પ્રભુની યાચના કરતો હું મ્હારી લેખિનીને અત્રેજ વિરામીશ.

ચૈત્રશુકલા પ્રતિપદા
વિક્રમાર્ક ૧૯૭૧
અમદાવાદ.

સીતારામ જે. શર્મા.

ભૂમિકા.

પાછલાં કેટલાંક સૈકાંઓથી ભારતવર્ષના લોકોનો અન્ય દેશોની પ્રજા સાથેનો સંબંધ તૂટયો છે. પૃથ્વીમાં અમારો દેશ સર્વથી શ્રેષ્ઠ છે, એવુંજ અહીંની પ્રજાએ અજ્ઞાનવશ બની માની લીધું છે. પરદેશગમનનો રિવાજ બંધ પડવાથી, હિંદુસ્થાનની પ્રજામાં એકદેશીય વિચારોએ ઘર કર્યું, અને જેમ જેમ સાધારણ રીતે વિદ્યા પ્રચારનો અભાવ થયો, તેમ એકદેશીય અને સ્વહિતના તથા જાતિ પેટાજાતિના સ્વાર્થી વિચારો દેશના જૂદા જૂદા ભાગોમાં ફેલાણા. એક પ્રાન્તના લોકો બીજા પ્રાન્તના લોકોને વિદેશી સમજવા લાગ્યા, અને એથી પંજાબ, સંયુક્ત પ્રાન્ત, બહાર, બંગાળા, મધ્યપ્રાન્ત, મહારાષ્ટ્ર, ગુજરાત, રજપૂતાના, મદ્રાસ આદિ પ્રાન્તો જૂદા જૂદા દેશ જેવા બનવા લાગ્યા. એનું પરિણામ એ આવ્યું કે જગતની અન્ય પ્રજાના ઇતિહાસની આપણને કશીએ માહિતી મળી નહિ, આપણા દેશની બહાર કયા નવીન ફેરફારો થયા તેની વાત પણ આપણ જાણી શકયા નહિ. યુરોપમાં કઇ ક્રાંતિ અથવા ચળવળ થઇ, ત્યાંની જૂદી જૂદી જાતિની પ્રજામાં અરસપરસ કેવાં યુદ્ધો થયાં? તેમાં કોનો પરાભવ થયો, અથવા તો શું થયું? તેનું આપણને કશુંએ જ્ઞાન મળ્યું નહિ. જગતમાં જો કોઇ પણ શ્રેષ્ટ હોય તો તે અમેજ છીએ, અમારા દેશ સમાન સુધરેલો દેશ પૃથ્વીતળ ઉપર કોઇ નથી, એવુંજ આપણા ગુરૂઓ આપણને શીખવતા રહ્યા. આવા આત્મશ્લાઘાના ઉપદેશોએ આપણી ઘણી ખરાબી કરી. આથી આપણા મગજમાં અહંપણાનું ભુત ભરાયું, અને 'આપણે તો કોઇ પાસેથી કશુંએ શીખવાનુંજ નથી, આપણે સઘળું જાણીએ છીએ,' એવો અહંપણાનો રોગ આપણા દેશમાં પ્રસર્યો. આ રોગે આપણી સર્વ શક્તિનો નાશ કર્યો,

અને એથી જેને માટે આપણને ખાસ અભિમાન છે એ ધર્મનો ર
ઢીલો પડયો. બાહ્ય દેખાવના આડંબરને આપણે ધર્મ માનવા લા:
અસત્ય અને નિરૂપયોગી વાતોમાં વાદવિવાદ કરી માથાફોડ કરવા
વિદ્વતા સમજવા લાગ્યા, તથા ચાર વિદ્વાન એક સ્થળે મળ્યા કે
નકામી માથાકૂટ સિવાય અન્ય કામજ થવા ન લાગ્યું.

જે ઘર બંધ રહે તેની હવા ખરાબ અને રોગોત્પાદક બને
જે એકજ જગાએ ઉભો રહે છે તે કોહીને સડી જાય છે, :
રીતે હિંદુસ્થાનના વતનીઓનું પરદેશ જવા આવવાનું બંધ પડ
તેના વિચાર એકદેશીય બન્યા, અને એથી હિંદમાં સડવાની ક્રિયા
થઈ, તેમાં કીડા પડવા માંડયા. છેવટે એવો સમય આવ્યો કે
પાપને પુણ્ય અને અધર્મને ધર્મ સમજવા લાગ્યા. જો એમ ન
તો ભીષ્મના બ્રહ્મચર્યની પ્રશંસા કરનાર ભારત પ્રજા બાળવિ
કદીએ ધર્મ્ય ગણત નહિ, અને **एकमेवाद्वितीय ब्रह्म**ની ઘો
કરનાર હિંદીઓ સ્વદેશ બંધુઓને શત્રુ જેવા ગણત નહિ. સે
વર્ષોના એકદેશીપણાથી અને સંકુચિત વૃત્તિઓથી આપણા દેશમાં
ભયંકર રોગનો ફેલાવો થયો છે; પરંતુ જો અન્ય પ્રજાઓ સાથે
પણો સંબંધ હોત તો હિંદુસ્થાનની આવી દશા કદીએ થાત ન
અન્ય દેશોની ઉન્નતિ અને અવનતિનો ઇતિહાસ આપણુ જાણતા હ
અને કાળની ગતી પ્રમાણે આપણે પણ આપણી ઉન્નતિ કરી શ
હોત, તો આજની આપણી હીન દશા જોવાનો પ્રસંગ આપ
કદીએ પ્રાપ્ત થયો ન હોત.

સદ્યઃસ્થિતિ સુધારવાના પ્રયત્નો હમણાં પણ આપણા સમા
ક્વચિતજ થાય છે, પરંતુ **परोपदेशे पांडित्य**ની માત્ર વાતો
છે. 'દોરડી બળે પણ આંબળો ન જાય,' એવી આપણી સ્થિતિ બન

હવે તો એટલુંજ જરૂરનું છે કે, આપણા અલ્પપણાના રોગનું ઔષધ કરી આપણી વર્તમાન સ્થિતિ સુધારવા આપણે સજ્જ થવું. પ્રાચીન કાળે અમે મોટા હતા, શ્રેષ્ટ હતા, ઋષિ હતા, ધનવાન હતા ઇત્યાદિ અનુવાદ અત્યારે આપણા રોગને વધારનાર છે. આપણા દેશમાં સઘળી વિદ્યા હતી, આપણા પૂર્વજ સર્વ પ્રકારની શોધ જાણતા હતા એવું બોલીને મન ખુશી કરવું એ મૂર્ખપણાનું લક્ષણ છે. સામ્પ્રત સમયે આપણો સંબંધ વર્તમાનકાળ સાથે છે, એજ વિચાર હવે આપણે કરવો જોઇએ.

ઉન્નતિમાંથી અવનતિમાં આવવું એ કાંઇ મોટી વાત નથી. વ્યર્થ અભિમાન ધરવું એ આપણા હાથેજ આપણા મ્હોંડે મેંશ ચોપડવા સરખું છે. યુરોપના લોક પ્રથમ રાની હતા. એ અવસ્થામાંથી નીકળી તેઓએ પોતાની ઉન્નતિ કરી છે: અને એજ કાર્ય એ યુરોપીય પ્રજાનું મહાન ભૂષણ છે. કારણ કે ઉન્નતિમાંથી અવનત દશામાં જવું એ તો સહેલું છે કિન્તુ અવનતિમાંથી ઉન્નતિ કરવા માટે તો ઉદ્યોગ, સહિષ્ણુતા, ધૈર્ય આદી ગુણોની જરૂર છે. યુરોપના લોકોએ ઉન્નત માર્ગે આવવા શું પ્રયત્નો કર્યા! અમેરિકાએ પોતાની ઉન્નતિ શી રીતે કરી? એ સઘળી વાતો સ્હમજવાની અત્યંત જરૂર છે. પૂર્વજોની કમાઇ ઉપર આશા રાખીને બેસી ન રહેતાં હવે તો આપણે સ્વતઃ કમાતાં શીખવું જોઇએ, અને યૂરોપ તથા અમેરિકામાં જે રીતે વિદ્યા. કળા, કૌશલ્યની વૃદ્ધિ થઇ, તે સર્વ રીતો જાણવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. પાશ્ચાત્ય સંસ્કૃતીની કારણ મીમાંસાનો અભ્યાસ કરવો એ આપણા માટે અતિશય જરૂરનું છે, કારણ તે સંસ્કૃતી સાથે આધુનિક કાળે આપણો નિકટનો સંબન્ધ છે. એવું ન કરતાં જો આપણે આપણી મોટાઇની શેખીમાં કચરાતા જઇશું તો કેટલીક પતિત જાતોની માફક આપણી પણ એવીજ અધોગતિ થશે. બુદ્ધિ અને બળમાં આપણે કોઇ પણ

જાતિથી ઉતરતા નથી, પણ આપણામાં ન્યૂનતા એટલીજ છે કે એનો યોગ્ય ઉપયોગ કરતાં આપણને આવડતું નથી. અમે સઘળાના ગુરૂ છીએ એમ સમજી આપણુ નિરાંતે બેઠા છીએ અને એજ વિચારે આપણું સર્વસ્વ નાશ કર્યું છે. એટલા માટે આપણા દેશમાં લોકહિતાર્થે અમેરિકા સમોવડ સુધરેલા દેશમાંના ગરીબ વિદ્યાર્થીઓની કંઇક હકીકત કહેવી એ ઇષ્ટ છે, એમ મ્હને લાગ્યું.

ભિક્ષાવૃત્તિ ઉપર રહેનાર આપણા વિદ્યાર્થીઓ જેઓ હિંદુસ્થાનની સાંપ્રત સ્થિતિ સુધારી શકતા નથી કિન્તુ ઉલટું દેશને અત્યંત નુકશાન કરે છે તેવાઓને આ હકીકત વાંચી કંઇક જાણવાનું મળશે. આપણો યુવકવર્ગ મહેનતના લાભ સમજે એ અતિ ઉપયોગી છે. કારણ તે સિવાય ત્હેઓનામાં મહેનતના અંગે રહેલા ઉદ્યોગ, પરિશ્રમ, વ્યવસાય આદિ સદ્ગુણોની વૃદ્ધિ થશે નહિં.

અન્ય પ્રજાના સદ્ગુણોમાંથી આપણે આપણને ફાયદા કરતાં શીખીએ, અને આપણું દૌર્બલ્ય દૂર કરી દેશમાં ઉદ્યોગ અને વ્યવસાયની વૃદ્ધિ કરીએ એવી હું પરમાત્મા પાસે પ્રાર્થના કરૂં છું.

કાશી- }
૨૬-૧-૧૯૧૨. }

નમ્ર.
સત્યદેવ.

રાજપુત સ્થિતિ દર્શન !

(લેખકઃ—સ્નેહ રશ્મિ ઉર્ફે—નટવરલાલ સી. પંડિત. ખેડાવાલા-ધર્મોત્તેજક મંડળ માટે ખાસ લખનાર.)

વિષમ-હરિગીત.

રજપુત અહા એ ક્યાં ગયા, જગને ધ્રુજાવી મૂકતા ?
રજપુત અહા એ ક્યાં ગયા, પાળી પ્રતિજ્ઞા રીઝતા ?
રજપુત અહા એ ક્યાં ગયા. કીર્તી જગતમાં મૂકતા ?
રજપુત અહા એ ક્યાં ગયા, આશ્રિતને સંતોષતા ?

*　　*　　*　　*

સંતોષતા જે શરણુ દઈ, તે શરણુ અન્ય તણા રહે;
રજપુત હા રજ સમ બન્યા, હૃદય રજપુત ના દહે ?
ના દહે નફટાઇથી, વિરતા વીસારી વીર-હા;
વિરતા વીસારી એમ ધારી, માની લે ના ધીર-હા.
નિજ ધર્મને નિજ કર્મમાં, શક્તિહીણા થાવા જગે;
રજપુત રૂધિર વીલઇ ગયું, વહેતું હતું વેગે રગે.

*　　*　　*　　*

વેગે રૂધિર વહેતું હતું, સહેતું હતું જે સંકટો,
અદ્‌ભુત કાર્ય મહીં અહા, સહેતું હતું જે સંકટો;
નિજ વીર નામ ગજાવવા, સહેતું હતું જે સંકટો,
વિરરત્ન સદ્‌ગુણી કહાવવા, સહેતું હતું જે સંકટો.

*　　*　　*　　*

સહેતું હતું જે સંકટો, એ રૂધિર હાય વિલઈ ગયું,
વિલઈ ગયું ચેતન રૂધિર, જડ રૂધિર શું આવી રહ્યું ?

બની રંકને શક્તિહીણા, જો વિર નામ ગુમાવવું;
કીર્તિ હીણા રજપુત બની, જો નામ હાય લજાવવું.
ધિક્કાર છે એ જીવનમાં, એ જીવ હાય જલાવવું.
માટી મહીં માટી બની, હા વિર નામ ગમાવવું;
ચાર દીનની જીંદગીમાં, મોહ તો ધારો નહી,
સત્કાર્યમાં જીવન દઈ, પ્રમાદને બાળો સહી.

* * * *

નહિ રજપુતોનાં લક્ષણો, પેંપેં સમા જ બની જવું,
કરી કીર્તિ અથવા વિરના, કાં સ્વર્ગમાં આખર જવું.
જીવવું જગતમાં અલ્પ પણ, તે કીર્તીથી ભરપુર હો,
લાંબાં જીવન પણ જગતમાંહે, કીર્તી વીણુ તો ધુળ હો.
ધુળ હો ધિક્કાર હો, એ જીવિત જગમાં ગાળવું,
ગૌરવ તજી પોતાતણું, હા વદન નીચું ઘાલવું.
વદન નીચું ઘાલવું ને મ્હેલ માળે મ્હાલવું;
સત્કાર્ય હીન જો જીવિત હા, એ જીવિતને તો બાળવું.

* * * * *

ધિક્કાર છે એ જીંદગી, જો જીંદગી બદનામ છે,
ધિક્કાર છે એ જીંદગી, જો કીર્તિની ના હામ છે;
ધિક્કાર છે એ જીંદગી, જો હૃદયમાં ના રામ છે,
એ જીંદગીનો તો અહા, સ્મશાનમાં વિશ્રામ છે.

પ્રાણ બુલબુલને !

ગઝલ.

અરેરે પ્રાણુ મમ બુલબુલ, નહિ મોહજે તું દશ્યોમાં;
જગતનું સુખ છે ક્ષણુભર, ખરૂં સુખ છે અદશ્યોમાં. ૧
જગ રણુનો તું તો પંથી, જાજે સુમાર્ગની વાટે;
ન્યાળી જ્ઞાન નેત્રોથી, ન ફસતો મોહની ફાંટે. ૨
ફના છે સુખ આલમનાં, ન માલમ શું થશે કાલે;
છતાં મોહાન્ધ થઇને કાં, અરેરે ગર્વમાં મ્હાલે. ૩
હજારો બુલબુલો ઉડી, ગયાં જગ વાડીકા છોડી;
તજી દે ફાની તું માયા, ન આવે સાથ હા કોડી. ૪
કરીને ગાન ઇશ ગુણનું, સદા તું શાન્તિમાં રહેજે;
કરીને શાન્ત જન હૃદયો, મીઠાં કીર્તિ ફળો ગૃહજે. ૫
ફના છે જગતની પ્રીતી, ફના છે ધ્યાન તુજ આતો;
ગૃહી કીર્તિ ફળો ઉડજે, સ્વદેશે ઇશ ગુણ ગાતો. ૬
જીવવું છે અલ્પ તાહરે તો, બનીને પ્રેમમય જીવજે;
નહિ તો ફાની દુનીઆથી, સદા નટવર તું વીસરજે. ૭

ઇશ્કને આવાહન યાને સાચો ઇશ્ક મહા દુર્લભ છે !*

હરિગીત.

અનહદ કળા તાહરી અરે, કળી ના શકે હા વ્યક્તિઓ;
અપ્રતિમતા કરી છે પ્રભાને, અજબ તાહરી શક્તિઓ. ૧
હે વંદના છે પ્રાર્થના, ઓ ઇશ્ક સાચા તુજને;
ઓ ઇશ્ક રશ્મિ નાંખજે, હા ઇશ્કની તું મુજને. ૨

---

* ' ઇશ્કેહકિકી ' સમજવું. ૨. હી. પરમાર.

ઇશ્ક વીણુ જીવન વૃથા, ને ઇશ્ક વીણુ સંસાર શું;
ઇશ્ક વીણુ આ જગતમાં, દુર્લભ વસ્તુ સાર શું. ૩
ઇશ્ક સાચા ઇશ્કીને તું, પ્રેમ જામ પીલાવજે;
ત્રિતાપ મુક્ત કરી અને, રસ પ્રેમમાં રેલાવજે. ૪
દાતા તું દૈવી જીવનનો, નહિ કૃત્રિમ જગતના પ્રેમનો;
નેષ્ટ કૃતી જગ છો કહે, પણ પ્રેમીને તું હેમનો. ૫
તાહરી કૃપાના કીર્ણુથી, જગમાં અમર થઇ કંઇ ગયા;
તાહરી કૃપાના કીર્ણુથી, બીન્દુ તે સીન્ધુ થઇ રહ્યા. ૬
જ્યાં વાસ તાહરો સ્વર્ગ છે, તુજ વીણુ સ્વર્ગ ન કામનું;
ઓ ઇશ્ક સાચા ઇશ્ક તું, દે દાન તાહરા જામનું. ૭
ઇશ્કનાજ પ્રભાવથી, મીરાં મળી શ્રી ઇશને;
ગિરધર પણ હા તુજ પ્રતાપે, પામીયો જગદીશને. ૮
ઇશ્કનાજ પ્રતાપથી, ધ્રુવે અચળ પદ મેળવ્યું;
સગાળશાહે ઇશ્ક સાટે, પુત્ર મસ્તક છેદીયું. ૯
શિવાજી પણ હા ઇશ્કથી, કીર્તિ દીગંત કરી ગયા;
નરવીર દાદાભાઈ પણ, ઇશ્કે ઝઝુમી છે રહ્યા. ૧૦
સત્ય ઇશ્કી જગતમાં, અમર થયા પુજનીય થયા;
નહી નેષ્ટ ચિંતક ઇશ્કીયો, પણ ઇશ ઇશ્કી જે થયા. ૧૧
આ જ્ઞાની દસ્ય મોહનો, છે ઇશ્ક સાચો ના સખે;
અદ્વિતીય ઇશનો ઇશ્ક સાચો, મોહતો ના જ્ઞાની પરે. ૧૨
ઇશ્કથી શક્તિહીણા, જગને ભુલાવી મુકતા;
ઇશ્કથી મહાત્મા જતી, હા ઇશ પદને પામતા. ૧૩
ઇશ્ક સાચા ઇશ્ક મારા, હૃદયમાં આવને;
ત્રિતાપથી નટવર કહે, શાન્તી સુધા રેલાવને. ૧૪

જગતરૂપી થીએટર !

હરીગીત.

શ્રીપતિ મેનેજરે, જગરૂપી થીએટર કર્યું;
સીનો કર્યા કુદરત તણા, રૂતુઓ તણા પડદે ભર્યું. ૧
જાજમ બીછાવી અવનીની, શશી સૂર્યના દીપક કર્યા;
છત બાંધી લીધી નભ તણી, તારાનાં મહી ઝુમખાં ધર્યા. ૨
વાજું બનાવ્યું વખતનું ને, નસીબનાં નરઘાં કર્યાં;
વળી ચીફ એકટર રૂપમાં, નરનારીને માંહે ધર્યાં. ૩
અંકો કર્યા છે ત્રણ મહીં, બાલ્ય તરૂણ જરાતણા;
પ્રવેશ કીધા છે મહીં, હા લખચોરાશી જન્મના. ૪
સત્ર શાસ્ત્ર રેસલ શીખવે, પૂરાણ આપે તાલને;
મનુસ્મૃતી હા શીખવે ખરી એકટીંગ ધરીને વ્હાલને. ૫
પાઠો કર્યા છે વેદના, ને ધર્મની સોટી કરી;
નાયક અને વળી નાયકાને, શીખવે સમજુત કરી. ૬
યમ રાય ને વળી ધર્મરાય, પ્રેક્ષકો તેની મહીં;
તે પ્રેક્ષકોની તીવ્ર દ્રષ્ટી, એકટરો તરફ રહી. ૭
ચોળી સફેદો સત્યનો, ને નીતિનું દર્પણ કરી;
તલ્લીન થા નીજ કાર્યમાં, ખામી તો આવે ના જરી. ૮
રંજન કરી લે પ્રેક્ષકો, સજી હાવભાવ તું ભક્તિના;
નટવર નીતિથી ચાલીને, ઇનામ લેજે મુક્તિના. ૯

શું ત્હારૂં છે ?

ગઝલ કવ્વાલી.

અરેરે માનવી મસ્તાન, વહીને મોહ સરીતામાં,
બની અજ્ઞાન અમારૂં છે, વદે કાં તું શું ત્હારૂં છે? ૧

સુત પીતુ માત ને દારા, અન્ય સ્નેહી જનો ત્હારા,
અન્તે સંગાથી શું ત્હારા? જણાવ સખે શું ત્હારૂં છે? ૨
ગણે જે ત્હારૂં વ્હાલું ધામ—અન્તે જાઉં તજીને તમામ;
દેશે શું અન્તમાં વિશ્રામ, જણાવ પ્રીયે શું ત્હારૂં છે? ૩
ગણે જે દ્રવ્ય તું ત્હારૂં, કરે કુકર્મ તે સારૂ;
સ્મશાને શું વીચરનારૂં? જણાવ પ્રિયે શું ત્હારૂં છે? ૪
ગણે જો તન તું ત્હારૂં, અચળ એ છે શું રહેનારૂં?
થઇ એ ફના ને થાશે રાખ, જણાવ સખે શું ત્હારૂં છે? ૫
બચાવ્યું જે તમે આંહીં, ગુમાવ્યું છે તમે ત્યાંહીં;
અર્પેલું તુજ સાથ જાશે, વદે **નટવર** એ ત્હારૂં છે. ૬

સુખની સરવીસ!

કવ્વાલી.

અરે હા જીવ પ્રવાસી તું ચહે જો સુખની સરવીસ.
સ્પૃહાગ્ની દગ્ધ થઇને તું, ચહે જો સુખની સરવીસ. ૧
હવે તું શાન્ત નો થારે, ધરી લે કર્ણમાં શબ્દો;
હૃદય પટમાં લખી લેજે, ચહે જો સુખની સરવીસ. ૨
ખબર જાહેર શાસ્ત્રોની પઢીને, સાર સત્વર લે;
કરી લે અર્જ ઇશ નૃપને, ચહે જો સુખની સરવીસ. ૩
ભલે સર વીસ કે બાવીસ, પાસેથી મળી હો ના;
નહીં દીલગીર કદી કરશે, ચહે જો સુખની સરવીસ. ૪
લઇ તું જ્ઞાન પ્રીતિને વળી, શ્રદ્ધા તણાં પુષ્પો;
અરપજે ઇશને પ્રેમે, ચહે જો સુખની સરવીસ. ૫
સુદામા ને મીરાંબાઇ, વળી નરસીંહ અને ધ્રુવજી;
જોડાયા આવી સરવીસમાં, ચહે જો સુખની સરવીસ. ૬

દયાહીન ને કદરહીન, જગતમાં શ્રીમંત બહુ વસતા;
ન જોજે મ્લાન મુખ વીનવી, ચહે જો સુખની સરવીસ. ૭
જોડાઈ ઇશ ગુણુ સરવીસમાં, હરનીશ વધતો જા;
સ્તુતી નીંદા ન ધર લક્ષ, ચહે જો સુખની સરવીસ. ૮
પ્રમોશન તો તને તે અર્પશે અદ્રશ્ય સત્તાથી;
બની નિર્ભય તું વીચરજે, ચહે જો સુખની સરવીસ. ૯

દુનીઆં ડાહી કે દીવાની ?

કવ્વાલી.

જીગર મારાને સમજાવો, કે દુનીઆ ડાહી કે દીવાની ?
નારંગી રંગી કુદરતથી, છતાં દુનીઆ કહે ના-રંગી;
કહોજી સત્ય બોલે છે, કે દુનીઆ ડાહી કે દીવાની ? ૧
અરે જો નેત્ર દુખે તો, કહે છે આંખ આવે છે;
વદે ના જાય છે નેંના (તો) દુનીઆ ડાહી કે દીવાની ? ૨
અને અંગુલિ કાપે તે, વદે છે દુનીઆ પાગી;
અરપતી ઘૃત તે વધારી (તો) દુનીઆ ડાહી કે દીવાની ? ૩
મનુજના સ્પર્શે અભડાયે, ઉપાનો સડ ભરે પાણી;
વદે મરજાદ ને ધર્મી (તો) દુનીઆ ડાહી કે દીવાની ? ૪
અરે હા ઘૃત તણા કુલ્લા, રહે ભોજન ગૃહોની માંય;
ઉપાનોને અરે નીન્દે તો, દુનીઆ ડાહી કે દીવાની ? ૫
શીઆળામાં જે સુખ આપે, શીતળતાનું જે દુઃખ કાપે;
વદે છે લોક તેને સાલ, દુનીઆ ડાહી કે દીવાની ? ૬
જતાં હોયે વહુ સાસુ, પુછે કો કોણુની વહુ એ ?
વદે સાસુ એ વહુ માહરી, તો દુનીઆ ડાહી કે દીવાની ? ૭

ૐ

બાલોપયોગી ગ્રંથમાળા.

ગ્રંથ ૧ લો.

જો તમારાં બાળકોને સુશિક્ષિત અને નીતિમાન બનાવવાં હોય તો આ ગ્રંથ જરૂર મંગાવો. આપણી ભાષાંમાં બાલોપયોગી ગ્રંથોની ઘણી ખોટ છે અને તે ખોટ પૂરી દેવાનો અમારો હેતુ છે. અંગ્રેજી, બંગાળી, મરાઠી વગેરે ભાષાઓમાં બાલોપયોગી પુષ્કળ ગ્રંથો છે અને તેનો લાભ તે તે ભાષા જાણનાર બાળકોને મળે છે, પરંતુ આપણાં ગુજરાતી બાળકો આ પ્રકારના ઉત્તમ બોધથી પ્રાયઃ વંચિત રહ્યાં છે. માટે અમે ખાત્રીપૂર્વક કહીએ છીએ કે આ ગ્રંથ ગુજરાતી બાળકોને આશિર્વાદ સમાન થઇ પડશે અને અમે પ્રત્યેક ગૃહસ્થને આ ગ્રંથ ખરીદવાની ભલામણ કરીએ છીએ. કિમ્મત માત્ર છ આના પોસ્ટેજ માફ.

રત્નસિંહ દીપસિંહ પરમાર.

નવાવાસ, દાણાપીઠ,—અમદાવાદ.

અમેરિકાના ગરીબ વિદ્યાર્થીઓ.

પ્રકરણ પહેલું.

વર્તમાનપત્ર વેચનાર છ વર્ષનો બાળક.

હિંદુસ્થાનમાં સામ્પ્રત સમયે શિક્ષણ પ્રસાર માટે સર્વ સ્થળે ક્‌હેવામાં આવે છે. દરેક સ્થળેથી એવો સ્પષ્ટ ધ્વનિ સાંભળવામાં આવે છે કેઃ **જ્યહાં સુધી શિક્ષણનો પ્રસાર સબળપણે નહિ થાય ત્યહાં સુધી આપણા દેશનું કલ્યાણ થવું શક્ય નથી.** આવા પ્રસંગે અન્ય દેશોમાં શિક્ષણ પદ્ધતિની સ્થિતિ કેવી છે? એ સ્હમજવું, અને તેમાંયે અમેરિકાના ગરીબ વિદ્યાર્થીઓ વિદ્યાર્જન કેવી રીતે કરે છે? એ સ્હમજવું અત્યંત જરૂરનું છે. કારણ કે હિન્દુસ્થાન એ એક ગરીબ દેશ છે માટે અમેરિકાના ગરીબ વિદ્યાર્થીઓની માહિતી ભારતના લોકોને અતિશય ઉપયોગી થઇ શકે એમ છે.

આપણા દેશમાં પરાપૂર્વની રૂઢી પ્રમાણે ગરીબ વિદ્યાર્થીઓ ભિક્ષા માગીને ભણતા હતા. એક સમયે કાશીમાં હજારો વિદ્યાર્થીઓ અન્નક્ષેત્રોમાં ભોજન કરી અર્ધ ભૂખ્યા રહી સંસ્કૃત ભાષાનું અધ્યયન કરતા હતા, પરંતુ વિદ્યાધ્યયન પછી દેશની સેવા કરી શકે તેવી ત્હેમની શારીરિક સ્થિતિ નહોતી અને મનની તૈયારી નહોતી. બીજાઓ ઉપર અવલંબીને રહેનાર કિંવા ભિક્ષાવૃત્તિથી વિદ્યાર્જન કરનાર વિદ્યાર્થીઓના હસ્તે દેશનું હિત થવાની શાની આશા હોય? જેઓ પોતાને; પોતાની જાતને પણ સહાય કેમ કરવી તે જાણતા નથી,

પોતાના પગ ઉપર ઉભા રહેવાની જેઓનામાં તાકાત નથી, પોતાનાંજ કાર્યો પોતે કેવી રીતે કરવાં એ જેઓને શિખવવામાં આવતું નથી, એવા દુર્બળ લોકો પાસેથી દેશોન્નતિ સમોવડ મહત્કાર્ય સિદ્ધી પામશે એવી આશા કરવી એ રેતીમાં ભીંત ચણવા સરખું છે.

મનુષ્યનું જીવન એ એક ઘોર યુદ્ધ સમાન છે. એ જીવન યુદ્ધમાં આપણે જાતેજ ઝુઝતાં અને મરતાં શિખીએ ત્હારેજ આપણાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બળ વધે છે. જેઓ પોતાને ઉપયોગી યુદ્ધ અન્ય પાસે લઢાવે છે, જેઓ પોતાનાં કાર્યો બીજા ઉપર અવલંબી રાખી તેઓની રાહ જુવે છે, તેઓ બીકણ અને માનસિક વ્યાધિથી ઘેરાએલા બને છે–હોય છે.

આપણા વિદ્યાર્થીઓને સ્વાલંબન કરતાં શિખવવામાં આવતું નથી, તેથીજ આજે સમગ્ર ભારતીય પ્રજા પોતાના પગ ઉપર ઉભી રહી શકતી નથી. આપણા દૈનિક વ્યવહારમાં ઘણો સામાન બહારથી આવેલો હોય છે, આપણાં પોતાનાંજ કાર્યો કરવા માટે પણ આપણે અન્યના મ્હોં ભણી જોઇ રહેવું પડે છે, આપણામાં કાંઇ પણ મનુષ્યત્વ રહ્યું નથી, સાધારણ કાર્યોમાં પણ આપણે અન્યને કરગરવું પડે છે. આપણા આ દૌર્બલ્યનું કારણ એ છે કે આપણને આરંભમાંથી સ્વાવલંબનનો પાઠ શિખવવામાં આવતોજ નથી. આપણા ઉપર કોઇ કઠિન પ્રસંગ આવી પહોંચે તે વખતે આપણને કંઇ સુઝતું નથી, આપણે લગભગ ગભરાઇ જઇએ છીએ.

ગયા ઉન્હાળાના દિવસોમાં હું મ્હારા એક સ્નેહીને મળવા માટે બજનોર જીલ્લાના રામપૂર નામક ગામમાં ગયો હતો. અમે હાથી ઉપર બેસીને રામગંગાના કિનારાની બાજુએ ફરવા ગયા હતા. આ વરસે વરસાદ બરાબર પડયો નહોતો, અને ગરીબ બિચારા ખેડૂતો ન્હાની ન્હાની ડોલોમાં પાણી ભરી જઇ ખેતરોને પાતા હતા. આવી

સ્થિતિ નિહાળી મ્હને પુષ્કળ દયા આવી. અમેરિકામાં આવી દુઃખદ અવસ્થા કદીએ નજરે પડતી નથી. પાસેજ આવડી મોટી નદી વહેતી હોવા છતાં કિનારા ઉપરનો પાક પાણી વિના બળી જતો હોય એ કેટલા બધા આશ્ચર્યની વાત! આનું કારણ સ્પષ્ટ છે. આપણા દેશમાં લોકો પોતાની બુદ્ધિનો યથાર્થ ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા નથી–શીખ્યાજ નથી. એકાદ વિકટ પ્રસંગ પ્રાપ્ત થયો કે તેઓ પ્રારબ્ધ ઉપર ભરોંસો રાખીને સ્વસ્થ રહે છે. ભારતવર્ષમાં આટલા બધા પહાડ, પર્વત, નદી, નાળાં હોવા છતાં ખેતીની આવી નિકૃષ્ટ અવસ્થા થવાનું કારણ એજ છે. લોકોને યંત્રના ઉપયોગની માહિતી નથી. અમેરિકામાં પંપની સહાયથી એકદમ હજારો વિઘાં જમીનને પાણી પુરૂં પાડવામાં આવે છે, તેથીજ ત્હાંની પ્રજા ઉદ્યમશીલ, સાહસી અને સ્વાવલંબી હોય છે. આપણા લોકો એથી ઉલટા છે, તેઓ ઇશ્વરે આપેલી પોતાની બુદ્ધિનો બિલકુલ ઉપયોગ કરતાજ નથી. પ્રાચીન સમયથી ચાલતી આવેલી રૂઢી પ્રમાણે, એટલે આપણને બતાવવામાં આવેલા પંથેજ આપણે પગલાં ભરીએ છીએ, તેમાં સુધારણા કરવાનું નામ પણ આપણે લેતા નથી. નિશાળના શિક્ષકો પણ સંપૂર્ણ રીતે જાણે છે કેઃ જે વિદ્યાર્થી પોતાના પ્રશ્નોનો જાતે ઉત્તર ન આપતાં બીજા વિદ્યાર્થીની નકલ કરે છે તે છેવટે ઠોઠ નીવડે છે, ત્હેની બુદ્ધિ વધતી નથી, ત્હેના આચાર સુધરતા નથી, ત્હેનામાં મનુષ્યત્વ આવતુંજ નથી. આપણે આપણા બાળકોને એવું શિક્ષણ આપીએ છીએ કે તેઓની સઘળી આશાઓ ભિક્ષાવૃત્તિ ઉપરજ રહે છે. આ બાબત વધુ સ્પષ્ટ કરવા હું અમેરિકાના એક છોકરાનું દૃષ્ટાન્ત આપીશ.

સ્વામી સત્યદેવ કહે છે કેઃ શિકાગો નામક અમેરિકાના ગામમાં હું એક સમયે પોસ્ટ ઑફિસમાં પત્ર લાવવા માટે ગયો હતો. ચાલ

ફરતાં એક છ વયના બાળકને મ્હેં રસ્તામાં વર્તમાનપત્ર વેચતો જોયો. હું જેવો ત્હેની બાજુમાંથી નીકળ્યો તેવો તે બાળક બોલ્યો:

"સાહેબ! આપ આ વર્તમાનપત્ર ખરીદશો?"

"ના. મને વર્તમાન પત્રની જરૂર નથી," મ્હેં મ્હોંમેથી ઉત્તર આપ્યો.

તે બાળક મધુર સ્વરે બોલ્યો: "માત્ર એક પૈસો, વધુ નહિ!"

"નહિ. મ્હારે વર્તમાનપત્ર જોઇતું નથી." મ્હેં પુનઃ કહ્યું.

આમ છતાંએ તે બાળકે કહ્યું: "કૃપા કરીને ખરીદો. એક પૈસો કંઇ વધારે રકમ નથી." તે બાળકે આ પ્રમાણે આગ્રહ કરવાથી મ્હેં ખીસામાંથી એક પૈસો કાઢી વર્તમાનપત્ર ખરીદ્યું, અને પેલા બાળકને પૂછ્યું: "ભાઇ! ત્હારો બાપ ઘણો ગરીબ છે?"

આ પ્રશ્નથી તે બાળકે અત્યંત આશ્ચર્ય પામી મ્હારા સામું જોયું અને બોલ્યો:

"આપ એમ કેમ પૂછો છો?"

"કારણ કે તું વર્ત્તમાનપત્ર વેચે છે," મ્હેં કહ્યું.

"શું વર્ત્તમાનપત્ર વેચનારા લોકો ગરીબ હોય છે?" તે બાળક બોલ્યો.

હું હસીને બોલ્યો, "એમ નહિ. મ્હારા કહેવાનો ભાવાર્થ એવો છે કે ત્હારી વય આટલી બધી ન્હાની છે, અને તું અત્યારથીજ વર્તમાનપત્રો વેચીને પૈસા મેળવવા લાગ્યો છે."

અત્યંત દુઃખથી તે બાળકે મ્હારા ચ્હેરા સામું જોયું અને અત્યંત આવેશથી તે બોલ્યો:

"અહો મિસ્તર! મ્હારો બાપ ગરીબ નથી, પરંતુ બાપના આશ્રય ઉપર અવલંબી રહેતાં મ્હને આવડતું નથી. આ મ્હેં પહેરેલાં વસ્ત્રો મ્હારા કમાએલા પૈસામાંથી ખરીદ્યાં છે, અને હું જે ખર્ચું

કરૂં છું તે સઘળું હું ઉદ્યોગ કરીને મેળવું છું. બેંકમાં મ્હારા પાંચ ડૉલર* જમા છે."

એ બાળકના આ શબ્દોએ મ્હારા મન ઉપર અત્યંત અસર કરી. મ્હેં મ્હારા મનમાં વિચાર કીધો કે: અમેરિકાનો છ વર્ષનો બાળક સ્વતંત્ર રીતે પોતાનું જીવન ગાળે છે, ત્હેને કશાનીએ પર્વા નથી. તે મનુષ્ય છે, ઇશ્વિરે ત્હેને હાથ, પગ આપ્યા છે અને તેનો ઉપયોગ કેમ કરવો એ તે જાણે છે. અમેરિકા પ્રમાણેજ હિન્દુસ્થાન પણ એક દેશ છે કિન્તુ આ દેશના છ વર્ષના બાળકને પોતાનું મ્હોં ધોવાનું વા નાક નસીકવાનું પણ જ્ઞાન હોતું નથી. અહિં તો છ વર્ષનો બાળક હો કે શાળા કિંવા કૉલેજમાં વિદ્યાભ્યાસ કરતો પ્રૌઢ વિદ્યાર્થી હો, તે સર્વ પોતાના માબાપ ઉપર અથવા આમ જનો ઉપર અવલંબી રહીને વિદ્યાભ્યાસ કરે છે, અને જો એકાદ મહિનો ત્હેમને ખર્ચના પૈસા ન મળ્યા તો ત્હેમનું લખવું, વાંચવું અને ત્હેમનો સર્વ અભ્યાસ બંધ થાય છે. માબાપની બાળકને શિક્ષણ આપવાની શક્તિ ન હોય તો તે અભણજ રહે છે. ભારતવર્ષમાં જો કોઇ વધુમાં વધુ કંઇ કરી શકે તો માત્ર ભિક્ષાજદેહી! આનું પરિણામ એ થાય છે કે આપણને આપણા આયુષ્યમાં જીવન સંગ્રામની તૈયારી કરવાનો સમય પ્રાપ્ત થતો નથી, આપણો આપણા પોતાના ઉપરજ વિશ્વાસ નથી હોતો એટલુંજ નહિ કિન્તુ આપણા હસ્તે કંઈ કાર્ય થઇ શકશે એમ પણ આપણને વિશ્વાસ હોતો નથી. કારણ કે પોતાનાં કાર્યો પોતાનાજ હાથે કરવાની રીત કિંવા સગવડ કેવી રીતે કરવી તે આપણે શિખતાજ નથી.

---

* ત્રણ રૂપિયા બે આનાની કિંમતનો અમેરિકામાં ચાલતો સિક્કો.

પ્રકરણ બીજું.

ડોરાન.

સ્વામી સત્યદેવ કહે છે કેઃ જ્યહારે હું ચિકાગોના વિશ્વવિદ્યાલયમાં શિખતો હતો ત્યહારે ત્યહાં ડોરાન નામક એક વિદ્યાર્થી શિખવા માટે આવ્યો ત્હેની પાસે ફક્ત બાર આનાના પૈસા હતા. ચિકાગો એવું ખર્ચાળ શહેર છે કે ત્યહાં ચાર આના ખર્ચવા જતાં રૂપિઓ ખર્ચાઇ જાય. એક પાઉં (ડબલ રોટી) ના અઢી આના પડે છે, આઠ આના સિવાય હજામત થતી નથી અને જો બાલ કાપવાના હોય તો ઓછામાં ઓછો દોઢ રૂપિઓ જોઇએજ. આવા શહેરમાં માત્ર બાર આનાના પૈસા લઇને ડોરાન વિદ્યાભ્યાસ કરવા આવ્યો હતો. અમેરિકાના વિશ્વવિદ્યાલયોમાં નોકરી વા કામ આપવાનું એક ખાતું હોય છે તેને Employment Bureau કહે છે. ડોરાને ત્યહાં જઇને તપાસ કરી. તે ખાતાના અધિકારીએ ત્હેને કહ્યુંઃ "એંઠાં વાસણ માંજવાનું કામ તું કરીશ ?"

ડોરાન એક ચાલાક છોકરો હતો. ત્હેણે તુરતજ ઉત્તર આપ્યોઃ "મ્હને આપ ફરમાવશો તે ગમે તેવું કામ કરવા હું તૈયાર છું." આથી પેલો અધિકારી પ્રસન્ન થયો અને ડોરાનની પીઠ થાબડી. તે દિવસથી માસિક સાઠ રૂપિઆનો પગાર અને ખાવા પીવા સાથે ડોરાન એંઠાં વાસણ માંજવાની નોકરીમાં જોડાયો. આ વીર બાળક ચિકાગોના વિશ્વવિદ્યાલયમાં ચાર વર્ષ પર્યન્ત રહ્યો, પરંતુ ઘેરથી ત્હેણે એક પાઈ પણ મંગાવી નહિ. પોતાના હાથે મજુરી કરી ઘણાં કષ્ટ સહીને ત્હેણે પોતાનો વિદ્યાભ્યાસ પૂરો કર્યો અને બિ. એ. ની પદવી પ્રાપ્ત કરી પોતાના ઘેર ગયો.

ડોરાન અને ભારતવર્ષના તરૂણ વિદ્યાર્થીઓ વચ્ચે કેટલું બધું અંતર છે? એ વિચારવા જેવું છે. ચાર વર્ષના પરિશ્રમથી ડોરાન મનુષ્ય, મર્દ બન્યો.

પોતાનો નિર્વાહ પોતાની હિમ્મત ઉપર કેવી રીતે કરવો એની તેને સમ્પૂર્ણ ખબર પડી. મહેનત અને મજુરીને લીધે હેના હાથ પગ મજબુત તથા શરીર પુષ્ટ અને સુન્દર બન્યું. સ્વાવલંબન ઉપર ચાલનાર તે તરૂણ સંસારના કઠિન પ્રસંગો માટે બેપર્વા બન્યો. ગમે તેવા સંકટમાં પણ એને ડર લાગતો નહિ. અલમસ્ત મલ્લની માફક સર્વ પ્રકારનાં દુઃખો સાથે કુસ્તી ખેલવા તે તૈયાર બન્યો હતો.

આપણા યુવાન વિદ્યાર્થીઓ નિશાળો વા કૉલેજોમાંથી શિક્ષણ લઇને બહાર નીકળ્યા કે પોતાનાં માબાપના આશ્રય નીચે જાય છે અને તેઓના ઉપર અવલંબિને રહે છે. તેઓને પોતાનું પોષણ સ્વાશ્રયીપણે કરતાં આવડતું નથી, નોકરી માટે તેઓ કોઇની સાથે ફરે છે, કોઇની ખુશામદ કરે છે, કોઇને કાલાવાલા કરે છે વા કોઇનો અત્યંત આજ્ઞાધારક નોકર બને છે, એવી રીતે તે નોકરીની શોધ કરે છે. આમ કરતાંયે ઘણાઓના પ્રયત્ન સફળ થતા નથી. પ્રથમતો કૉલેજમાં ભણતાંજ પોતાના માબાપો ઉપર ઋણનો બોજો લાદીને તેઓ વિદ્યાભ્યાસ કરે છે, અને શિખી બહાર નીકળ્યા પછી તેઓને સ્વતંત્રપણે પોતાનો નિર્વાહ કરતાં આવડતું નથી. તેઓનાં શરીર દુર્બળ, નેત્ર કમકૌવત અને શરીર વ્યાધિગ્રસ્ત હોય છે. આપણા દેશના અને અમેરિકાના તરૂણ વિદ્યાર્થીઓ વચ્ચે કેટલો બધો તફાવત હોય છે?

ચિકાગોમાં હું સને ૧૯૦૬ ના જુન માસમાં પહોંચ્યો ત્યારે મ્હારી પાસે હોક્સો રૂપિઆ હતા. ત્હાં ગયો કે તુરતજ હું વિશ્વવિદ્યાલયમાં દાખલ થયો ને અભ્યાસ શરૂ કર્યો. ચિકાગોના વિશ્વવિદ્યા-

અયમાં ક્વાર્ટર સિસ્ટમ–ત્રણ માસની પદ્ધતી છે. પ્રત્યેક ત્રણ માસે ટાઇમટેબલ–વખત પત્રક બદલાય છે. ત્રણમહિના ચાલે એટલી રકમ મ્હારી પાસે હતી, તેથી બેફિકર થઇને હું મ્હારા કામે લાગ્યો. વિશ્વવિદ્યાલયની ફી દરવર્ષે સાડા ચારસો રૂપિઆ હોય છે. પરંતુ વિશ્વવિદ્યાલયના પ્રેસીડેન્ટની કૃપાથી મ્હારી ફી માફ થઇ. મ્હેં મ્હારૂં કાર્ય દોઢસો રૂપિઆથી શરૂ કર્યું ખરૂં, કિન્તુ એ રકમ થઇ રહ્યા પછી હું મ્હારો નિર્વાહ કેમ કરીશ? એ માટે મ્હેં કંઇ પણ વિચાર કર્યો નહિ. ભારતીય સંસ્કારને લીધે હું તો પ્રારબ્ધના ભરોસે રહ્યો. મનમાં ધાર્યું કે આ રૂપિઆ ખલાસ થશે એટલામાં પ્રભુ કોઇ પણ રીતે સહાય કરશે! આમ ધારી કંઇ પણ ઉદ્યોગ વગર સ્વસ્થ રહ્યો. સમયને જતાં શી વાર? ત્રણ માસ થવા આવ્યા અને રૂપિઆ પણ પૂરા થવા આવ્યા. હવે હું અહિં તહિં ફરીને લોકો પાસે નોકરીની શોધ કરવા લાગ્યો, પરંતુ કાંઇ પત્તો લાગ્યો નહિ.

એક દિવસે મ્હારા એક મિત્રે નોકરી અપાવનાર ખાતામાં જઇને તપાસ કરવાની મ્હને સલાહ આપી. ત્હેના કહેવાથી હું તે ખાતાના અધ્યક્ષ પાસે ગયો અને નોકરીને માટે માગણી કરી. મ્હને જોઇને ત્હેણે કહ્યું: "તમે એંઠાં વાસણ સાફ કરવાનું કાર્ય કરશો?"

આ શબ્દો મ્હારા કર્ણમાં વજ્ર સમાન લાગ્યા. હું ઓચી પંપાળતો મનમાં વિચારવા લાગ્યો કે: મ્હારા વંશમાં કોઇએ પણ આવું કામ કર્યું નથી. આમ ઉત્તર આપ્યા વિના હું વિચાર કરતો હતો તે જોઇને અધ્યક્ષ હસીને બોલ્યા:

"ત્હમારા દેશમાં વાસણ માંજનાર લોકોની જાત જૂદી છે?"

મ્હેં ધીમેથી કહ્યું: "હાજી."

"ત્હમારે હવે અમેરિકામાં તો સર્વ પ્રકારની મજુરી ઉપર–કામ ઉપર પ્રેમ કરતાં શિખવું જોઇએ."

હું કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યા વિના મ્હારી ઓરડીમાં પાછો આવ્યો. ત્યાર પછી બે દિવસ સુધી કોઈએ મ્હારી ખબરખબર લીધી નહિ. મ્હારા પેટમાં તો બિલાડાં બોલતાં હતાં, આથી હું પુનઃ તે અધ્યક્ષ પાસે ગયો. મ્હને જોઈને તેઓ કિંચિત્ હસ્યા. મ્હેં ફરીને જ્યારે નોકરી માટે પૂછ્યું ત્ય્હારે ત્હેમણે અત્યંત પ્રેમથી મજુરીનું મહત્વ મ્હને સમજાવ્યું અને રસોડામાં કામ કરવા મ્હને મોકલ્યો.

પ્રકરણ ત્રીજું.

વ્યાવહારિક ધર્મની દીક્ષા.

સાયંકાળનો સમય હતો. લોકો ઉતાવળે પગલે વીશી તરફ જતા હતા. વીશાની માલેક બાઈ દરેક કામની જાતે દેખરેખ રાખતી હતી. રસોડાની પાસેની એક ન્હાની કોટડીમાં એક ન્હાનો હોજ હતો, તેમાં એક ઠંડા અને એક ગરમ પાણીનો એમ બે નળ મૂકયા હતા, તેની પાસેજ વાસણ ધોવા માટે એક ઉચી જગા બનાવી હતી, હું ત્યહાં ઉભો રહીને વાસણ ધોતો હતો. નોકર લોકો વાસણ લાવીને ત્યહાં મૂકતા હતા. એક મોટા વાસણમાં સાબુનું ગરમ પાણી ભર્યું હતું તેમાં દરેક વાસણ બીજવી, પછીથી સાફ કરીને મ્હેં બહાર મૂક્યાં, બાજુમાંજ એક ગરમ પાણીથી ભરેલું બીજું વાસણ હતું તેમાં પુનઃ તે વાસણ વીછળીને સાફ કર્યા બાદ કપડાથી લુછીને મ્હેં તે વાસણો કબાટમાં ગોઠવ્યાં.

એ સન્ધ્યાકાળ હું કદીએ વીસરી શકીશ નહિ ! તેજ દિવસે મ્હેં વ્યાવહારિક ધર્મની શાળામાં પ્રવેશ કર્યો, મ્હારાં નયનો ઉઘડયાં.

મ્હને સમજાવવા લાગ્યું કે: કેવળ મ્હોંઢેથી ધર્મ ધર્મ એમ બૂમ મારવાથી કોઇ ધાર્મિક બની જતો નથી, પરંતુ ધર્મનો સંબંધ મનુષ્યના વ્યવહાર અને જીવનની સાથે છે. ગમે તેવી જાતની મજુરી હોય પરંતુ જો તે વિશ્વાસપૂર્વક કરવામાં આવે તો તે મજુરી કરનાર નીચો, હલકો થતો નથી, પરંતુ જે લોકો બીજાઓએ મેળવેલ ધન ઉડાવી દે છે અને પોતાને ઉચ્ચ વર્ણના સમજે છે તેજ ખરેખર નીચ છે. વાસણ માંજનાર મજુરને જેઓ નીચા સમજે છે તે લોક નિર્લજ્જ છે. મહેનત વા મજુરી કોઈ પણ મનુષ્યને નીચ બનાવતી નથી, કિન્તુ જેનું અંતઃકરણ મલિન છે, જેને હું મ્હોટો છું એવું અભિમાન છે, જે ઈશ્વરના બાળકોને અસ્પર્શ્ય સમજે છે તેજ નીચ છે.

હું એ સન્ધ્યા સમયને કદીએ ભૂલીશ નહિ! એજ સન્ધ્યાકાળે હું મજુરીનું ખરૂં મહત્વ સમજ્યો, અને મ્હારા મનમાંનો ઉચ્ચ વર્ણનો ખોટો અભિમાન મ્હેં દૂર કર્યો. મ્હારા દેશના મજૂર લોકો ઉપર મ્હને પ્રેમ ઉત્પન્ન થયો, અને ત્હેમના કલ્યાણ માટે યથાશક્તિ પ્રયત્ન કરવાની મ્હેં પ્રભુ સન્મુખ પ્રતિજ્ઞા કરી.

ચાર પાંચ દિવસ પછી મ્હારા અધ્યાપકે મ્હને પુસ્તકાલયનું કામ સોંપ્યું. ત્યાં મ્હારે કબાટમાંથી પુસ્તકો બહાર કાઢવાં, તેના ઉપરથી ધૂળ ઝાટકી નાખવી, કપડાથી સાફ કરી પુનઃ એ પુસ્તકોને કબાટમાં ગોઠવવાનું કામ કરવાનું હતું. આ મજુરીના બદલામાં મ્હને રોજના સાડાસાત રૂપિયા મળતા. મ્હેં આ કામ દશ દિવસ કર્યું અને ત્યાર બાદ મ્હારો નિર્વાહ ચાલવા લાગ્યો. અહિં એ લક્ષમાં રાખવાનું છે કે જ્યારે મ્હેં પ્રથમ કંઈ પણ કામ કર્યું નહોતું ત્યારે અધ્યાપકે મ્હને બીજાં કામ કદી પણ સોંપ્યાં નહોતાં.

અમેરિકાના લોકો મજુરીનું મહત્વ જાણે છે અને મજુરીને જેઓ નિંઘ ગણે છે તેઓ અતિ પાપી છે એમ તેઓ સમજે છે. હેમની એ સમજણ સત્ય છે. કારણ કે જે યાંઇ ધન પેદા થાય છે તે સર્વ મજુરીથીજ થાય છે. જે દેશમાં મજુરીને નિંઘ માનવામાં આવે છે તે દેશના લોકો વ્યવસાયી, ઉદ્યોગી કિંવા સાહસી થઇ શકતા નથી. **અમેરિકાની ઉન્નતિનું મુખ્ય કારણ એ છે કે તે દેશમાં મજુરીને હલકી ગણવામાં આવતી નથી. પ્રભુએ કામ કરવા માટે આપેલા કામ કરવાથી કદીએ ખરાબ કે હલકા બનતા નથી એટલુંજ નહિ પરંતુ એથી તો તે ઉલટા મજબૂત અને ડોળદાર બને છે. આપણા દેશમાં મજુરીને નિંઘ માનવામાં આવે છે, એજ આપણા દેશની અવનતિનું કારણ છે.**

અમેરિકાનાં વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જૂદી જૂદી જાતનાં કામ કરીને પૈસા મેળવે છે. આ વિદ્યાર્થીઓ ઘણું કરીને ઘર ગરમ રાખવાનું કાર્ય કરે છે.

અમેરિકા એ ઠંડો દેશ છે, શિયાળાના દિવસોમાં ત્હાં પુષ્કળ બરફ પડે છે. આ વખતે સખ્ત ઠંડી પડતી હોય છે તેમાંથી રક્ષણ કરવા માટે દરેક ઇમારતના નીચે ભોંયરાઓમાં ભઠ્ઠીઓ સળગાવવામાં આવે છે, અને તેના વડે ઘરને ગરમ કરવામાં આવે છે. એકદા મ્હેં પણ આવું કામ કર્યું હતું. ઘરના નીચેના ભોંયરામાં એક મોટી ભઠ્ઠી હોય છે, તેની બાજુમાંજ કોલસા હોય છે. પ્રાતઃકાળે પાંચ વાગ્યાથીજ તે ભઠ્ઠી સળગાવવી પડે છે, એ ભઠ્ઠીમાં મોટા મોટા નળ હોય છે અને તેનો સંબંધ ઘરમાંની દરેકે દરેક કોટડીઓ સાથે જોડેલો હોય છે. ભઠ્ઠી આગળ હવા લેવા માટે એક મોટું છિદ્ર હોય છે તેમાં થઇને બહારની ઠંડી હવા અંદર પ્રવેશે છે અને ગરમ થઇને નળ દ્વારા દરેક ખંડમાં પહોંચે છે અને પ્રત્યેક ખંડમાં એક સરખી ગરમી

પૂરી પાડે છે. બહાર ગમે તેટલો બરફ પડતો હોય છતાં ઘરની અંદર માણસ કપડાં કાઢીને બેસી શકે છે. આમ બે ત્રણ કલાક કામ કરી વિદ્યાર્થી પોતાના રહેવાનું તથા ખાવા પીવાનું ખર્ચ કાઢી શકે છે. કેટલાક ઘરોમાં તેઓ સાફસુફ કરવા પણ રહે છે.

આ સિવાય વિદ્યાર્થીઓ બીજાં પણ પુષ્કળ કામો કરે છે. પુષ્કળ વિદ્યાર્થીઓ દર શનિવારે મોટી મોટી દુકાનોમાં ગુમાસ્તાનાં કામ કરે છે. શનિવારે દુકાનોમાં ઘણી ગર્દી હોય છે, તેથી તે દિવસ મજુર લોકોને મ્હોં માગ્યાં નાણાં મળે છે, તથા દુકાનદારોને કામ કરનાર લોકોની જરૂર પડે છે. આવી રીતે એક દિવસ કામ કરીને એક વિદ્યાર્થી નવ દશ રૂપિઆ કમાય છે. આ મુજબ તેઓ મહિનાના ચાર શનિવાર કામ કરે છે. ઘણાક વિદ્યાર્થીઓ રેલ્વે કંપનીમાં કામ કરે છે, વળી કેટલાક જાહેરાતો અને હસ્તપત્રિકાઓ વહેંચીને પૈસા પ્રાપ્ત કરે છે. ધારો કે એક મનુષ્યે કાપડની નવીન દુકાન ઉઘાડી છે અને તેહેને પોતાની જાહેરખબર વહેંચાવવી છે; ત્યારે તેઓ વિદ્યાર્થીઓને આવું કામ સોંપે છે. દિવસના છ રૂપિઆ લેખે વિદ્યાર્થી શનિવારે અને રવિવારે વખત મેળવીને કામ કરે છે. જાહેરાત લઇને તેઓ ઘરેઘર ફરે છે અને પ્રત્યેક ગૃહમન્દિરની પત્રપેટીમાં એક એક જાહેરાત મૂકે છે, આ રીતે નવીન દુકાનદાર પોતાની ખબર દરેક માણસને પહોંચાડી શકે છે. આ સિવાય કેટલાક વિદ્યાર્થીઓ કચેરીમાં કારકુનનું કામ કરે છે ત્હાં ચાર પાંચ કલાક કામ કરી મહિને ઓછામાં ઓછા પચીસ ત્રીસ ડાલર કમાઇ શકે છે. વળી કેટલાક ટાઇપ રાઇટીંગ યંત્ર ખરિદી તેના ઉપર કામ કરી પૈસા મેળવે છે. આ પ્રમાણે ગમે તે પ્રકારનાં ન્હાનાં મ્હોટાં કામ કરીને વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ પોતાના નિર્વાહ પુરતા ખર્ચના પૈસા મેળવીને પોતાનો વિદ્યાભ્યાસ કરે છે.

પ્રકરણ ચોથું.

અમેરિકાની શિક્ષણ વ્યવસ્થા.

અમેરિકામાં શિક્ષણ સંબન્ધમાં કેવા પ્રકારની સગવડો છે તે કહેવું હવે જરૂરનું છે. ત્હાં પ્રત્યેક સંસ્થાનની સરકારે એક મોટું વિશ્વવિદ્યાલય અને એક કૃષિવિદ્યાલય ઉઘાડેલાં હોય છે. કોઈ કોઈ સંસ્થાનમાં તો એકાદ વધુ વિશ્વવિદ્યાલય પણ હોય છે અને ત્હાં વિદ્યાર્થીઓ સાહિત્ય, ભૌતિકશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર આદિ વિષયોનું અધ્યયન કરે છે.

આવી જાતનાં વિશ્વવિદ્યાલયોમાં ઘણીજ થોડી ફી લેવામાં આવે છે, છતાં પણ દરેકને ઉચ્ચકોટિનું શિક્ષણ આપવામાં આવે છે. પ્રત્યેક વિદ્યાલયમાં લાખો રૂપિઆના ખર્ચે શિક્ષણવિષયક સર્વ સામગ્રીનું સંગ્રહસ્થાન રાખેલું હોય છે. સંસ્થાનનાં વિદ્યાલયોમાં પ્રત્યેક છ છ માસની પદ્ધતી પ્રમાણે સમયના વિભાગ કરેલા હોય છે.

વિશ્વવિદ્યાલયનું વર્ષ સપ્ટેમ્બર માસથી શરૂ થાય છે. અને જાન્યુઆરીની આખરે અર્ધા વર્ષનું શિક્ષણ પૂર્ણ થાય છે. વિદ્યાર્થીઓને જે જે વિષયો શિખવવાના હોય તે તે વિષય સહુ સહુની રૂચિ પ્રમાણે શિખવવામાં આવે છે. અર્ધા વર્ષ બાદ વિશ્વવિદ્યાલય છોડવું હોય તો તેમ કરવામાં ત્હેને પ્રતિબંધ હોતો નથી કારણ કે ઘણાક વિદ્યાર્થીઓ પોતાના બાહુબળ વડે ધન મેળવીને વિદ્યા મેળવતા હોય છે. તેથી ત્હેમની પાસે પૈસા પુરા થયા કે વિદ્યાલય છોડવુંજ પડે. ત્યાં પ્રવેશ પરિક્ષા (matric) સુધી દરેકને મફત શિક્ષણ મળે છે પરંતુ વિશ્વવિદ્યાલયમાં ફી આપવી પડે છે; તદપિ તે એટલી બધી ભારે નથી હોતી કે જેથી કરીને વિદ્યાર્થીના શિક્ષણમાં વાંધો આવે.

આ દેશને 'યુનાઇટેડ સ્ટેટસ ઑાફ અમેરિકા'–અમેરિકાનાં સંયુક્ત સંસ્થાન કહે છે. આ સંસ્થાન સુમારે તેર ચૌદ છે. પ્રત્યેક સંસ્થાનનાં વિશ્વવિદ્યાલયો પોતપોતાના વિદ્યાર્થીઓ માટે વધુને વધુ સવડતા કરે છે. તેઓનો સિદ્ધાંત એવો છે કે: કોઇપણ બાળક વા બાળકી શિક્ષણ મેળવ્યા વિના રહે નહિ.

સંસ્થાનોની શિક્ષણ પદ્ધતી કેવી છે તે અમે જોઈ. હવે અમેરિકાના ધનિક લોકોની કીર્ત્તિ સાંભળો; અમેરિકાના શ્રીમંત લોકોએ પણ પોતાના ખર્ચે મોટાં મોટાં વિશ્વવિદ્યાલયો સ્થાપ્યાં છે. તેમાં હારવર્ડ, કોલમ્બિયા, ચિકાગો, જહૉનહાપકીન્સ, યેલ અને સ્ટાફર્ડએ સુપ્રસિદ્ધ છે. આ વિદ્યાલયોમાં ફી વધારે હોય છે, પરંતુ ગરીબ વિદ્યાર્થીઓની ફી માફ થઇ શકે છે.

અમેરિકામાં દરેક મોટા શહેરમાં રાત્રિશાળા–Night School હોય છે ત્હાં મજુર લોકો રાતે આવીને વિદ્યાધ્યયન કરે છે. કેટલેક સ્થળે ઔદ્યોગિક સંસ્થા–ટેકનીકલ્ કૉલેજો–કિંવા યુનિવ્હર્સિટીઓ સ્થાપન થએલી છે અને ત્હાં થોડા ખર્ચે વિદ્યાર્થીઓ કળાકૌશલ્યમાં નૈપુણ્ય મેળવે છે. કૉર્નેચીનું પ્રસિદ્ધ વિશ્વવિદ્યાલય થોડી ફી લઇને વિદ્યાર્થીઓને કળાકૌશલ્ય શિખવે છે.

અમેરિકાનાં વિશ્વવિદ્યાલયોમાં વયોવૃદ્ધ વિદ્યાર્થીઓ પણ વિદ્યાનો લાભ લે છે. ચિકાગોના વિશ્વવિદ્યાલયમાં એક પચાસ વર્ષનો વિદ્યાર્થી એમ. એ. ની પરીક્ષાની તૈયારી કરતો હતો, તથા તેની સાથે ત્હેની સ્ત્રી પણ શિખતી હતી. વળી કેટલાક માણસો જે વિષયમાં કાચા હોય તેજ વિષયના ખાસ વિદ્યાર્થી બનીને તેઓ તે વિષય પૂર્ણ કરે છે. કહેવાનું તાત્પર્ય એટલુંજ કે: અમેરિકાની પ્રજા શિક્ષણનું મહત્વ અતિશય સારી રીતે સમજી છે. સર્વે સાધારણ લોકોમાં જેટલો બની શકે તેટલો શિક્ષણનો પ્રચાર કરવો એજ ત્યાંના લોકનો પ્રયત્ન છે.

હવે અમેરિકાની પરીક્ષાની હકિકતઃ

જે જે વિશ્વવિદ્યાલયોમાં ત્રણ ત્રણ મહિનાની ટર્મ હોય છે, ત્હેમાં ત્રણ મહિના બાદ પરીક્ષા થાય છે, તે પરીક્ષા પ્રમાણે વિદ્યાર્થીઓને નંબર મળે છે. જે વિદ્યાર્થી પાસે આખા વરસના ખર્ચ જેટલાં નાણાં ન હોય તે ત્રણ મહિનાનો વિદ્યાભ્યાસ સંપૂર્ણ કરીને પરીક્ષા આપે છે અને પછી ચાલ્યા જાય છે, વળી પૈસા મેળવીને ફરીને દાખલ થાય છે અને પોતાનો અભ્યાસ શરૂ કરે છે. આવી રીતે ઉઠી ગએલા વિદ્યાર્થીઓ એક વરસ પછી આવે ત્યાં સુધી ચાલે છે. આથી પુરતા પૈસા ન હોવાથી કેટલાકોને ડીગ્રી—પદવી—મેળવતાં ૭ સાત વર્ષ થાય છે. જે વિશ્વવિદ્યાલયમાં ત્રણ મહિનાની ટર્મ નથી હોતી તેમાં ૭ મહિના પછી પરીક્ષા થાય છે. પરીક્ષામાં જો કોઈ વિદ્યાર્થી એકાદ વિષયમાં નાપાસ થાય તો મહિના દોઢ મહિના બાદ તે વિષયની પુનઃ પરીક્ષા લેવામાં આવે છે: પરંતુ જો કોઈ વિદ્યાર્થી એકાદ વિષયમાં બિલકુલ કાચો જણાય તો નિરૂપાયે ત્હેને તે વિષય ફરીને શરૂઆતથી શિખવો પડે છે. સારાંશ કે અમેરિકામાં શિક્ષણની વ્યવસ્થા ઘણીજ સગવડ ભરી હોય છે. તેઓની દૃઢ માન્યતા છે કે શિક્ષણ વિનાનો મનુષ્ય પશુ સમાન છે.*

હું જ્યારે અમેરિકામાં ભ્રમણ કરવા નીકળ્યો ત્યારે એ દેશનાં ન્હાનાં ગામોમાં શિક્ષણ વ્યવસ્થા કેવી છે તે જોવાનો મ્હને બહુજ શોખ હતો. ત્હાંનાં ન્હાનાં ન્હાનાં ગામોમાં પણ સામ્પ્રત સમયાનુસાર નિશાળો સ્થાપેલી હતી એ જોઈ મ્હને અત્યંત આશ્ચર્ય લાગ્યું. દશઘરનાં ગામમાં પણ એક સારી નિશાળ ત્હાં હોય છે.

---

* સ્વ. કવિ દલપતરામે પણ ભાર મૂકીને ગાયું છે કે: "પઢેલો નહિ તે પશુ તુલ્ય પ્રાણી, પઢેલોજ તે માનવીમાં પ્રમાણી."

કેલિફોર્નિયાના દક્ષિણ ભાગમાં રેડલેન્ડસ નામક એક સુંદર કસ્બો છે. તે કસ્બામાં મ્હેં એક સુન્દર વ્યાખ્યાન આપ્યું હતું. ત્યહાંની હાઇસ્કૂલના સઘળા વિદ્યાર્થીઓ સન્મુખ મ્હોટા દિવાનખાનાના પ્લેટફોર્મ ઉપરથી હું જ્યહારે બોલવા ઉભો થયો અને મ્હારી સ્હામે સુન્દર નિરોગી બાળક, બાળકીઓને જોયાં ત્હારે મ્હારૂં હૃદય ભરાઈ આવ્યું. મ્હારા મનમાં એમ થયું કે; આ દેશમાં બાળક બાળકીઓના શિક્ષણની કેટલી બધી ઉત્તમ વ્યવસ્થા છે, અને મ્હારા અભાગી દેશમાં લાખો બાલો અવિદ્યારૂપી અંધકારમાં પડેલાં છે. તેઓ કીડા પ્રમાણે ઉત્પન્ન થાય છે અને મરે છે, જીવન એટલે શું? એ ત્હેમને ખબરજ નથી.

જીવન સુખનો સ્વાદ ચાખવા માટે સમર્થ બનાવનાર મુખ્ય સાધન વિદ્યાજ છે એમ મ્હને લાગ્યું.

પ્રકરણ પાંચમું.

વિદ્યાર્થીઓનો પરિશ્રમ.

અમેરિકાના ગરીબ વિદ્યાર્થીઓ કેવો પરિશ્રમ સહન કરે છે તે જુવો: આપણા દેશમાં ગ્રીષ્મ ઋતુમાં કામ કરવું ઘણુંજ મુસ્કેલ છે, પરંતુ અમેરિકામાં તો આ ઋતુમાં મહેનત અને મજુરી કરીને વિદ્યાર્થીઓ દ્રવ્ય મેળવે છે, આજ ઋતુમાં પૈસા એકઠા કરીને વિદ્યાર્થીઓ આખા વરસને માટે ખર્ચ કરવાની જોગવાઇ કરી રાખે છે. ગરમીના દિવસોમાં ત્યાં ચારે બાજુએ કામની ગર્દી હોય છે. કૃષિકારોને એક ક્ષણની પણ ફુરસદ મળતી નથી. આ મોસમના દિવસોએ મજુરોને તેઓ રોજના નવ રૂપીઆ આપે છે.

શીઆળાના દિવસોમાં ત્હાં બરફ પડે છે તે વખતે પર્વત, જંગલ વગેરે સર્વ બર્ફાચ્છાદિત બની જાય છે, પહાડોમાંથી ઝરણાં આવતાં બંધ થઇ જાય છે અને કેટલાક પ્રાન્તોમાં તો નદીઓમાં પાણી પણ ઠરી જાય છે. આથી શિઆળાની ઋતુમાં શહેરમાં અને ખાસ કરીને બહાર તો ઘણુંજ થોડું કામ હોય છે; પરંતુ ઉન્હાળાના દિવસોમાં બરફ ઓગળી જાય છે, રસ્તાઓ ખુલ્લા થાય છે અને નદીઓ વહેવા લાગે છે, તેથી ચારે તરફથી કામનો એકસરખો તડાકો શરૂ થાય છે. એ વખતે શોધતાં પણ મનુષ્યો મળી શકતાં નથી, વર્તમાનપત્રોમાં જોઇએ તેટલી જાહેરખબરો ભરેલી હોય છે તથા નોકરી અપાવનાર ખાતાની ઑફિસમાં ટેલિફોન એકસરખો ચાલુજ હોય છે.

ગ્રીષ્મ ઋતુમાં અમેરિકામાં જાણે પૈસાનો વર્ષાદજ વરસે છે. જો આ સમયે કોઇ કામ કરે તો પછી આખું વરસ નિરાંતે ખાઇ શકે એટલું ધન મેળવી શકે છે. વિદ્યાર્થીઓ ગ્રીષ્મ ઋતુની શરૂઆત પહેલાં એકાદ બે મહિના અગાઉથી પોતાના કામની શોધ કરે છે અને જુન, જુલાઇ, ઑગષ્ટ તથા સપ્ટેમ્બર એ ચાર માસમાં મજુરીના અભ્યાસવાળા છોકરાઓ એટલો બધો પૈસો કમાય છે કે જેના વડે તેઓ એક વરસ સુધી નિરાંતે શિક્ષણ મેળવી શકે છે.

મ્હને મ્હારી એ વેળાની સ્થિતિ બરાબર યાદ છે. અમેરિકામાં પહેલે વર્ષે મ્હારે ખેતરમાં કામ કરવું પડયું ત્હારે સાધારણ મજુર કરતાં પણ મ્હારૂં કામ ઓછું થતું, સોળ વર્ષના બાળકો પણ મ્હારા કરતાં વધુ કામ કરતા. એકદા ખેતરના ધણીએ મ્હને એક નવીન કાર્ય ઉપર નીમ્યો. રસ્તા ઉપર ઘહુંથી ભરેલી એક ગાડી ઉભી હતી, અને પાવડા વતી તે ઘહું એક ઓરડીમાં ભરવાના હતા. ઓરડીની ભીંતમાં ઘહું નાખવા માટે એક ચોરસ બારી હતી, અને ગાડી ઉપર ઉભા રહીને પાવડા વતી ઘહું લઇને એ બારીમાં નાખવાના હતા.

આટલુંજ કામ હતું પરંતુ એવું કામ મ્હેં કદીએ કર્યું નહોતું તેથી પાવડામાં ઘઉં ભરીને જેવો હું અંદર નાખવા ગયો તેવા અર્ધા ઘઉં અંદર ગયા અને અર્ધા ગાડીની નીચે રસ્તા ઉપર વેરાણા. આ જોઇને ખેતરનો ધણી મોટેથી હસવા લાગ્યો અને પાવડાનો બરાબર ઉપયોગ કરતાં મ્હને શિખવ્યું. મ્હેં પુનઃ યત્ન કર્યો તદપિ હું ત્હેમાં સફળિભૂત ન થયો અને આ વખતે તો પાવડા ઉપરના સઘળા ઘઉં રસ્તા ઉપર પડયા. મ્હારા સાથીદાર એટલે બીજા મજુર છોકરાઓ મ્હારી પાસે ઉભા હતા તેઓ પણ આ જોઇને ખડખડ હસવા લાગ્યા કારણ કે તેઓ મ્હારાથી ઉમ્મરે ન્હાના હતા છતાંએ મ્હારા કરતાં ઘણુંજ સારૂં કામ કરતા હતા. મ્હારી આ દશા જોઇ મ્હને ઘણીજ શરમ લાગી. બાલ્યાવસ્થાથી કામ કરવાનો અભ્યાસ ન હોવાથી મ્હારી આવી અવસ્થા અત્યારે થઇ. હું તેઓ કરતાં વધારે બળવાન તથા હ્રષ્ટપુષ્ટ હતો કિન્તુ મજુરી કરવાનો અભ્યાસ ન હોવાથી હું ત્હેમના જેટલુંએ કામ કરી શકતો નહિ.

અમેરિકાના બાળકોને બાલ્યાવસ્થાથીજ કામ કરવાની ટેવ હોય છે. તેઓ ગમે તેવું કઠિન કાર્ય હોય છતાં ગભરાઈ જતા નથી. આપણા દેશમાં તો મજુર વર્ગની જાતજ જૂદી હોય છે. ઉચ્ચ વર્ણના લોકો તો મજુરી કરવામાં શરમ સમજે છે અને અમીર ઉમરાવનાં છોકરાંની તો વાતજ રહેવા દો. ત્હેમને તો વસ્ત્રો પહેરાવવા માટે પણ નોકર જોઇએ. અરે! સંડાસ જવું હોય તો પણ એક નોકર ત્હેમની સાથે પાણીનો લોટો લઈ જનાર જોઇએ. તેઓની માન્યતા એવીજ હોય છે કેઃ હાથે કામ કરવું તે હલકું અથવા નીચા દરજ્જાનું છે. તેઓ એમ પણ માને છે કે મજુરી કરનાર લોકનો દરજ્જો હલકો છે, તેઓ મનુષ્યજ નથી.

આવા સંસ્કારમાં ઉછરેલો હિન્દી તરૂણ અમેરિકામાં જઇને શું

કરે ? જો આપણા યુવકોને અમેરિકા જવાની ઇચ્છા હોય તો પ્રથમ તો તેઓએ મજુરી કરવાનો અભ્યાસ કરવો જોઇએ.

" અમે અમેરિકા જઇને દરેક પ્રકારનાં કષ્ટ સહન કરવા તૈયાર છીએ " એવું પુષ્કળ દેશ બાન્ધવો મ્હને લખે છે એ વાંચીને મ્હને હસવું આવે છે. અમેરિકામાં કેવાં અસહ્ય કષ્ટો સહવાં પડે છે તેની આપણા વિદ્યાર્થીઓને કલ્પના પણ હોતી નથી, તેઓ તો સમજે છે કે ત્યાં એક વેળા ખાવાનું મળશે એટલે બસ, એટલાજ ઉપર આપણો નિર્વાહ કરીશું. હિન્દી લોકને ભૂખે મરતાં ઠીક આવડે છે એ વાત જગપ્રસિદ્ધ છે.

તેઓ એક મૂઠી ચણા ઉપર પણ રહી શકે છે. પરંતુ આ ડહાપણને અમેરિકામાં બીજી સંજ્ઞા છે. ત્યાં તો પેટ ભરવામાં જે લોક કુશળ હોય છે તેઓનેજ માન મળે છે, અને જે કામ કરે છે તેજ પેટ ભરી શકે છે તથા જેને બાલ્યકાળથીજ કામ કરવાનો અભ્યાસ હોય છે તેજ કામ કરી શકે છે. અમેરિકાના ધનાઢ્ય લોકો પણ પોતાના બાળકોને કારખાનાઓમાં કામ કરવા મોકલે છે અને એ બાળકો કારખાનાં અને મીલોમાં સાધારણ મજુરોના જેવું કામ કરે છે. મનુષ્યોએ મજુર બનવું એ ધ્યેય નથી એ ખરૂં કિન્તુ મનુષ્યને મજુરીનો અભ્યાસ હોવો એ તો જરૂરનું છે. મજુરી કરવાથી માણસ ચાલાક, સુન્દર અને મજબૂત થાય છે.

હિન્દુસ્થાનના સુશિક્ષિત લોકો પણ હાથથી કામ કરવામાં પાપ સમજે છે. મહિને દશ રૂપરડીની નોકરી માટે તેઓ લોકોની ખુશામદ કરતા ફરે છે. પરંતુ સ્વતંત્રપણે મજુરી કરીને પોતાનું પેટ ભરવું એ તેઓ કરી શકતા નથી.

અમેરિકામાં વિદ્યાર્થીઓને ખેતરોમાં દરેક પ્રકારનું કામ કરવું પડે છે. ખેતીનું સઘળું કામ ત્યાં ઘોડાઓ પાસે કરાવવામાં આવે છે,

બળદો તો માત્ર માંસને માટેજ ઉછેરવામાં આવે છે. હાલરૂં ચલાવવાનું, કણુસલાં કાપવાનું અને ઘોડાઓની રખેવાળી કરવાનું કાર્ય વિદ્યાર્થીઓને કરવું પડે છે, પરંતુ ગ્રીષ્મઋતુમાં તેઓને ઘણું કામ મળે છે. જે વિદ્યાર્થી યંત્ર ચલાવવામાં નિપુણ હોય છે ત્હેને વધુ મજુરી મળે છે. ત્યાંનાં ખેતરોમાં કણુસલાં અને ઘાસ યંત્રો વડે કાપવામાં આવે છે, ઘણું ખરૂં બધાં કામ ત્યાં યંત્ર વડેજ થાય છે તેથી ખેડૂતો પોતાના નસીબ ઉપર આધાર રાખીને નિરાંતે બેસતા નથી પરંતુ પોતાના ખેતરમાં પાક વધુ ઉતરે એ માટે જૂદી જૂદી જાતના રસાયણિક પદાર્થોનો ઉપયોગ કરે છે. કણુસલાંને કીડ લાગે છે ત્યારે 'પૈરિસગ્રીન' નામક પદાર્થ વડે સઘળા રોપાઓ ન્હવડાવવામાં આવે છે જેથી બધા કીડાનો નાશ થાય છે અને પાક સારો ઉતરે છે. ટૂંઢાડના દિવસોમાં જ્યારે હીમ પડવાની ધાસ્તી હોય છે ત્યારે અમેરિકાના ખેડૂતો ખેતરની સઘળી બાજુએ દેવતા સળગાવી પુષ્કળ ધૂમાડી કરે છે, ટૂંઢાડને લીધે એ ધૂમાડી એક ઠેકાણે જામે છે અને ખેતર ઉપર તંબની માફક આચ્છાદિત થઈને કણુસલાંનું રક્ષણ કરે છે. મકાઈના છોડને વધારે પ્રમાણમાં ડોડા આવે તે માટે અમેરિકાવાસીઓએ ઘણા પ્રયત્ન કર્યા છે. તથા વધુ સંખ્યામાં કણુસલાં ઉત્પન્ન થવા માટે તેઓએ પુષ્કળ શાસ્ત્રીય પ્રયોગો વડે ફાયદો મેળવ્યો છે અને મેળવે છે. પરંતુ આપણા દેશવાસીઓની પેઠે તેઓ સઘળો દોષ પ્રભુને માટે નાખીને બેસી રહેતા નથી.

પ્રભુ તો ન્યાયી છે, હિન્દના વાસીઓ સાથે તેને કંઈ દ્વેષ નથી અને અમેરિકાના લોકો જે કામ કરે છે તે કામ કરતાં આપણને પણ આવડે છે પરંતુ ફરક માત્ર એટલોજ છે કેઃ અમેરિકાના લોકો ઉદ્યોગી, સાહસી અને પુરૂષાર્થી છે, કઠિન પ્રસંગમાં અડગ રહે છે એટલુંજ નહિ કિન્તુ એવા પ્રસંગો સ્હામે બાથ ભીડવામાં તેઓ મહદ્ આત્મ

માને છે. ગમે તેવું કઠિન કામ હોય છતાં તેની સિદ્ધિનો ઉપાય તો હોય છેજ અને એ ઉપાય જાણવા માટેજ પ્રભુએ આપણને બુદ્ધિ આપી છે. એ બુદ્ધિનો આપણે ઉપયોગ કરતા નથી તેમ આપણને ધક્કા પડે છે.

વળી એક બીજું પણ કારણ છેઃ—આપણા લોકો જુની રીતભાતના—રૂઢીના—દાસ છે, આગળ ડગલાં ભરતાં આપણને આવડતુંજ નથી. ચાર હજાર વર્ષ પૂર્વે જે સમાજશૃંખલા હતી તેજ આજે પણ છે, કોઈ પણ જાતની નૂતન શોધ કરવાની શક્તિ આપણામાં છેજ નહિ કારણ કે જૂની પુરાણી વસ્તુઓ પ્રતિજ આપણને વધુ પ્રેમ છે, ત્યારે અમેરિકાના લોકો હમેશાં નવીન વાત કાઢવામાંજ મસ્ત છે તેથી તેઓ હમેશાં નવીન પ્રકારની શોધો કરે છે.

ખેતરો સિવાય મીલોમાં, કારખાનાઓમાં અને બગિચાઓમાં પણ વિદ્યાર્થીઓ કામ કરે છે. ઇમારતી લાકડાં વહેરવાની પુષ્કળ મીલો અમેરિકામાં છે જેમાં દરસાલ કરોડો ફીટ લાકડાં કપાય છે. ત્યાં કામ કરવામાં વિદ્યાર્થીઓને દરરોજના ઓછામાં ઓછા છ રૂપિઆ મળે છે. ઉન્હાળાના ત્રણ મહિનાઓમાં આવી મીલોમાં કામ કરીને વિદ્યાર્થીઓ પુષ્કળ દ્રવ્ય કમાય છે. હું જ્યારે ‘ રેનિયર ’ લાકડાંની મીલમાં કામ કરતો હતો ત્યારે મ્હને રોજ પોણાસાત રૂપિઆ મળતા હતા. મ્હારૂં ખર્ચ દર માસે પચીસ રૂપિઆ હતા છતાં ત્યાં સાડા ત્રણ મહિના કામ કરીને મ્હેં મ્હારા શિક્ષણ માટે પુરતા પૈસા મેળવ્યા હતા.

બગિચાઓમાં કામ કરનાર વિદ્યાર્થીઓને ત્હેમની મહેનત પ્રમાણે મજુરી મળે છે. ત્યાં કામ કરનાર વિદ્યાર્થીઓ ઘણું ખરૂં ઉધડ કામ કરે છે. અમેરિકાના પશ્ચિમ ભાગમાં ફળની પુષ્કળ પેદાશ થાય છે. ત્યાં સક્કરચંદ, અંગૂર, નાશપાતી, બદામ, અખરોટ, સંત્રા આદિ ફળો પુષ્કળ પાકે છે. બગિચાના માલિકો કામ કરનારા લોકોને નાની

ન્હાની પેટીઓ આપે છે. એવી એક પેટી ફળથી ભરે તેને અઢીથી પાંચ આના સુધીની મજુરી મળે છે, આ રીતે બગિચાઓમાં કામ કરનાર વિદ્યાર્થીઓ રોજ આઠ નવ રૂપિઆ કમાય છે.

અમેરિકામાં ઘણા હિન્દી લોકો ફળનું કામ કરે છે. કેલિફોર્નિયા, ઓરિગન, અને વૉશિંગ્ટન (પશ્ચિમ કિનારે) એ ત્રણ સંસ્થાનોમાં ફળ અધિક થાય છે. ત્યાં મજુરોની એટલી બધી જરૂર હોય છે કે બગિચાના માલિકો કરગરીને મજુરોને લઇ જાય છે. ફળોની ઋતુમાં દરેક સ્થળે મજુરોની ઘણીજ ખોટ હોય છે કારણ કે ખરેખરી મજુરીની તે મોસમ હોય છે. ઉન્હાળામાં અલાસ્કાની સોનાની ખાણો પણ શરૂ થાય છે. ત્યાં રોજ પચીસ ત્રીસ રૂપિઆ મળે છે પરંતુ ત્યાંનું કામ વિકટ હોય છે તથા ખર્ચ પણ વધુ લાગે છે, છતાં પણ ઘણા મજુરો ત્યાં જાય છે. આ ઋતુમાં કોલંબિઆ સમુદ્ર ઉપર માછલાં પકડવાના કારખાનાં પણ શરૂ થાય છે અને ત્યાં કામ કરીને વિદ્યાર્થીઓ રોજ આઠ દસ રૂપિઆ કમાય છે.

અમેરિકાના બગિચાઓના સંબંધમાં અત્ર એકાદ બે વાતો કહું તો તે અપ્રાસંગિક નહિજ ગણાય.

ભારતવર્ષમાં લોકોને વનસ્પતિ વિદ્યાનું કાંઇ પણ જ્ઞાન હોતું નથી. અમેરિકામાં તો દરેક સંસ્થાનમાં સરકાર તરફથી પ્રયોગ સ્થળો Experiment stations—સ્થાપેલાં હોય છે, ત્યાં કૃષિશાસ્ત્રવેત્તાઓ કૃષિ અને ફળ વિષયક શોધ અને પ્રયોગો કરે છે, અને જ્યારે કોઇ ખેતર વા બગિચામાં કોઈ પણ પ્રકારનું નુકશાન થાય તો જંતુશાસ્ત્રવિશારદ વિદ્વાન ત્યાં જઇને તે નુકશાનીનું કારણ શોધી કાઢવાનો યત્ન કરે છે. પ્રત્યેક વર્ષે ગ્રીષ્મ ઋતુમાં ખેડુતોના હિત માટે સરકાર તરફના વિદ્વાન અધ્યાપકો ઉપયોગી વ્યાખ્યાનો આપીને ખેડુતોને કૃષિ અને ફળ ફૂલાદિ વિદ્યાના મર્મ સમજાવે છે. આવાં

વ્યાખ્યાનો દોઢ બે મહિના સુધી ચાલે છે અને એથી ખેડુતોને ઘણોજ ફાયદો થાય છે. તેઓને વૃક્ષોના ગુણ દોષ, એનાં કારણ તથા વૃક્ષોના શત્રુ તથા મિત્ર કયા છે તે દરેક પ્રકારનું જ્ઞાન આપવામાં આવે છે. દરેક પ્રકાર શાસ્ત્રીય રીતે એવી સરસ ખૂબીથી સ્હમજાવવામાં આવે છે કે એથી સાંભળનારને આનન્દ સાથે જ્ઞાન મળે છે. આપણા દેશની માફક અમેરિકાના કૃષિકારો મૂર્ખ નથી તેઓ તો પોતાના ધંધામાં સંપૂર્ણ વાકેફગાર હોય છે અને અંગીકૃત કાર્યની સિદ્ધિ માટે પોતાની બુદ્ધિનો સરસ ઉપયોગ કરે છે.

એક વખતે કૅલિફોર્નિયાના મોટા બગિચામાં સફરચંદના ઝાડોને એક જાતની કીડ લાગી હતી એથી ફળોને અત્યંત નુકશાન થયું અને લગભગ આઠ નવ લાખ ડૉલરની કિમ્મતનાં ફળનો નાશ થયો; આથી બગિચાના ધણીએ આ વિષયમાં સરકારને લખ્યું. તુરતજ સરકારે ત્યાં જંતુશાસ્ત્રવેત્તાને મોકલ્યો. ત્હેણે આવીને તે ફળઝાડ ઉપરના કીડાઓની તપાસ કરી, એ કીડા શું ખાય છે તે સઘળું જોયું અને દરેક પ્રકારની વિગત સમજી લીધી. આ શોધમાં કેટલાક મહિનાઓ ગાળી ત્હેણે તે કીડાઓનો નાશ કરનાર રસ તૈયાર કર્યો તથા તે ઝાડોને ચોપડયો. બીજે વર્ષે એજ ઝાડોને પુષ્કળ ફળ બેઠાં અને બગિચાના માલિકને પ્રથમ કરતાં ચારગણો ફાયદો થયો.

હિન્દુસ્થાનમાં ઘણા પ્રકારનાં ફળ થાય છે. વિશેષતઃ કેરીઓ વધારે પાકે છે પરંતુ આમ્રફળનો વેપાર કેમ કરવો તે આપણા લોકોને આવડતું નથી, ગરમીથી ફળનો બચાવ કેમ કરવો તેના ઉપાયની ત્હેમને ખબર નથી, તથા ગરમીથી જલદી સડી જતાં ફળનો બચાવ કેવી રીતે કરવો તે આપણા લોકો મુદ્દલે જાણતા નથી.

સાનફ્રાન્સિસ્કો શહેરથી ન્યૂયૉર્ક શહેર સાડા ત્રણ હજાર માઇલ દૂર છે. પરંતુ સાનફ્રાન્સિસ્કોથી લાખો રૂપિયાની કિમ્મતનાં ફળફળાદિ

ન્યૂયૉર્ક મોકલવામાં આવે છે. પરંતુ રસ્તામાં તે સડી જતાં નથી. આનું શું કારણ? અમેરિકાના દક્ષિણ સંસ્થાનોમાં ઉન્હાળો ઘણો સખ્ત હોય છે, ત્હાં પારો ૧૧૦ ડીગ્રી ઉપર હોય છે, આવી સ્થિતિમાં યોગ્ય ઉપાય કર્યા વિના એટલે લાંબે ફળફળાદિ મોકલી શકાય નહિ.

પોતાના દેશના વ્યાપારની વૃદ્ધિ ખાતર અમેરિકન લોકોએ 'રેફ્રી જેટર' નામની ગાડી બનાવી છે તેમાં ફળફળાદિ દેશ દેશાન્તર મોકલી શકાય છે. એ ગાડીની અંદર બરફનું એક ખાનું હોય છે અને બાકીના ભાગમાં ફળોની પેટીઓ ગોઠવેલી હોય છે, હવા આવ-જાવ થવા માટે તેમાં છિદ્ર રાખ્યાં હોય છે. આવી રીતે અંદરનો બરફ બહારની ઉષ્ણતાથી ફળોનું રક્ષણ કરે છે અને સડવા દેતો નથી. આ એકજ ઉપાયથી અમેરિકન લોકોએ કરોડો રૂપિયાનો વ્યાપાર વધાર્યો છે. આજકાલ અમેરિકાનાં ફળફળાદિ પૃથ્વીના સઘળા બજારોમાં વેચાય છે.

આ સિવાય અમેરિકન લોક નવીન નવીન ફળ તૈયાર કરવાની શોધો કરે છે. કેટલાક ફળના કાંટા કાઢી નાખવાના, કેટલાકની અંદરની મોટી ગોટલીઓ ન્હાની કરવાના તો કોઇની ખટાશ કાઢીને મીઠાશ કરવાનાજ ચિંતનમાં તેઓ હોય છે.

એક વખતે એક બગિચામાં એક પ્રકારના કીડા માલુમ પડયા. તેઓને દૂર કરવા પુષ્કળ ઉપાયો કરવામાં આવ્યા પરંતુ તેમાં વિજય મળ્યો નહિ તથા પેલા કીડાઓએ લાખો રૂપિઆનું નુકશાન કર્યું. આખરે નિરાશ થઇને અમેરિકન સરકારે તે કીડાઓનો નાશ કરવાનો ઉપાય શોધી કાઢવા વિદ્વાનોને પરદેશ મોકલ્યા. છેવટે અત્યંત પ્રયત્નો પછી પેલા હાનિકારક કીડાઓનો કટ્ટો દુશ્મન એવો એક જાતનો કીડો જાપાનમાં મળ્યો. એ કીડાની સંતતિ અમેરિકન બગિચાઓમાં

લાવી પેલા નાશકારક જંતુઓ પાસે રાખી. ધીમે ધીમે જાપાનીઝ કીડાની વૃદ્ધિ થઈ અને તેણે ફળનાશક કીડાઓનો સમૂળગો નાશ કર્યો. આ પ્રમાણે અમેરિકાના લોકો વિચારમાં પાક્કા, નિશ્ચયમાં પૂરા અને હિમ્મતનાંજ પુતળાં છે. એમનો દૃઢ નિશ્ચય અને ચાતુર્ય જગત્પ્રસિદ્ધ છે. તેઓએ વગર બીજનાં સંત્રાં તૈયાર કીધાં છે. અમેરિકામાં એ સંત્રાંને 'નેબલ' કહે છે ખાવામાં એ પુષ્કળ મીઠાં હોય છે.

આરીઝોન સંસ્થાનમાં ઉન્હાળો ઘણોજ સખ્ત હોય છે. ત્યાં પ્રથમ કોઈ પણ જાતનાં ફળ થતાં નહોતાં અને જમીન પુષ્કળ રેતાળ હતી, પરંતુ અમેરિકન સરકારે લાખો રૂપિયા ખર્ચીને 'રૂઝવેલ્ટ રેઝર્વોયર' નામનો એક બંધ તૈયાર કરીને તે વડે આરીઝોનની ભૂમિને પાણી આપ્યું. અત્યારે એજ આરીઝોન સંસ્થાનમાં મોટી જાતનાં સંત્રાં થાય છે.

હિન્દુસ્થાનમાં પાણીની તંગાશ નથી, મ્હોટા મ્હોટા પહાડ અને પુષ્કળ નદીઓ અહિં છે, આમ હોવા છતાં પણ અહિંના લોક પાણી માટે પુષ્કળ દુઃખ વેઠે છે. પરંતુ જો દેશમાં લોકોને કળાકૌશલ્યની સારી રીતે માહિતી હોત, અને સૃષ્ટિમાંના પદાર્થોનો કેવી રીતે ઉપયોગ કરવો એ આપણને આવડતું હોત તો આપણને બિલકુલ ત્રાસ પડત નહિ. પરંતુ આપણે તો સ્વહસ્તે કંઇ કરવુંજ નથી, બીજાઓ ઉપર વિશ્વાસ રાખીને રહેતાંજ આપણને આવડે છે. આપણને વધારામાં માત્ર "ભિક્ષાંદેહી" કરતાંજ આવડે છે અને તેથીજ આપણા હાથે કશું થઇ શકતું નથી.

મહેનત કરનાર વિદ્યાર્થીઓમાં જેને હુન્નર આવડતો હોય છે તે વિદ્યાર્થીને અમેરિકામાં ધન સંપાદન કરવું સહેલું છે આથી ઘણા વિદ્યાર્થીઓ છીપા, ઘડીઆળી, મોચી, સુથાર, મીસ્ત્રી કિંવા હિસાબીઓનાં કામ શિખે છે, અને ત્યારબાદ બે ચાર કલાક કામ કરીને

તેઓ પોતાના ખર્ચ જેટલા પૈસા ખુશીથી મેળવી શકે છે.

હિન્દુસ્થાનમાં જો એક માણસ બીજા માણસને મળે તો સૌથી પ્રથમ "તમે કઇ જ્ઞાતિના છો?" એ પૂછે છે, ત્હારે અમેરિકામાં એક બીજાઓ પ્રથમ પરિચયમાં "તમારો શું ધંધો છે?" એજ પૂછે છે. ત્હાંના સઘળા લોકો કંઇ ને કંઇ હસ્તકૌશલ્યનો ધંધો શિખીને સ્વતંત્રપણે ઉદરનિર્વાહ કરે છે અને પોતાની જાતને કેળવવા માટેજ અભ્યાસ કરે છે.

આપણને નિશાળમાં જે શિક્ષણ મળે છે તે નોકરી કરવા માટે નહિજ. લખતાં વાંચતાં તો પ્રત્યેક માણસને આવડવુંજ જોઇએ. પરંતુ લખતાં વાંચતાં આવડયું એનું નામ શિક્ષણ નથી. શિક્ષણ કોને કહેવું એનો ખરો અર્થ આપણે જાણતા નથી એજ આપણી અધોગતિનું મુખ્ય કારણ છે.

પ્રકરણ છઠ્ઠું.

વિદ્યાર્થીઓની મુસાફરી.

ગરમીના દિવસોમાં પ્રત્યેક વર્ષે સેંકડો વિદ્યાર્થીઓ અમેરિકામાંથી યૂરોપખંડમાં જાય છે. ત્હેમની પાસે ઘણાજ થોડા પૈસા હોય છે. હાઇસ્કૂલ વા કૉલેજની પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ તે વિદ્યાર્થીઓ યૂરોપની સહેલ કરવા નીકળે છે. જે આગબોટ ન્યૂયૉર્કથી મેન્ચેસ્ટર જાય છે તેના ઉપર તેઓને નોકરી મળે છે. મુસાફરીમાં ઘણું કરીને તેઓ પોતાની સાથે બાઇસીકલો રાખે છે. બાઇસીકલ ત્યાં ઘણી કામ આવે છે. વિદ્યાર્થીઓને પ્રવાસમાં ઘણોજ આનન્દ મળે છે.

ઈંગ્લાંડ અને સ્કૉટલાંડમાં ફરીને તેઓ યુરોપના બીજા દેશોમાં જાય છે અને બાઇસીકલદ્વારા આખા યુરોપખંડનું ભ્રમણ કરે છે. અમેરિકાવાસીઓના મનમાં યુરોપમાં ઘણુંજ ઓછું ખર્ચ થાય છે તેથી થોડા પૈસે સહેલ કરનાર વિદ્યાર્થીઓ યુરોપમાં જાય છે અને ત્રણ ચાર મહિના મુસાફરી કરીને ત્હેઓ પુનઃ સ્વદેશમાં આવે છે તથા વિશ્વ વિદ્યાલયમાં દાખલ થઇ તે વિદ્યાભ્યાસ કરે છે.

હવે કલ્પના કરો કે અમેરિકાના વિદ્યાર્થીઓ કેટલો બધો અનુભવ મેળવીને કૉલેજોમાં દાખલ થાય છે? ત્યારે ભારતવર્ષના વિદ્યાર્થીઓ એવા હોય છે કે ત્હેમને પોતાનાજ દેશની સ્થિતિની પણ ખબર નથી હોતી. એવા વિદ્યાર્થીઓ કેવળ પુસ્તકોનાજ કીડા થાય છે તથા બાહ્ય જગતનો તેઓને લગારે અનુભવ હોતો નથી. પુષ્કળ અમેરિકન વિદ્યાર્થીઓ હાઇસ્કુલોમાં પરીક્ષા પાસ કર્યા બાદ પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળે છે અને એકાદ વર્ષ આવા પ્રકારે જ્ઞાન સંપાદન કરીને પછીથી કૉલેજોમાં દાખલ થાય છે. વાંચક બન્ધુ! અમેરિકા અને ભારત વર્ષના વિદ્યાર્થીઓ વચ્ચે કેટલું બધું અંતર???

ન્યૂયૉર્કથી મેન્ચેસ્ટર અથવા લિવ્હરપૂલ સુધી વિદ્યાર્થીઓને આગબોટ ઉપર શું કામ કરવું પડે છે તે અત્ર કહેવું અસ્થાને નહિજ ગણાય.

જ્યારે હું અમેરિકાથી ઈંગ્લાંડ ગયો ત્યારે મ્હેં (સ્વામી સત્યદેવે) પણ સ્ટીમર ઉપર નોકરી કરી હતી. ત્યાં મ્હારે બળદોને ચારો ખવરાવવાનું કામ કરવું પડતું હતું. અમેરિકામાંથી દર મહિને પુષ્કળ બળદો ઈંગ્લાંડ મોકલવામાં આવે છે, એ બળદો સાચવવા માટે માણસોની જરૂર પડે છે. મ્હોટા પરોઢીએ એટલે સાડા ત્રણ વાગતાં ઉઠીને અમે પ્રથમ બળદોને પાણી પાતા હતા અને પછી ઘાસ નાખતા હતા. દશ વાગ્યાના સુમારે સઘળા ખલાસીઓ નીચેથી ઘાસની ગાંસડીઓ ઉપર લાવતા એ પછી અમે બળદોને મકાઇ ખવરાવતા, બપોરે

ત્રણ વાગતાના સુમારે અમે બળદોને પુનઃ ઘાસ નીરતા. એ પ્રમાણે અમારે દરરોજ સાત આઠ કલાક કામ કરવું પડતું ત્હેના બદલામાં અમારૂં ભાડું માફ થતું તથા સ્ટીમર પર મફત ખાવાનું મળતું. અમેરિકન વિદ્યાર્થીઓ આ પ્રમાણે કામ કરીને દર વર્ષે એટલેન્ટિક મહાસાગર ઓળંગીને પેલે પાર જાય છે.

પ્રકરણ સાતમું.

સ્વાવલંબી વિદ્યાર્થીઓ.

અમેરિકન પ્રજા આપણા દેશના લોકની માફક મજુરોને નીચા કે હલકા ગણુતી નથી. શેઠ અને નોકરને ત્યાં સરખાજ ગણવામાં આવે છે. હું જે ક્ષેત્રમાં કામ કરતો હતો ત્યાં અમે સઘળા લોકો એકજ સરખી ખુરશીઓમાં બેસીને ભોજન લેતા હતા. અમારામાં કોઇ પણ પ્રકારનો ભેદભાવ નહોતો. આથીજ અમેરિકામાં દરેક માણસને મજુરી વા કામ કરવાની હિમ્મત થાય છે. પોતાના ઉપરજ અવલંબીને જે લોકો વિદ્યાભ્યાસ કરે છે તેઓને ત્યાંના સમાજમાં પુષ્કળ માન મળે છે અને દરેક સ્થળે તેનું ગૌરવ સચવાય છે. સ્વાવલંબી વિદ્યાર્થીઓ ઘણાજ સારા હોય છે એવી વિશ્વવિદ્યાલયના અધ્યાપકોની પણ માન્યતા હોય છે અને તેઓ સ્વશક્તિ અનુસાર તેઓને મદદ અને ઉત્તેજન આપે છે. કેટલાક કરોડપતિઓના બાળકો પોતાના માબાપ પાસેથી કંઇ પણ દ્રવ્ય ન લેતાં નિજ બાહુબળ વડે પૈસો પ્રાપ્ત કરીને વિદ્યાભ્યાસ કરે છે. એવા વિદ્યાર્થીઓનું સર્વ સ્થળે સન્માન થાય છે. મીલોવાળા અને ખાણોવાળા લોકો સ્વાવલંબી વિદ્યાર્થીઓ પાસે બીજાઓ કરતાં અડધું કામ કરાવે છે અને પૂરા પૈસા

આપે છે. વિશ્વવિદ્યાલયમાં પણ વિદ્યાર્થીઓ અરસ્પરસ સહાય કરે છે અને ગરીબ વિદ્યાર્થીઓ પ્રતિ ભારતવર્ષની પેઠે ઘૃણાની દૃષ્ટિથી ન જોતાં અત્યંત પ્રેમ ભરી દૃષ્ટિથી જુએ છે.

અમેરિકામાં હિન્દી વિદ્યાર્થીઓ ઘણાજ થોડા છે. અને એ થોડા ઘણાઓને મહેનત મજુરી કરતાં આવડતી ન હોવાથી ઘણું કષ્ટ સહન કરવું પડે છે. એક સમયે આપણા દેશના બે વિદ્યાર્થીઓ ભૂખથી મરણ પામ્યા હતા. આ બે વિદ્યાર્થીઓ હિન્દુસ્થાનમાંથી નવાજ આવ્યા હતા. શિઆળાનો દહાડો હતો એટલે કામ બહુ ઓછું મળતું. એમ છતાંએ તેઓને કંઇ પણ કામ કરતાં વા મજુરી કરતાં આવડતી નહોતી, શરમ આવતી હતી આથી પોતાની પાસેના પૈસા પૂરા થયા પછી નોકરી શોધવાને બદલે ભયથી ગભરાઇને પોતાની ઓરડીમાં આત્મહત્યા કરી મૃત્યુના દેવને શરણ થયા.

હિંદમાં ઘણા લોકો ભીખ માગીને પોતાનું પેટ ભરે છે પરંતુ અમેરિકામાં તો ભીખ માગવી એ કાયદાની દૃષ્ટિમાં ગુન્હો હોવાથી ભીખ માગનારાઓને કેદમાં જવું પડે છે ,અને ઉદ્યોગી પુરૂષને દરેક મનુષ્ય ચાહે છે.

હું જે વર્ષે આરીગૉન વિશ્વવિદ્યાલયમાં શિખતો હતો તે વર્ષે મજુરી ઘણીજ ઓછી હતી. ટર્મ પૂર્ણ થતાંજ મ્હેં નોકરીની શોધ કરવા માંડી અને કૉલેજના પ્રેસિડેન્ટ સાહેબની ચિઠ્ઠી મેળવીને અત્યંત મુશ્કેલીથી મ્હેં નોકરી શોધી કાઢી.

યુજીન ગામથી થોડે અંતરે વેન્ડલિંગ નામનો એક કસ્બો છે ત્યાં "બૂથ કૈલે કંપની"ની મોટી મીલ છે, એ મીલમાં મ્હને નોકરી મળી. મ્હને ત્હાં રોજના પોણા છ રૂપિઆ મળતા હતા. હું જ્હારે પહેલો એ મીલમાં કામ કરવા ગયો ત્હારે ત્હાંના મજુરોએ હું હિન્દી છું એમ મ્હને ઓળખ્યો નહોતો પરંતુ મ્હને તેઓ હેન્ચમેન–

ફ્રાન્સનો વતની સમજતા હતા. થોડો સમય આમ વીતિ ગયો ત્યાર પછી એક દિવસે એક વૃદ્ધ મજુરે મ્હારી પાસે આવીને તેઓના દેવળમાં વ્યાખ્યાન આપવાનું મ્હને કહ્યું. હું ત્હેની વિનંતિને માન આપીને "ભારતવર્ષની સામ્પ્રત સ્થિતિ" એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા કબુલ થયો. નિયમિત સમયે દેવળમાં પુષ્કળ લોકો એકઠા થયા અને મ્હેં તે સઘળાઓ સન્મુખ ભારતની સામ્પ્રત સ્થિતિનું વર્ણન કર્યું. મ્હારૂં ભાષણ સાંભળી સર્વે લોક પ્રસન્ન થયા અને મ્હારા તરફ સહાનુભૂતિ બતાવવા લાગ્યા, પરંતુ વ્યાખ્યાન આપીને હું ઘેર આવ્યો ત્હારે મ્હેં મ્હારી ઓરડીનાં દ્વાર ખુલ્લાં જોયાં. મ્હને એથી ઘણી ચિંતા ન થઇ કારણકે હું સમજ્યો કે ઉતાવળમાં કદાચ હું બારણાં બંધ કરવાં ભૂલી ગયો હોઇશ, અને વળી ચોરી થવાનો ભય હોય તેવો કંઇ સામાન પણ મ્હારી પાસે નહોતો આથી હું તો નિરાંતે ઉંઘી ગયો. પ્રાતઃકાળે ઉઠી હું રસોઇની તૈયારી કરવા લાગ્યો પરંતુ દેવતા જલદી સળગતો નહોતો અને ધૂમાડી પણ બહાર જઈ શકતી નહોતી. મ્હેં ઘણુંએ કર્યું પણ કાંઈ વળ્યું નહિ આથી ખાવા પીવાનો વિચાર માંડીવાળીને ભૂખ્યા પેટેજ હું મીલમાં જવા નીકળ્યો. બરાબર સાત વાગે મ્હારે મીલમાં જવાનું હતું. બાર વાગ્યા સુધી ત્હાં કામ કરીને હું ઘેર આવ્યો અને ચુલાની ધ્યાનપૂર્વક તપાસ કરવા માંડી. છેવટે મ્હને માલુમ પડયું કે ધુમાડીઆની ચિમનીમાં કોઇએ ઠાંસીને કપડાં ભર્યાં હતાં. મ્હેં તે કપડાં કાઢીને બહાર ફેંકી દીધાં અને રસોઇ કરીને જમી લીધું. મ્હારી આવી મશ્કરી કરવાથી મ્હને બહુ ગુસ્સો ચડયો અને તે કોણે કરી હશે તેનો વિચાર કરવા લાગ્યો. એક મજુર વ્યાખ્યાનના આગલા દિવસે મ્હારી ઓરડીમાં આવ્યો હતો ત્હેનુંજ એ કામ હશે એમ મ્હને લાગ્યું અને જ્યારે હું એક વાગે ફરીને મીલમાં ગયો ત્હારે પેલા મજુરને મ્હેં ધીમેથી કહ્યું.

"આવું ખરાબ કામ કરવું ત્હમને લાયક નહોતું."

"કયું કામ?" પેલા મજુરે કહ્યું.

મ્હેં કહ્યું:—"હવે ત્હમે છૂપાવો છો શા માટે? ત્હમેજ મ્હારી ઓરડીમાં જઇને ધૂમાડીઆમાં કપડાં ભરી દીધાં હતાં."

"મ્હેં તેમ કર્યું નથી." તે અત્યંત ક્રોધમાં બોલ્યો.

"ઠીક, ઘણું સારૂં!" આમ કહીને હું છાનો રહ્યો અને મ્હારા કામે વળગ્યો. પેલા મજુરે પોતાના એક મિત્રને મોકલી મ્હને મારવાની ધમકી બતાવી પરંતુ એવી ધમકીની હું ઝાઝી દરકાર કરતો નહોતો કારણ કે મ્હારે અમેરિકામાં એવા કેટલાએ ઉદ્ધત મજુરોના સહવાસમાં આવવું પડ્યું હતું તથા પ્રસંગે હાથ પણ બતાવવો પડયો હતો. આથી મ્હેં એજ માણસ સાથે એને યોગ્યજ ઉત્તર મોકલ્યો. એ સાંભળી તે મજુરે મ્હારો વિરૂદ્ધ પક્ષ પકડયો. મ્હારી માતૃભૂમિ હિન્દ છે એની એ મજુરને તથા બીજાઓને ખબર પડી હતી. હિન્દ એક અનાથ દેશ છે, એવું ત્હેઓ જાણતા હતા તેથી એ વિરૂદ્ધ ટોળીને લાગ્યું કે હું ડરી જઇને ત્હેમને શરણે જઇશ; પરંતુ બાલ્યાવસ્થાથી મ્હને કુસ્તીનો અભ્યાસ હોવાથી હું મ્હારાથી દોઢા બળવાળાને પણ ગણીશ નહિ એમ મ્હને ખાત્રી હતી. તેમજ પેલો મજુર પણ જાણતો હતો કેઃ આ હિન્દી કાંઇ જેવો તેવો નથી; છતાં પણ ત્હેણે પોતાના મિત્રોને મ્હારા વિરૂદ્ધ ઉશ્કેર્યા અને મ્હને મારવાનો નિશ્ચય કીધો. તે સઘળા મજુરો એકજ ગામના હતા અને પેસિફીક કિનારા ઉપર હિન્દીઓ વિરૂદ્ધ જાગેલા વાતાવરણની અસરનું પરિણામ એ લોકો ઉપર પણ આવ્યું હતું. જ્યાં સુધી હું હિન્દી છું એવું તેઓ નહોતા જાણતા ત્યાં સુધી તેઓ મ્હને હલકો ગણતા નહિં અને મ્હારા ઉપર પ્રસન્ન રહેતા, પરંતુ મ્હારા દેશનું નામ જાણતાંજ તેઓએ મ્હારા પ્રત્યેના વર્ત-

ઓની દિશા બદલી અને ગમે તેમ કરીને પણ આ હિન્દીને અહિંથી કાઢી મુકવો એવો તેઓએ નિશ્ચય કર્યો.

એક દિવસે બપોરે બાર વાગે બંધીસલ થઇ અને મજુરો જમવા ગયા તે વખતે હેમિલ્ટન નામક મ્હારા મિત્રને લઇને હું મ્હારે ઘેર ગયો. હેમિલ્ટન સત્તર વર્ષની વયનો હતો કિન્તુ શરીરે મજબુત હતો અને મ્હારા ઉપર ત્હેને ખૂબ શ્રદ્ધા હતી. કદાચ મારામારીનો પ્રસંગ આવે તો મ્હારા ચશ્મા ત્હેના હાથમાં આપવા માટેજ મ્હેં તેને સાથે લીધો હતો, કારણ કે મારામારીમાં મ્હને માત્ર ચશ્માનીજ ભીતિ હતી. તે દિવસે તો તેઓ મ્હારી સાથે કંઇ પણ ન બોલતાં સૌ સૌનું ભોજન જમીને ચાલ્યા ગયા. સ્હાંજના પાંચ વાગે પુનઃ મીલ છુટી તે સમયે ટપાલ માટે હું પોષ્ટ ઑફીસમાં ગયો તેવામાં દુશ્મન પક્ષના એક મજુરે આવીને મ્હને કહ્યુ કેઃ—" આજ તૈયારીમાં રહેજો અમે આવનાર છીએ " મ્હેં કહ્યુંઃ—"બહુ સારૂં, જરૂર આવજો."

પોષ્ટ ઑફિસમાંથી પાછા ફરતાં રસ્તામાં હું મ્હારા એક વૃદ્ધ મજુર મિત્રના ઘર ભણી વળ્યો પરંતુ મ્હને ખબર મળી કે તે ઘેર નહોતો.

" મિસ્ટર જેકબ આવે કે તુરત ત્હેમને મ્હારા ઘેર મોકલજો" એવું હું તેના ઘરની માલેકબાઇને કહી આવ્યો અને મ્હારા ઘેર આવી રસોઇની તૈયારી કરવા માંડી, એટલામાં મિ. જેકબ આવ્યા, મ્હેં ત્હેમનું સ્વાગત કરીને બેસાડયા અને જમવા તથા ત્હેમની સાથે વાર્તાલાપ કરવા માંડયો. એટલામાં તો વિરૂદ્ધ ટોળી આવી પરંતુ મિ. જેકબને જોઇને તેઓ સઘળા બહાર ઉભા રહ્યા અને એક મજુરે અંદર આવીને મ્હને કહ્યું " તે લોક ત્હમને બહાર બોલાવે છે."

"ત્હેમને અંદર આવવાનું કહો." મ્હેં ધીરેથી પ્રત્યુત્તર આપ્યો અને પેલી બદમાસ ટોળી અંદર આવીને બેઠી. તે ટોળીની આગળ એક જર્મન હતો ત્હેણે અત્યંત પ્રેમથી મ્હારી સાથે વાતો કરવા માંડી

અને ટંટાનું મૂળ કારણ પૂછ્યું. મ્હેં તેને અથઇતિ સંક્ષિપ્તમાં કહ્યું અને એથી ત્હેના મનનું સમાધાન થયું, તથા અમારા સઘળાઓ વચ્ચે પણ ત્હેણે સલાહ કરી આપી અને ત્હેઓ ઉઠી ગયા.

મિ. જેકબે મ્હને કહ્યુંઃ "ત્હમે નિશ્ચિંત રહેજો, સંયુક્ત સંસ્થાનોમાં કોઇ પણ એક મનુષ્ય બીજા મનુષ્ય ઉપર અત્યાચાર કરી શકતો નથી. અને જો કોઇ કરે તો ત્હેને શિક્ષા થાય છે. આ દેશનો કાયદો પરદેશના વતનીઓનું પણ અમેરિકન પ્રજાની માફકજ સંરક્ષણ કરે છે. આમ મ્હારા મનનું શાન્તવન કર્યા પછી મિ. જેકબ ઘેર ગયા.

પેલી ટોળી જ્યહારે પોતાને ઠેકાણે ગઇ ત્યહારે બીજા લોકોએ ત્હેમને પુષ્કળ ઠપકો આપ્યો અને કહ્યું કેઃ " ત્હમે લોક ઘણા નીચ અને બીકણ છો. લડવાનું હતું તો ત્હમારામાંથી કોઇ એકલાએ જવું હતું. " આવા શબ્દોથી એ ટોળી ઘણી લજ્જીત થઇ અને એ લજ્જાનું વેર મ્હારા ઉપર લેવું એમ નિશ્ચય કરીને ત્હેમાંના કેટલાક લોકોએ રાતે બે વાગ્યાના સુમારે મ્હારા મકાન ઉપર પથ્થરો ફેંક્યા. બીજે દિવસે એ કંપનીના માલિક યુજીનથી આવ્યા અને ત્હેણે જ્યહારે આ ટંટાની સઘળી વાત સાંભળી ત્યહારે મીલના જમાદારને હુકમ કર્યો કે " આ સઘળા બદમાસ અને લુચ્ચા લોકોને કાઢી મૂક. " આથી તે ટોળીમાંના દરેકને એક પછી એક કાઢી મૂકવામાં આવ્યા, તથા ગામના લોકોએ મ્હારા પ્રતિ સહાનુભૂતિ પ્રદર્શિત કરવા એક સભા ભરી અને તે સભામાં પેલા તોફાની મજુરોનો નિષેધ જાહેર કર્યો.

સારાંશ કેઃ સ્વાવલંબી વિદ્યાર્થીઓને અમેરિકન પ્રજા ઘણીજ સહાય કરે છે અને ત્હેઓ પ્રતિ શુદ્ધ અંતઃકરણની સાચી સહાનુભૂતિ બતાવે છે. સમાજના માણસો આવા વિદ્યાર્થીઓને પુષ્કળ ચાહે છે તથા ત્હેઓથી બની શકે તેટલું ઉત્તેજન આપે છે.

પ્રકરણ આઠમું.

ચીન અને જાપાનના વિદ્યાર્થીઓ.

હિન્દી વિદ્યાર્થીઓ સિવાય ઇતર દેશના ગરીબ વિદ્યાર્થીઓ પણ અમેરિકામાં જાય છે અને જૂદા જૂદા વિશ્વવિદ્યાલયોમાં વિદ્યાભ્યાસ કરે છે. ઘણું કરીને ચીન અને જાપાનના વિદ્યાર્થીઓ સઘળાં વિદ્યાલયોમાં વિદ્યાભ્યાસ કરે છે, અને એ બધા વિદ્યાર્થીઓ સ્વાવલંબીજ હોય છે. ચીનની સરકાર પોતાના વિદ્યાર્થીઓને અમેરિકામાં મોકલે છે પરંતુ જાપાનીઝ વિદ્યાર્થીઓ કરતાં ત્હેમની સંખ્યા ઘણીજ ઓછી છે. પેસિફીક કિનારા ઉપર જાપાની લોકની વસ્તી છે, તથા ત્હેઓ એક બીજાને અત્યંત સહાય કરે છે. પોતાનો ઉદ્દેશ પૂર્ણ કરવા માટે જાપાની વિદ્યાર્થીઓ ગમે તેવું કામ કરવા પણ તૈયાર થાય છે. કામ કરવાથી ત્હેઓ યત્કિંચિત્ પણ ગભરાતા નથી. ઘણા જાપાની વિદ્યાર્થીઓ વીશી અને હૉટલોમાં કામ કરે છે, અને દેશ કાળાનુસાર વર્ત્તે છે એજ ત્હેમનો મોટામાં મોટો સદ્દગુણ છે. **મનુષ્યોએ રૂઢીના દાસ ન થવું એજ સંસારમાં યશ અને વિજય પ્રાપ્ત કરવાની ખરી ચાવી છે. પોતાના ઉદ્દેશની સિદ્ધિ માટે દરેક પ્રકારના સ્વાર્થ ત્યાગ કરવા પ્રત્યેક મનુષ્યે તૈયાર થવું જોઇએ, કિન્તુ એવું કશુંએ ન કરવું કે જેથી આપણો આત્મા નિર્બળ બને.** દેશ, કાળાનુસાર વર્તવામાં આપણા વિદ્યાર્થીઓ ઘણાજ પાછળ છે, અને અમેરિકામાં જઇને ત્હેઓને ઘણુંજ કષ્ટ સહન કરવું પડે છે તેનું પ્રધાન કારણ એજ છે. **ચીન અને જાપાનના વિદ્યાર્થીઓ પ્રમાણે આપણે પણ મહેનતની**

યથાર્થ હિમ્મત સ્હમજીએ અને નકામું અભિમાન ત્યજી દઇ અહોનિશ દેશસેવા કરીએ એ અત્યંત મહત્ત્વનું છે.

યૂરોપના લગભગ બધા દેશોમાંથી વિદ્યાર્થીઓ અમેરિકન વિશ્વ-વિદ્યાલયોમાં અભ્યાસ કરવા જાય છે. અમેરિકાએ યૂરોપખંડની સઘળી જાતો મળીને થયો છે. ત્હાં પ્રત્યેક જાતિનાં મનુષ્યો દષ્ટિગોચર થાય છે, અને વિદ્યા માટેજ જ્હેઓએ પોતાનાં ઘરબાર છોડયાં હોય એવા પુષ્કળ વિદ્યાર્થીઓ ત્હાંના વિશ્વવિદ્યાલયોમાં મળે છે; ત્હેઓ બધા પોતાના દેશના કલ્યાણ અર્થે મહેનત મજુરી કરીને વિદ્યાધ્યયન કરે છે.

પ્રકરણ નવમું.

સ્વાવલંબનના ગુણ.

સ્વાવલંબનના તત્ત્વનું મનુષ્ય ઉપર થતું પરિણામ હવે આપણે જોઇએ. પ્રારંભમાં આ વિષય પરત્ત્વે કેટલુંક વિવેચન કર્યું છે કિન્તુ વિસ્તારથી વિવેચન કરવું ઇષ્ટ છે. અમેરિકામાં સ્વાવલંબી વિદ્યાર્થીઓ શું શું કરે છે? એ આપણે જોયું અને ત્હેઓના સ્વાવલંબનના માર્ગો કયા કયા છે એ પણ આપણે વાંચ્યું; હવે સ્વાવલંબન તત્ત્વના ગુણ જાણવા આવશ્યક છે.

પ્રથમ ગુણઃ—અમેરિકન પ્રજા ઉપર આ તત્ત્વનું સુન્દર પરિણામ આવ્યું છે કે ગમે તેવાં વિકટ કાર્ય કરતાં પણ ત્હેઓ લગારે ડગમગતા નથી. પ્રત્યેક બાળક અને બાલિકામાં પોતાના હક્ક માટે યત્ન કરવાની શક્તિ છે. જો ત્હેમને કોઇએ અન્યાય કર્યો હોય તો

નિર્ભયપણે પોતાનો બચાવ કરવા માટે અને પોતાનું ગૌરવ જાળવી રાખવા માટે ત્હેઓ પ્રયત્ન આદરે છે. ભીરૂતા તો ત્હેમનાથી બાર ગાઉ દૂર જતી રહી છે. શરીર સશક્ત અને નિરોગી રાખવા માટે ત્હેઓ નિત્ય નિયમસર વ્યાયામ કરે છે, ત્હેઓ માને છે કે "શરીર બળ સિવાય મનુષ્ય પોતાના ગૌરવ અને અધિકારનું રક્ષણ કરી શકતો નથી" અમેરિકામાં ગયા પછી મ્હને પણ આ વાતની સારી રીતે ખબર પડી. આપણા દેશમાં તો આપણા ગૌરવનું રક્ષણ એટલે શું ? એ લોકો જાણતા જ નથી પરંતુ જે મનુષ્ય લોકોનો માર ખાય છે, બીજાઓના હાથે પગે પડીને છૂટે છે ત્હેને ભલો મનુષ્ય કહેવામાં આવે છે અને જે ગાળો બોલનાર અથવા મારવા આવનારના સ્હામો થાય ત્હેને લોકો લડાઇખોર કહે છે. મ્હારાં માબાપોએ બાલ્યાવસ્થાથીજ મ્હને ઉપર બતાવ્યું તેવી જાતનો ભલો માણસ થવાનુંજ શિક્ષણ આપ્યું હતું, પરંતુ અમેરિકા ગયા પછી મ્હને સ્હમજાયું કે જે મનુષ્ય ચુપચુપ બેસી રહીને બીજાનો માર ખાધા કરે છે તે ઘણોજ કાયર અને બીકણ હોય છે, એવા મનુષ્યનું જીવન વૃથા છે. પહેલાં તો હું મસ્તી કરતાં પુષ્કળ ડરતો, કોઇ મગરૂર માણસ ગાળો દે તો હું ચૂપ બેસી રહેતો પણ પછીથી મ્હને સ્હમજાયું કે એવી રીતે ચુપચુપ સાંભળી રહેવું એ ભીરૂતાની નિશાની છે; પછી મ્હેં નિશ્ચય કર્યો કે હવે તો જે મ્હને ત્રાસ આપે ત્હેને યોગ્ય શિક્ષા કરવીજ. બે ચાર વખત એવા પ્રસંગ પણ પ્રાપ્ત થયા અને એવા પ્રસંગોમાં કેટલાક ઉદ્ધત મજુરોને સખ્ત રીતે અજમાવવા પડયા પરંતુ ત્યાર પછી ત્હેઓ મ્હારૂં ગૌરવ સાચવવા લાગ્યા. કારણ કે પાશ્ચાત્ય પ્રદેશમાં સ્વત્વ રક્ષણ કરનારનું બહુ ગૌરવ હોય છે.

આ વિષયમાં હું એક દૃષ્ટાન્ત આપીશ. હું જ્યારે અમેરિકાથી

મેન્ચેસ્ટર જતો હતો ત્યારે રસ્તામાં આગબોટ ઉપર મ્હારે એક હબસી સાથે ટંટો થયો. એ હબસી મજુરોનો જમાદાર હતો. એક દિવસે સ્હવારે દશ વાગે સર્વે ખલાસીઓ નીચેથી ઘાસની ગાંસડીઓ બહાર કાઢતા હતા. પેલો હબસી પણ નીચે હતો અને અમે બધા ઉપરના તુતક ઉપર ગાંસડીઓ સંભાળતા હતા. હું એક બાજુએ હતો બાકીના મજુરો અન્ય બાજુએ હતા, એ જોઇને પેલો હબસી મ્હારી સ્હામે ઘુરકીને બોલ્યોઃ "ત્યહાં જઇને ઉભો રહે" "તું ત્હારૂં કામ સંભાળ." મ્હેં પણ એટલાજ જોરથી ઉત્તર આપ્યો. એથી ગુસ્સે થઇને ત્હેણે મ્હને હાથની મૂઠ્ઠી બતાવીને કહ્યુંઃ "આ જાણે છે કે?"

મ્હેં પણ મ્હારી મૂઠ્ઠી ત્હેના સામે કરીને કહ્યુંઃ "આ કંઇ ઓછી નથી."

આથી ક્રોધે ભરાઇ કાળા મેંશ જેવા ડોળા પ્હોળા કરીને ત્હેણે કહ્યુંઃ "વારૂ, ઉપર આવીને જોઉં છું."

"ઘણું સારૂં." એમ કહીને હું મ્હારા કામે વળગ્યો.

એ હબસી ઘણો ટંટીલો હતો. પોતાનું કાર્ય પૂર્ણ કર્યા બાદ આવીને ત્હેણે મ્હને કહ્યું "તું મ્હારી સાથે લઢીશ કે?"

"તું જો ઓછું વધતું બોલીશ તો હું ત્હને મારીશ, ત્હારાથી હું લગારે ડરતો નથી." મ્હેં ઉત્તર આપ્યો.

તે જરા આગળ વધવા માંડયો એટલામાં તો મ્હારા જોડીદાર અમેરિકન મજુરોએ ત્હેને હડસેલ્યો અને બોલ્યા "ખબરદાર! આગળ પગલું ભર્યું તો! અમે બધા મળીને ત્હને ફટકાવીશું."

નીચું મ્હોં કરીને ત્હેણે ચાલતી પકડી અને તે દિવસથી મ્હારી સાથે સારી રીતે વર્તવા લાગ્યો. પરંતુ જો હું ગભરાઇ ગયો હોત અને ત્હેના હાથનો માર ખાધો હોત તો તે મને રોજ હલકો ગણત

અને અમેરિકન મજુરોની દૃષ્ટિમાં પણ હું કાયર ગણાઈ જાત. માટે મનુષ્યોએ સ્વત્વરક્ષાનું મહત્ત્વ જાણવું અત્યંત જરૂરનું છે.

કદાચ સ્વત્વરક્ષાનું તત્ત્વ પાળતાં આપણાથી જબરદસ્ત મનુષ્યોની સ્હામે થવાનો પ્રસંગ આવે તો પણ જરાએ ગભરાવું નહિ. **સ્વાભિમાન એ મનુષ્યોનું ભૂષણ છે.** જ્હેનામાં એ ગુણ ન હોય તે મનુષ્યનું મનુષ્યત્વજ નષ્ટ થઇ જાય છે, અને દરેક લોક ત્હેને લાતો મારવા તૈયાર થાય છે.

બાલ્યાવસ્થાથીજ બાળકોમાં એવા સંસ્કાર હોવા જોઇએ કે ત્હેઓ જાતે કઠિન પ્રસંગો સ્હામે ટક્કર ઝીલી તેને દૂર કરતાં શીખે. પોતાના ઉપર અવલંબિ રહેવાની ટેવ નાનપણથીજ હોય, બાલ્યકાળથીજ કાઠન પ્રસંગો પોતાની જાતેજ નિવારવાના હોય તોજ ત્હેઓ સ્વમાન રક્ષણ અને શરીરરક્ષાનું મહત્ત્વ આપોઆપ સ્હમજે છે; પરંતુ બાલ્યકાળથીજ જ્હેઓ અન્યના ઉપર આધાર રાખીને રહે છે ત્હેઓનું અંગ બળવાન થતું નથી તથા ત્હેઓનું આત્મબળ પણ વધતું નથી અને ત્હેઓ બીકણ બને છે, માટે મનુષ્યત્વ પ્રાપ્ત કરવા માટે બાળકોને બાલ્યકાળથીજ પોતાનાજ ઉપર આધાર રાખતાં શિખવવું જોઇએ.

દ્વિતીયગુણ—નેપોલિયન બોનાપાર્ટ ઇટાલી દેશ ઉપર સ્વારી કરનાર હતો, એ સમયે ત્હેના સરદારોએ ત્હેને કહ્યું કે: " સ્વિટ્ઝર્લાન્ડના રસ્તે જતાં માર્ગમાં આલ્પ્સ પર્વત આવે છે. " એ સાંભળી એ વીર પુરૂષે ઉત્તર આપ્યો કે: " આલ્પ્સ પર્વત હો કે ગમે તે હો, મ્હારે ઇટાલીમાં અવશ્ય જવુંજ જોઇએ. " આની રીતે યૂરોપના એ બહાદુર નેપોલિયનને પોતાના ઉપર અત્યંત વિશ્વાસ હતો અને તેથીજ ગમે તેવાં વિકટ કાર્ય કરતાં એ જરા પણ ખંચાતો નહિ. આવા ઉદાહરણો જગતના ઇતિહાસમાં અસંખ્ય મળે છે.

જગતમાં જે જે મનુષ્યોનાં જીવન યશસ્વી થઇ ગયાં છે ત્હે-ઓનામાં મહાનગુણ **પોતાના આત્મા ઉપર વિશ્વાસ** હોય છે. ભારતવર્ષના ઇતિહાસમાં પ્રતાપસિંહ, અકબર, શિવાજી, ટીપુસુલતાન, દાદાભાઈ, ગોખલે, મલબારી આદિ અનેક નરરત્નો આત્મવિશ્વાસને લીધેજ પોતાનાં નામ સુવર્ણાક્ષરોએ અંકિત કરી ગયા છે. સ્વાવલંબનના તત્વાનુસાર ચાલનાર મનુષ્યોમાંજ એ ગુણ દ્રષ્ટિએ પડે છે. મનુષ્ય જીવન એ એક સંગ્રામ વા યુદ્ધ સમોવડ છે, અને આરંભથીજ જહેઓએ એ યુદ્ધ શિક્ષણ લીધું હોય એવા મનુષ્યોજ જીવનસંસારમાં કુશળ યોદ્ધા બની શકે છે, આરંભમાંથીજ એ અભ્યાસવડે મનુષ્યમાં આત્મવિશ્વાસની વૃદ્ધિ થાય છે, પોતાની યોગ્યાયોગ્યતા ત્હેને ખુલ્લી રીતે સ્હમજાય છે અને વિપત્ પ્રસંગોમાં કેવી રીતે વર્તવું એ તે સારી રીતે સ્હમજી શકે છે.

એથી ઉલટું જે લોકોએ મનુષ્ય જીવનને સંગ્રામ જેવું ન ગણતાં મોજશોખના સાધનરૂપે માન્યું હોય છે અને મનુષ્ય જીવનમાં ઝુઝી સાંસારિક સંગ્રામનો જહેઓએ અભ્યાસ કર્યો નથી ત્હેઓ નજીવો પ્રતિકૂળ પ્રસંગ પ્રાપ્ત થતાં થરથર કાંપવા લાગે છે, અને પોતાના ઉપરજ વિશ્વાસ ન હોવાથી પરિણામે ત્હેઓ સંસારના એકે કાર્યમાં વિજયશાળી થતા નથી, તેથી ત્હેઓને પોતાનાં કાર્યો લુચ્ચાઇ, કાલાવાલા કિંવા ખુશામદ વગેરે અસત્કર્મદ્વારા કરી લેવાં પડે છે. એવા લોકને લીધે ત્હેઓ જે સમાજવા દેશમાં હોય તે સમાજ અને દેશ પણ પતિત થાય છે. માટે આપણે પણ અમેરિકન પ્રજા પ્રમાણે આપણાં સંતાનોને શિક્ષણ આપવું જોઇએ તોજ ત્હેઓ ભવિષ્યમાં મહાન કામો કરતાં પાછા હઠશે નહિ. ત્હેઓને પોતાના ઉપર વિશ્વાસ હશે એટલે ગમે તેવું કાર્ય પણ ત્હેઓને અસંભવનીય નહિ લાગે. **જાતિ વા સમાજની ઉન્નતિ માટે આત્મશ્રદ્ધાનો**

ગુણ અત્યંત આવશ્યકીય છે એ નિઃશંશય છે.

તૃતીય ગુણ—સ્વાવલંબન એ મનુષ્યને કર્મવીર બનાવે છે અને મનુષ્યને એવું અંતઃસામર્થ્ય અર્પે છે કે જેથી કરીને થોડાંક સાધનો હોવા છતાં પણ તે મહાન કાર્યો કરતાં ડરતો નથી. આંગ્લ લોકોએ એજ ગુણના પ્રભાવે ભારતવર્ષ સાથે પ્રારંભમાં વ્યાપાર શરૂ કર્યો હતો અને એજ ગુણથી ત્હેઓને થએલા અલભ્ય લાભો ઇતિહાસ વાંચકોથી અજાણ્યા નથી. મોટી મોટી કંપનીઓ સ્થાપન કરવી અને તેને યશસ્વીપણે કુશળતાપણે ચલાવવી એ કામ કર્મવીરત્વ ધારણ કીધા સિવાય બની શકતું નથી. અન્યના ઉપર આધાર રાખનારના વિચારો ઘણાજ સંકુચિત હોય છે, આગળ ડગલું ભરવાનું ત્હેઓને સુઝતું નથી, ત્હેઓની દ્રષ્ટિમર્યાદા ઘણીજ ટૂંકી હોય છે તથા ત્હેઓના આયુષ્યમાં કોઈ પણ જાતની મહત્વાકાંક્ષા હોતી નથી. ભારતવર્ષની પ્રજા અધુના સમગ્ર દુનિઆની પાછળ છે તેનું કારણઃ ત્હેઓએ પોતાના જીવનનું ઉચ્ચ ધ્યેય નક્કી કરેલું હોતું નથી, ત્હેઓ તો માત્ર પોતાની જીન્દગી ગમે તેમ કરીને પૂર્ણ કરે છે અને જે કંઇ થોડું ઘણું મળે છે તેમાંજ નિર્વાહ કરીને પોતાને ધન્યસમજે છે. આપણને એક કહેવત ખાસ આવડે છે કે ‘ ઘરની અડધી રોટલી સારી પણ બહારની આખી નકામી’—અડધી રોટલી મળે તો આખી ખાવા ન જવું—આપણા ગામથી માત્ર પચાસ સાઠ માઇલ દૂર જવું હોય એ પણ આપણા મન પરદેશગમન થઈ પડે છે. આપણી આવી સંકુચિત વૃત્તિનું કારણ સ્વાવલંબન તત્ત્વનું અજ્ઞાનપણુંજ છે. દુનિઆના ઉજાત લોકો પુષ્કળ વેગથી આગળ વધે છે એ પ્રતિ આપણે લક્ષ આપતાજ નથી. અધુના અમેરિકાનાં સંતાનો સમગ્ર જગતમાં ફરે છે અને દુનિઆના કોઇ પણ મનુષ્યો કરતાં ત્હેમની મહત્વાકાંક્ષા વધારે મોટી હોય છે. અમેરિકન પ્રજા વૈભવના શિરોબિંદુએ છે તેનું મૂખ્ય

કારણુ એજ છે. પચાસ વર્ષ પૂર્વે અમેરિકાનો વ્યાપાર સાધારણુ હતો. આજ સમય ભૂમંડળમાં એવું એક સ્થાન નથી કે જ્યહાં અમેરિકાની વસ્તુઓ વેચાતી નં હોય.

અમેરિકાના મહાન ધનાઢયોએ પણુ આત્મશ્રદ્ધાથીજ ધન પ્રાપ્ત કર્યું છે. કાર્નેજી એ એક ગરીબ માણુસનો પુત્ર હતો. મહેનત મજુરી કરીને તથા ત્હેમાં સંતોષ અને ધૈર્ય ધારણુ કરીને ક્રમે ક્રમે ત્હેણે પોતાની મનેચ્છા પૂર્ણ કરી. એનું ચરિત્ર સ્વાલંબનનું એક જીવંત ઉદાહરણુ છે.

ચતુર્થ ગુણુઃ—ઇશ્વિરે મનુષ્યને ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિ અર્પી છે. જો મનુષ્ય એ શક્તિનો સદ્‌ઉપયોગ કરી સ્વતંત્ર સ્વાધીન અને સ્વાવલંબી બને તો ત્હેની શક્તિનો વિકાસ થાય છે, પરંતુ અન્ય ઉપર અવલંબિત રહેનાર પોતાના સદ્‌ગુણુ અને શક્તિનો ઉપયોગ કરતાં શિખતાજ નથી; કારણુ કે તેમ કરવાનો પ્રસંગ કે સંધિ ત્હેમને પ્રાપ્ત થતાંજ નથી અને તેથી ત્હેનામાં રહેલી ગુપ્ત શક્તિ નિરૂપયોગી બને છે. પોતાના દરેક કાર્યમાં ત્હેઓને બીજાની મદદ લેવી પડે છે અને એવી જાતની કુટેવો ત્હેઓને અત્યંત નુકશાનકારક નીવડે છે. પરંતુ જો તે સ્વતંત્રપણે અને પોતાનાજ ઉપર અવલંબિ રહીને આયુષ્ય ગાળે તોજ ત્હેનું જીવન સાર્થક થાય. અમેરિકામાં આજે જે અશ્રુતપૂર્વ શોધો થાય છે ત્હેનું કારણુ એજ છે કે ત્યહાંના વિદ્યાર્થીઓ પોતાનાં કામ સ્વતંત્રપણે કરે છે. પ્રકૃતિદત્ત ગુણુનો ત્યહાં અપ્રતિહત વિકાસ થતો હોવાથી અમેરિકા આધુનિક કાળે નિત્ય નૂતન ફળ અર્પે છે, અમેરિકન પ્રજા પોતાના દેશ વાસ્તે, પોતાના દેશ બંધુઓ માટે નવિન નવિન યંત્રો તૈયાર કરે છે અને તેથીજ એ પાતાળવાસી પ્રજા ધનધાન્ય સંપન્ન બને છે, અને ભૂખંડમાં સર્વ શ્રેષ્ઠ મનાય છે. આથી સિદ્ધ થાય છે કે સ્વાવલંબનનું

પાલન કરનાર મનુજમાં પ્રકૃતિદત્ત ગુણોનો વિકાસ થાય છે.

વાચકવૃંદને અમેરિકાની ઉન્નતિનાં કારણ અને રહસ્ય સમજાય તેટલા માટે ઉપર્યુક્ત ગુણોનું અત્રે થોડું વર્ણન આપ્યું છે.

અમેરિકન પ્રજા મજુરીનું વાસ્તવિક મહત્ત્વ જાણે છે, અને જે મનુષ્ય જેટલા માનને યોગ્ય હોય તેટલા માનથી ત્હેનો સત્કાર કરવા તથા ઉચ્ચપદ આપવા તૈયાર થાય છે. સ્વાવલંબનનો માર્ગ ગ્રહણ કરી આત્મશ્રદ્ધા રાખવાથી લાકડાં કાપનાર ગરીબ માબાપનો પુત્ર અબ્રાહામ લિંકન અમેરિકાનો પ્રેસિડેન્ટ થયો હતો, અને પોતાના વીર પ્રભાવવડે લાકડાં વેચનાર ગરીબ ગ્રાન્ટ અમેરિકાનો તખ્તાધિપતિ બન્યો હતો. એવીજ રીતે મહાવીર ગારફીલ્ડ પણ ગરીબ માબાપનો પુત્ર હોવા છતાં સ્વાવલંબનના પંથનો પ્રવાસી બનીને તે પોતાના દેશમાં સહુથી આગળ આવી શકયો હતો.

પ્રત્યેક શક્તિનો વિકાસ થવાનો જ્યહાં અવસર મળે છે એવા અમેરિકામાંજ આવું બધું બની શકે છે, અને જ્યહાં સુધી અમેરિકન પ્રજા સ્વાવલંબનનાં તત્ત્વો વિસરશે નહિં ત્યહાં સુધી એ દેશની ઉન્નતિજ થતી રહેશે.

પ્રભુ તો ન્યાયી છે ત્હેને તો કોઇ પણ દેશ વા જાતિપ્રતિ મમતા વા પક્ષપાત નથી, ત્હેને મન કોઇ વધારે વા ઓછું નથી, ત્હેને તો સર્વ ઉપર સરખો પ્રેમ છે અને જે ત્હેની આજ્ઞાનુસાર વર્તે છે ત્હેની હમેશાં ઊર્ધ્વગતિજ થાય છે; પરંતુ જે લોકો પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ત્હેઓને અનેક પ્રકારનાં સંકટો દુષ્કાળ અને પ્લેગ વગેરે આવીને ઘેરી લે છે.

પ્રિય હિંદી તરૂણ બાંધવો ! આવો અને અમેરિકાના ગરીબ વિદ્યાર્થીવર્ગ પાસેથી કાંઇક શિક્ષણ લ્યો. ત્હેઓ આપણને એવો પવિત્ર સંદેશો મોકલે છે કે: **મજુરી કરવાથી કોઇપણ માણસ**

નીચો થઇ જતો નથી તથા સમાજમાં જેટલો કોઇ સભ્ય ગૃહસ્થનો અધિકાર કિંવા હક્ક છે, તેટલોજ અધિકાર અને તેટલોજ હક્ક મહેનત મજુરી કરનારનો પણ છે.

બન્ધુઓ ! અમેરિકાના ગરીબ વિદ્યાર્થીઓ આપણને પુનઃ પુનઃ કહે છે કેઃ **ગમે તે પ્રકારની મજુરી હો કિન્તુ ત્હેમાં વિશ્વાસ રાખી પ્રામાણિકપણે કામ કરનાર મનુષ્ય કો કાળે પણ હલકો બનતોજ નથી** એટલુંજ નહિં કિન્તુ **જહેઓ ઇશ્વરે આપેલા પોતાના શરીરનો સાર્થ ઉપયોગ કરીને પોતાનું ભરણપોષણ કરે છે તેજ પરમાત્માના સાચા પુત્ર છે.**

મિત્રો ! જો આપને આ ન્હાનકડું પુસ્તક વાંચી અંતઃકરણમાં કંઇક કરવાની તીવ્ર ઇચ્છા થઇ હોય તો આજે દૃઢ સંકલ્પ કરો અને પ્રતિજ્ઞા લ્યો કેઃ **મજુરી કરનારને અમે કદીએ હલકો ગણીશું નહિં પરંતુ ત્હેઓનું સર્વદા સન્માન કરીશું અને ત્હેઓના શિક્ષણને માટે અમે યોગ્ય વ્યવસ્થા યથાશક્તિ કરીશું.**

અંતમાં લેખક પરમાત્માને દ્વિહસ્ત જોડી પ્રાર્થના કરે છે કેઃ " હે પ્રભો ! ભારતવર્ષીય વિદ્યાર્થીઓને **આત્મબળ** અર્પો કે જેથી ત્હેઓ સ્વાવલંબી બની, મહેનતનું યથાર્થ મહત્વ સમજી સ્વદેશના હુન્નર ઉદ્યોગ વધારે અને દેશમાં જે જે દુષ્ટ રૂઢીઓ પ્રચલિત છે ત્હેને નિર્ભયતાથી દૂર કરે. "

મન સર્વ શક્તિમાન છે.

વિચારોનું અંતઃસામ્રાજ્ય.

મનુષ્ય સ્વયંભૂજ સુખ અને દુઃખનો કર્તા છે. એટલુંજ નહિ, પરંતુ તે તેના સ્વતઃના સુખ દુઃખનો ઉત્પાદક અને તેને સ્થાયીત્વ આપનારો છે. સુખ દુઃખ એ કાંઇ બહારથી લાવવામાં આવતાં નથી: એ વસ્તુતઃ અંતરની સ્થિતિ છે. તેનું કારણ દેવ પણ નથી, દાનવ પણ નથી અને સંયોગો પણ નથી. પરંતુ વિચાર એજ તેનું કારણ છે. સુખ દુઃખ એ કર્મનાં ફળ છે અને કર્મ એ વિચારનું વ્યક્ત સ્વરૂપ માત્ર છે. દ્રઢીભૂત થયેલી મનોવૃત્તિ એ મનુષ્યનો કાર્યક્રમ નિશ્ચિત કરે છે અને કાર્યક્રમમાંથી સુખ અને દુઃખની સંજ્ઞા ધરાવતી પ્રતિક્રિયાને જન્મ મળે છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી પ્રતિક્રિયાનું રૂપાંતર કરવાને માટે મનુષ્યે ક્રિયાત્મક વિચારનું રૂપાંતર કરવું જોઇએ. દુઃખને બદલે સુખ પ્રાપ્ત કરવું હોય તો દુઃખનું મૂળ જે દ્રઢીભૂત થયેલી મનોવૃત્તિ અને સહજપ્રાય વર્તનક્રમ તેનું રૂપાંતર કરી નાંખવું જોઇએ, આમ કરવાથી મન અને શરીરમાં તેનું ભિન્ન પરિણામ જણાયા વિના રહેશે નહિ. મનુષ્ય જ્યારે સ્વાર્થી વિચારો અને સ્વાર્થી કાર્યો કરતો હોય છે ત્યારે તેનામાં સુખી થવાની શક્તિ હોતી નથી; અને તે જ્યારે નિઃસ્વાર્થ વિચારો તથા નિઃસ્વાર્થ કાર્યો કરતો હોય છે ત્યારે તે દુઃખી થઇ શકતો નથી. જ્યાં જ્યાં કારણ હોયછે ત્યાં ત્યાં તેનું પરિણામ હોય છેજ. માણસ પરિણામને દૂર કરી શકતો નથી, પરંતુ તે કારણને પરિવર્તિત કરી શકે છે. તે પોતાના ગુણોની શુદ્ધિ કરી શકે છે; તે પોતાના ચારિત્ર્યની પુનર્રચ-

ના કરી શકે છે. આત્મશાસનમાં મહાન સામર્થ્ય રહેલું છે; પોતાની જાતને પરિવર્તિત કરી નાંખવામાં પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક મનુષ્ય તેના સ્વતઃના વિચારોથી પરિવેષ્ટિત હોય છે, પરંતુ તે શનૈઃ શનૈઃ તે વિચારોના વર્તુલને વિસ્તૃત કરી શકે છે; તે પોતાની માનસિક શક્તિઓને વિસ્તૃત અને ઉચ્ચ બનાવી શકે છે. તે અધમને છોડીને ઉત્તમની પ્રાપ્તિ કરી શકે છે; તે નિરાશાજનક અને ઘૃણાસ્પદ વિચારોને તિલાંજલિ આપી, સોજ્વલ અને સુંદર વિચારો ધારણ કરી શકે છે; અને તે જેમ જેમ આ પ્રમાણે કરતો જાય છે તેમ તેમ તે સામર્થ્ય અને સૌંદર્યના ઉચ્ચતર ક્ષેત્રમાં પ્રવેશ કરતો જાય છે અને તેને અધિકાધિક સંપૂર્ણ જગતનું ભાન થતું જાય છે.

કારણ કે માણસો પોતાના ઉત્તમ વા અધમ વિચારો અનુસાર ઉત્તમ વા અધમ ભૂમિકાને પ્રાપ્ત થાય છે. તેઓ પોતાનું જગત જેટલું તિમિરમય અને સંકીર્ણ ધારે છે તેટલુંજ તે તિમિરમય અને સંકીર્ણ હોય છે અને તેઓ તેને જેટલું વિશાળ અને ઉજ્વલ માને છે તેટલુંજ તે વિસ્તૃત અને દેદીપ્યમાન હોય છે. તેઓ પોતાની આસપાસની પ્રત્યેક વસ્તુને પોતાના વિચારના રંગથી રંગે છે.

ઉદાહરણાર્થ, જે માણસનું મન શંકાશીલ, લોભી અને ઇર્ષાખોર હોય છે તેને પ્રત્યેક વસ્તુ કેવી નિકૃષ્ટ અને ઉદાસીનતાજનક લાગે છે! તેનામાં લેશ પણ દિવ્યતા નહિ હોવાથી તે ક્યાંય પણ દિવ્યતાનું દર્શન કરતો નથી. તે પોતે દુષ્ટ હોવાથી તેને કોઇ પણ પ્રાણીમાં ઉદાત્તતા જણાતી નથી. તે પોતાના દેવને પણ લાંચખોર અને લોભી માને છે અને સર્વ સ્ત્રી પુરુષોને પોતાના જેવાંજ ક્ષુદ્ર અને સ્વાર્થી ગણે છે. આથી તે નિઃસ્વાર્થિતાનાં અતિ ઉચ્ચ કાર્યોમાં ક્ષુદ્ર અને [illegible] હેતુઓ જુએ છે.

હવે જે માણસનું મન નિઃશંક, ઉદાત્ત અને ઉદાર હોય તેનો દાખલો લો. તેનું જગત કેવું આલ્હાદજનક અને સુંદર હોય છે! તેને સકલ જીવો અને સર્વ પ્રાણીઓમાં કાંઇને કાંઇ ઉત્તમતા જણાય છે. તે માણસોમાં સત્યતાનું દર્શન કરે છે અને માણસો તેના પ્રત્યે પ્રમાણિકતાપૂર્વકજ વર્તે છે. તેની સમક્ષ નીચમાં નીચ માણસ પોતાનો સ્વભાવ વિસરી જાય છે અને તેટલા સમયને માટે તો તે તેના જેવોજ બની જાય છે. તે ક્ષણિક ઉચ્ચ ભૂમિકામાં તેને ઉચ્ચ પંક્તિની વસ્તુઓ તથા અનંતપટ ઉદાત્ત તથા સુખી જીવનનું દર્શન થાય છે, જો કે આ દર્શન અસ્પષ્ટ હોય છે.

સંકીર્ણ મનનો માણસ અને વિશાળ હૃદયવાળો માણસ એ ઉભય ભલેને પાડોશમાં રહેતા કાં ન હોય તો પણ તેઓ વસ્તુતઃ એક બીજાથી સંપૂર્ણતઃ ભિન્ન એવા બે જગતમાં વાસ કરે છે. તેમના સિદ્ધાંતો સર્વથા વિભિન્ન હોય છે. તેમનાં કાર્યો એક બીજાથી સંપૂર્ણતઃ વિરૂદ્ધ હોય છે. તેમનાં જ્ઞાનચક્ષુ વિરોધાત્મક હોય છે. તેમનું દર્શન ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. તેમની મનઃસ્થિતિ એક બીજાથી ભિન્ન હોય છે. અને બે પ્રથક્ વર્તુલોની પેઠે કદિ પણ તેમનું સંયોજન થતું નથી. આ જીવનમાંજ તેમાંનો એક સ્વર્ગમાં હોય છે અને બીજો નરકમાં હોય છે અને હમણાં તેમની વચ્ચે જે અંતર હોય છે તેમાં મૃત્યુથી કોઈ વૃદ્ધિ થશે નહિ. એક માણસને આ જગત્ ચોરોની ગુફા જેવું લાગે છે અને બીજાને તે દેવોની નિવાસભૂમિ લાગે છે. એક માણસ હમ્મેશાં પોતાના હાથમાં ભરેલી રિવોલ્વર તૈયાર રાખે છે અને સદા સર્વદા લૂંટ અથવા ઠગાઈમાંથી બચવાનો પ્રયત્ન કર્યા કરે છે. (પરંતુ તે જાણતો નથી કે તેજ હમ્મેશાં પોતાની જાતને લૂંટયા કરે છે અને ઠગ્યા કરે છે.) અને બીજો માણસ સર્વનો વિશ્વાસ કરે છે. તે બુદ્ધિ, સૌંદર્ય, પ્રતિભા અને બલ-

મનસાઇને ગ્રહણ કરવાને સદા સર્વદા તૈયાર રહે છે. તેના મિત્રો ઉત્તમ ચારિત્ર્યવાન હોય છે. તેઓ તેના એક અંગરૂપજ બની ગયેલા હોય છે. તેમના વિચાર અને તેમનું જ્ઞાન તેના જેવુંજ હોય છે. તેના હૃદયમાંથી તેની અમીરાઇની વૃષ્ટિ થયા કરે છે અને તેના પ્રત્યે પ્રેમ કરનારા તથા તેને માન આપનારા સંખ્યાબંધ લોકો તરફથી તેનો દશગણો બદલો તેને મળે છે.

માનવ સમાજમાં જે સ્વાભાવિક પંક્તિઓ છે તે શું છે? તેઓ માત્ર વિચાર અને કાર્યનાં વ્યક્ત સ્વરૂપોજ છે. ઉપદેશકો ભલેને આ વિભાગોની વિરૂદ્ધ બખાળા કાઢે, પરંતુ તે તેમને લેશ પણ પરિવર્તિત કરી શકશે નહિ, કિંવા તેની ઉપર જરાપણ અસર કરી શકશે નહિ. જેમને પરસ્પર કાંઇપણ સ્વાભાવિક સંબંધ ન હોય અને જેઓ જીવનના મૂળ સિદ્ધાંતોથી પ્રથક્ થયેલી હોય એવી વિચારની ભૂમિકાઓને સમાન બનાવવાનો કોઇ પણ કૃત્રિમ ઉપાય નથી. કાયદાનો ભંગ કરનારાઓ અને કાયદાને માન આપી ચાલનારાઓ ચિરકાળને માટે એક બીજાથી પ્રથક્ હોય છે અને આ પ્રથક્તાનું કારણ કાંઈ ઘૃણા વા અભિમાન હોતું નથી, પરંતુ વિચાર ભૂમિકા અને કાર્ય પ્રણાલિ હોય છે. જંગલી અને અસંસ્કૃત લોકો તેમની પોતાની માનસિક નિર્બળતાની અભેદ્ય દીવાલને લીધે સુધરેલા અને ઉત્તમ આચાર વ્યવહારવાળા માણસોથી દૂર રહે છે. આ દીવાલને તેઓ ધૈર્યપૂર્વક આત્મસંસ્કરણ કરીને દૂર કરી શકે છે, પરંતુ તે દીવાલને એકદમ ભેદીને તેઓ સંસ્કૃત લોકોની પંક્તિમાં બેસી શકતા નથી. એકદમ ધસારો કરવાથી સ્વર્ગના કિલ્લાના દરવાજા ખુલ્લા થઇ જતા નથી, પરંતુ જેઓ સ્વર્ગ પ્રાપ્તિનાં સાધનો કરે છે તેમને તેમાં પ્રવેશ થવા માટે પાસ મળે છે. તોફાની માણસ ભામટાઓની ટોળીમાં ફરે છે, અને સંત દિવ્યચક્ષુથી પરમાત્માનાં દર્શન કરે છે.

સર્વ માણુસો દર્પણ સમાન છે. તેઓ પોતપોતાની શુદ્ધિ અશુદ્ધિ પ્રમાણે શુદ્ધ અશુદ્ધ પ્રતિબિંબ પાડે છે. મનુષ્યો અને પદાર્થોથી ભરેલા જગત્ પ્રત્યે દ્રષ્ટિપાત કરતા સકલ મનુષ્યો તેમનું પોતાનું પ્રતિબિંબ આપનારી આરશીમાં જુએ છે.

પ્રત્યેક મનુષ્ય તેના પોતાના વિચારોના સંકીર્ણ વા વિસ્તૃત વર્તુલમાં ફરે છે અને તે વર્તુલ બહારની સઘળી વસ્તુઓ તેને અવિદ્યમાન લાગે છે. તેણે જે સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય તેજ સ્વરૂપને માત્ર તે ઓળખે છે. તેની મર્યાદા જેમ વિશેષ સંકીર્ણ હોય છે તેમ તે ખાત્રીપૂર્વક માને છે કે હવે વધુ મર્યાદા છેજ નહિ, હવે બીજું વર્તુલ છેજ નહિ. નાના પાત્રમાં મોટી વસ્તુ સમાઇ શકતી નથી, એ નિયમાનુસાર તેની પાસે અધિક વિશાળ મગજની પ્રતીતિ કરવાનું કાંઇ સાધન હોતું નથી. આવી પ્રતીતિ માત્ર વિકાસથીજ થાય છે. જે માણસ અત્યંત વિશાળ વિચારક્ષેત્રમાં ભ્રમણ કરે છે તે જે નાનાં ક્ષેત્રોમાંથી તે બહાર નીકળ્યો હોય તે સર્વથી પરિચિત હોય છે, કારણ કે બહોળા અનુભવમાં સકલ નાના અનુભવો સમાવિષ્ટ થયેલા હોય છે. અને જ્યારે તેની વિચારમર્યાદા પૂર્ણ મનુષ્યત્વના ક્ષેત્રપર આવીને ઉભી રહે છે અને જ્યારે તે પવિત્ર ચારિત્ર્ય તથા ગહન જ્ઞાન ધરાવનાર પુરૂષોના સમાગમમાં આવવાને પાત્ર બને છે ત્યારે તેનું ડહાપણ એટલું વૃદ્ધિંગત થયેલું હોય છે કે તે દ્વારા તે ખાત્રીપૂર્વક માને છે કે હજી આગળ અધિકાધિક વિશાળ ક્ષેત્રો રહેલાં છે અને આ ક્ષેત્રોનું તેને ઝાંખું દર્શન થયેલું હોય છે અથવા તેના સંબંધમાં તે સર્વથા અજ્ઞ હોય છે.

વિદ્યાર્થીઓની પેઠે માણસોનાં પણ ધોરણ અથવા વર્ગ હોય છે અને તેમના પોતાના જ્ઞાનાજ્ઞાન અનુસાર તે વર્ગમાં દાખલ થવાનો તેમને અધિકાર પ્રાપ્ત થાય છે. પહેલા ધોરણમાં અભ્યાસ કરતો

બાલક છઠ્ઠા ધોરણનો અભ્યાસક્રમ સમજી શકતો નથી. તે તેને માટે ગુહ્ય સમાન છે, તે તેની સમજશક્તિની બહારનો વિષય છે; પરંતુ ખંતપૂર્વક અભ્યાસદ્વારા પોતાના જ્ઞાનનો વિકાસ કરી તે છઠ્ઠા ધોરણમાં પણ દાખલ થાય છે. વચલાં સકલ ધોરણોનું પૂર્ણ જ્ઞાન મેળવી તેમને હસ્તગત કરી તે અંતે છઠ્ઠા ધોરણમાં પ્રવેશે છે અને તેમાં અપાતા જ્ઞાનપર પણ સ્વામિત્વ મેળવે છે. અને તેથી આગળ શિક્ષકનું ક્ષેત્ર હોય છે. આજ પ્રકારે જે માણસોનાં કૃત્યો દુષ્ટ અને સ્વાર્થી હોય છે, જેમની કામના અને વાસના અત્યંત પ્રદીપ્ત હોય છે, તેઓ દેદીપ્યમાન અને નિઃસ્વાર્થ કર્મ કરનારા શાંત, મહા જ્ઞાની અને પવિત્ર માણસોના મનનો પાર પામી શકતા નથી. પરંતુ તેઓ વિશાળ જ્ઞાન, સત્પ્રવૃત્તિ અને વિચાર તથા સમજશક્તિના વિકાસદ્વારા તે વર્ગમાં દાખલ થઇ શકે છે. અને આ સર્વ ઉચ્ચ નીચ વર્ગોની આગળ મનુષ્ય જાતિના શિક્ષકો તથા ઉદ્ધારકો હોય છે—લોકોની પૂજાને પાત્ર થયેલા ભિન્ન ભિન્ન ધર્મોના સંસ્થાપકો હોય છે. જેમ વિદ્યાર્થીઓના વર્ગ હોય છે તેમ શિક્ષકોના પણ ક્રમ હોય છે અને કેટલાક એવા હોય છે કે જેઓ હજી વરિષ્ઠ શિક્ષકની પદ્વિને પ્રાપ્ત થયેલા હોતા નથી, પરંતુ યથાશક્તિ હજી સાધારણ શિક્ષક અને માર્ગદર્શકનીજ સ્થિતિમાં હોય છે. પરંતુ માત્ર શાબ્દિક જ્ઞાન એજ કાંઈ શિક્ષકની પાત્રતા સિદ્ધ કરવાનું ધોરણ નથી. જે માણસ પોતાની નૈતિક મહત્તાને લીધે લોકોના આદર અને પૂજ્યભાવને પાત્ર થયેલો હોય છે તેજ ખરો શિક્ષક છે.

પ્રત્યેક માણસ તેના વિચાર અનુસાર ઉચ્ચ વા નીચ, મહાન વા ક્ષુદ્ર, ઉત્તમ વા અધમ હોય છે; તેના વિચાર કરતાં તે વધી પણ શકતો નથી, અને ઘટી પણ શકતો નથી. પ્રત્યેક મનુષ્ય પોતાના વિચારના ક્ષેત્રમાં ભ્રમણ કરે છે અને તે ક્ષેત્રજ તેનું જગત હોય છે.

તેને તેના વિચાર અનુસારજ સંગ પ્રાપ્ત થાય છે. તેના વિશિષ્ટ વિકાસને અનુકૂળ એવા પ્રદેશમાંજ તે નિવાસ કરે છે. પરંતુ તેને બળાત્કારે નીચ કોટિમાં રહેવાની જરૂર નથી. તે પોતાના વિચારોને ઉચ્ચ બનાવી ઉન્નતિના શિખર પર આરૂઢ થઇ શકે છે. તે ઉચ્ચ પ્રદેશોમાં–અધિક સુખી લોકોમાં જઇ શકે છે. પોતાની ઇચ્છામાં આવે ત્યારે તે સ્વાર્થી વિચારની શૃંખલા તોડી શકે છે અને અધિક વિસ્તૃત જીવનની વિશેષ વિશુદ્ધ હવાનું સેવન કરી શકે છે.

બાહ્ય જગત.

પદાર્થોનું બનેલું બાહ્ય જગત્ એ વિચારના અંતસ્થ જગત્નું અર્ધાંગ છે. આંતરિક જગત્ બાહ્ય જગતની રચના કરે છે. મોટા પાત્રમાં નાના પાત્રનો સમાવેશ થાય છે. ભૌતિક પદાર્થો એ મનનું વ્યક્ત અંગ છે. ઘટનાઓ એ વિચારનું સંયોજન છે અને જે બાહ્ય સ્થિતિ તથા અન્યોના કાર્યમાં પ્રત્યેક માણસ ગુંચવાય છે તેને તેની માનસિક આવશ્યકતાઓ અને વિકાસની સાથે ઘાડો સંબંધ હોય છે. મનુષ્ય એ તેની આસપાસની પરિસ્થિતિનું એક અંગ છે. તે પોતાના સાથીઓથી પૃથક્ હોતો નથી, પરંતુ વિશિષ્ટ સંબંધ અને કાર્યોની ઓતપ્રોતતા તથા માનવ સમાજના મૂળ રૂપ વિચારના પ્રધાન નિયમોથી તેમની સાથે દ્રઢ રીતે પરિબદ્ધ થયેલો હોય છે.

મનુષ્ય પોતાના ક્ષણિક તરંગો અને કામનાઓને અનુકૂળ કરવાને બાહ્ય પદાર્થોમાં ફેરફાર કરી શકતો નથી, પરંતુ તે પોતાના તરંગો અને ઇચ્છાઓને તિલાંજલિ આપી શકે છે. બાહ્ય પદાર્થો પ્રત્યેની તેની મનોવૃત્તિને તે એટલી પલટાવી નાંખી શકે કે તે પદાર્થો તેને ભિન્ન સ્વરૂપમાંજ જણાય. અન્યોના પોતાની તરફના વર્તનમાં

તે ફેરફાર કરી શકતો નથી, પરંતુ તે તેમના પ્રત્યેનું પોતાનું વર્તન બદલી શકે છે. તે પોતાની આસપાસની સંયોગોની દીવાલને ભેદી શકતો નથી, પરંતુ તે ડહાપણ વાપરી પોતાની જાતને તેને અનુકૂળ બનાવી શકે છે અથવા પોતાની મનોદૃષ્ટિમર્યાદા વિસ્તૃત કરીને વિશાળ પરિસ્થિતિમાં પ્રવેશ કરી શકે છે. વસ્તુઓ વિચારની પાછળ ચાલી આવે છે. તમારા વિચારોને બદલી નાંખશો એટલે પદાર્થોનું સ્થલાંતર થશે. યથાર્થ પ્રતિબિંબ પાડવાને માટે આરશી શુદ્ધ હોવી જોઇએ. મરડાયેલો કાચ પ્રતિબિંબને વિકૃત કરી નાંખે છે. અસ્વસ્થ મનને અંકુશમાં રાખશો, તેને સુવ્યવસ્થિત અને શાંત બનાવશો એટલે વિશ્વનું અધિક સુંદર ચિત્ર જણાશે અને જગતની સુવ્યવસ્થાનું પૂર્ણ દર્શન થશે.

મનુષ્યમાં પોતાના મનને વિશુદ્ધ અને પૂર્ણ બનાવવાની સંપૂર્ણ શક્તિ છે, તેના આ આંતર્ જગતપર તેનો પૂર્ણ અધિકાર છે. પરંતુ અન્યોનાં મનપરની તેની સત્તા ગૌણ અને સંકીર્ણ છે. સમષ્ટિમાં રહેલી વ્યક્તિ સ્વતંત્ર રીતે અને પોતાની ઇચ્છાનુસાર કાર્ય કરતી નથી. પરંતુ સમષ્ટિપ્રત્યે સહાનુભૂતિ ધરાવી તેને અનુકૂળ હોય તેવા કાર્યો કરે છે. આપણા માનવબંધુઓ આપણાં કાર્યોમાં ગુંચવાયેલા હોય છે અને તેની તેમનાપર અસર થાય છે. આપણે જે કાર્ય કરીએ તે જો તેમને માટે અનિષ્ટકારક હોય તો તેઓ આપણી કૃતિથી પોતાનું સંરક્ષણ કરવાને માટે ઉપાયો યોજે છે. જેવી રીતે માનવ શરીર પોતાનામાં રહેલાં ખરાબ તત્ત્વોને બહાર કાઢી નાંખે છે તેવી રીતે સમાજ સ્વાભાવિક રીતેજ હાનિકારક વ્યક્તિઓનો બહિષ્કાર કરે છે. તમે જે દુષ્કૃત્યો કરો છો તે સમાજને ઘારૂપ નીવડે છે અને તે ઘાને રૂઝાવવાને માટે સમાજ જે પ્રયત્ન કરે છે તે તમારા દુઃખ અને શોકમાં પર્યવસાન પામે છે. જે ભૌતિક કારણ કાર્ય

ગ્રામ્યમાં ગ્રામ્ય માણુસ સમજે છે તેનાથી આ નૈતિક કારણ કાર્ય ભિન્ન નથી. તેજ નૈસર્ગિક નિયમનો આ વિસ્તાર છે. પ્રસ્તુત દાખલામાં તે નિયમ સમાજને લાગુ પડેલો છે. કોઈ પણ કૃત્ય અસંબદ્ધ હોતું નથી. તમામ ગુપ્તમાં ગુપ્ત કાર્યના સમાચાર અપ્રકટ રીતે ફેલાય છે, તેની ઇષ્ટતા સુખમાં સંરક્ષિત થાય છે અને તેની અનિષ્ટતા દુઃખમાં નષ્ટ થાય છે. લોકો કહે છે કે ધર્મરાજાના દરબારમાં આપણાં પાપપુણ્યનો હિસાબ રહે છે, અને અંતકાળે આપણને આપણાં પાપપુણ્ય અનુસાર ન્યાય મળે છે. આ દંતકથામાં મહાન સત્ય રહેલું છે. અર્થાત્ તમારૂં કૃત્ય માત્ર તમારી પોતાની સાથેજ સંબંધ ધરાવતું નથી પરંતુ સમગ્ર માનવસમાજ અને વિશ્વની સાથે સંબંધ ધરાવે છે; બાહ્ય પરિણામનો પ્રતીકાર કરવાને તમે અસમર્થ છો, પરંતુ અંતસ્થ કારણોને તમારી ઇચ્છાનુસાર ઘડવાને તથા શુદ્ધ કરવાને સંપૂર્ણતઃ શક્તિમાન છો. અને એટલા માટે પોતાનાં કૃત્યોને દોષરહિત બનાવવાં એ માણુસનું મહાનમાં મહાન કર્તવ્ય તથા અતિ ઉત્તમ કાર્યસિદ્ધિ છે.

આજ સત્યની બીજી બાજુ એ છે કે બાહ્ય વસ્તુઓ અને અન્યોનાં કાર્યો એ તમારૂં અનિષ્ટ કરવાને અસમર્થ છે. તમારા બંધન અને મોક્ષનું કારણ તમારી આંતરૂ વૃત્તિજ છે. અન્યો તરફથી તમને જે દુઃખ પ્રાપ્ત થાય છે તે તમારી પોતાની મનોવૃત્તિનુંજ ફળ છે. અન્ય લોકો એ તો માત્ર હથિયારો છે, કારણ તો તમે પોતેજ છો. ભાગ્ય એ કર્મનો પરિપાક છે. પ્રત્યેક મનુષ્ય જીવનનું કટુ અને મિષ્ટ ફળ યોગ્ય પ્રમાણમાંજ મેળવે છે. સદ્‌ગુણી મનુષ્ય મુક્ત હોય છે. કોઈ પણ મનુષ્ય તેનું અનિષ્ટ કરી શકતો નથી; કોઈ પણ તેનો નાશ કરી શકતો નથી; કોઈ પણ તેની શાંતિને લૂંટી શકતો નથી. તે વિવેકપૂર્વક અન્યો પ્રત્યે વર્તન કરતો હોવાથી તેઓ તેનું અનિષ્ટ

કરવાને નિઃશસ્ત્ર બની જાય છે. તેઓ તેનું કાંઈ પણ અનિષ્ટ કરવાને પ્રયત્ન કરે તો તેને પરિણામે તેમનું પોતાનુંજ અકલ્યાણ થાય છે અને તેનું લેશ પણ અનિષ્ટ થતું નથી. તેનામાંથી સત્કૃત્યોનો જે પ્રવાહ છૂટે છે તે તેના શાશ્વત સુખનો ઝરો અને તેના ચિરસ્થાયી સામર્થ્યનો ભંડાર બની રહે છે. સત્કૃત્યથી તેને પરમશાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે. મનુષ્ય અન્યના કાર્યમાં જે અનિષ્ટનું દર્શન કરે છે—ઉદાહરણાર્થ નિંદામાં જે અનિષ્ટનું દર્શન કરે છે—તે ખુદ તે કાર્યમાં હોતું નથી; તે પ્રત્યેની તેની મનોવૃત્તિમાં હોય છે; અનિષ્ટ અને દુઃખ તે પોતેજ ઉત્પન્ન કરે છે અને તે કાર્યની પ્રકૃતિ તથા શક્તિ સમજી નહિ શકવાથી તેઓ ટકે છે. તે એમ ધારે છે કે લોકો મારી જે નિંદા કરે છે તે મારા ચારિત્ર્યને ચિર કાલને માટે નષ્ટ ભ્રષ્ટ કરી નાંખશે, પરંતુ વાસ્તવમાં નિંદામાં આવી શક્તિ જરા પણ નથી. સત્ય વાત તો એ છે કે આપણે જે કાર્યો કરીએ છીએ તેજ માત્ર આપણને નષ્ટ ભ્રષ્ટ કરી શકે છે. નિંદાથી પોતાનું અનિષ્ટ થયેલું માની માણસો વ્યાકુળ અને દુઃખી થાય છે અને પોતાના ધારી લીધેલા અનિષ્ટની નિવૃત્તિ કરવાને સખ્ત પરિશ્રમ કરે છે. આથી બને છે એમ કે તેનો ખુદ આ પરિશ્રમ નિંદાને સત્યનો ડોળ આપે છે અને તેનો પ્રતીકાર કરવાને બદલે તેની વૃદ્ધિ કરે છે. ખરેખરી નિંદા નહિ, પરંતુ તેણે નિંદાનો કરેલો સ્વીકાર એ તેની સર્વ વ્યાકુળતા અને અસુખનું કારણ છે. ખરો માણસ નિંદાનો સ્વીકાર કરતો નથી અને તેથી તેના મનમાં લેશ પણ અસ્વસ્થતા ઉત્પન્ન થતી નથી. ખરી વાત શું છે તે તે સમજે છે અને તે નિંદાનો અનાદર કરે છે. નિંદાની નિવાસ ભૂમિમાં તે વસતો નથી, તેની સાથે તે લેશ પણ સંબંધ ધરાવતો નથી. નિંદાને તે પોતાના હૃદયમાં સ્થાન આપતો નથી અને પોતાનું અનિષ્ટ થયું છે એમ તે માનતો નથી. જે માનસિક અંધકારમાં

નિંદા સદશ કૃત્યો વિસ્તરે છે તેનાથી તે પર હોય છે અને એકાદ છોકરો જેમ સૂર્ય તરફ પત્થર ફેંકીને તેનું અનિષ્ટ કરી શકતો નથી વા તેને સ્થાનચ્યુત કરી શકતો નથી તેજ પ્રમાણે નિંદા તેનું લેશ પણ અનિષ્ટ કરી શકતી નથી વા તેના મનમાં અસ્વસ્થતા ઉત્પન્ન કરી શકતી નથી. આજ વાતને દ્રઢીભૂત કરવાને માટે મહાત્મા બુદ્ધ આમરણ સદા સર્વદા પોતાના શિષ્યોને કહેતા હતા કે "જ્યાં સુધી મનુષ્યના મનમાં એવો વિચાર આવે છે કે ફલાણાએ મારૂ અનિષ્ટ કર્યું છે, ફલાણાએ મને છેતર્યો છે અને ફલાણાએ મારૂં અપમાન કર્યું છે ત્યાં સુધી તેને સત્યની પ્રતીતિ થતી નથી."

આપણે અન્યોનાં કૃત્યો પ્રત્યે જેવી રીતે વર્તવાનું છે તેવીજ રીતે બાહ્ય પદાર્થો પ્રત્યે પણ વર્તવાનું છે. બાહ્ય સંયોગો અને પરિસ્થિતિ પ્રત્યે પણ તેવીજ રીતે વર્તવાનું છે. આ બાહ્ય વસ્તુઓ સારી પણ નથી અને માઠી પણ નથી. આપણી મનોવૃત્તિજ તેને સારી કે માઠી બનાવે છે. મનુષ્ય એમ ધારે છે કે મારા સંયોગો જો પ્રતિકૂળ ન હોત તો હું મહાન કાર્યો કરી શક્યો હોત. મને જો દ્રવ્યનો અભાવ ન હોત, સમયનો અભાવ ન હોત, વગનો અભાવ ન હોત અને કૌટુમ્બિક સંબંધ વળગેલો ન હોત તો હું મહત્કૃત્યો કરી શકત. વસ્તુતઃ આ વસ્તુઓ મનુષ્યને લેશ પણ બાધ કરતી નથી. આ વસ્તુઓ જે શક્તિ ધરાવતી નથી તે શક્તિ તેને તે પોતાની કલ્પનાથી અર્પણ કરે છે. આ તેનું મનોદૌર્બલ્ય છે અને તેને તાબે થવાથીજ તે મહત્કૃત્યો કરતાં અટકે છે. તેને બાધ કરનારો ખરો અભાવ તો **ખરી મનોવૃત્તિનો અભાવ** એ છે. જ્યારે તે પોતાના સંયોગોને સાધન પ્રાપ્ત કરવાની આવશ્યકતાનું કારણ માને છે, અને કહેવાતી બાધક વસ્તુઓને વિજયધ્વજા ફરકાવતાં કાર્યસિદ્ધિના શિખર પર ચઢવાનાં પગથીઆં માને છે, ત્યારે તેની આવશ્યકતા શોધને

જન્મ આપે છે અને બાધક વસ્તુઓ હોય છે તે ટેકા દેવાની કાખલા ઘોડી થઇ પડે છે. મનુષ્ય પોતેજ સર્વમાં પ્રધાન અંગ છે. જો તેનું મન દૃઢ અને સ્વસ્થ હશે તો તે પોતાના સંયોગોને માટે રોદડાં રડશે નહિ કિંવા દાંત કચકચાવશે નહિ. પરંતુ તેમને પાદાક્રાંત કરીને ઉન્નત થશે. જે મનુષ્ય પોતાના સંયોગો વિષે ફરિયાદ કરે છે તે હજી ખરા મનુષ્યત્વને પ્રાપ્ત થયેલો હોતો નથી, અને જ્યાં સુધી તે ખરા મનુષ્યનું બળ પ્રાપ્ત કરશે નહિ ત્યાં સુધી આવશ્યકતા તેને આર ઘોંચ્યા કરશે અને ચાબુકના સપાટા લગાવ્યા કરશે. સંયોગો એ દુર્બલ મનુષ્યનો ક્રૂર શેઠ છે અને સબળ મનુષ્યનો આજ્ઞાંકિત સેવક છે.

બાહ્ય પદાર્થો એ કાંઇ આપણા બંધન વા મુક્તિનું કારણ નથી, પરંતુ તેમના વિષેના આપણા વિચાર એ તેનું કારણ છે. આપણી શૃંખલા આપણે પોતેજ ઘડીએ છીએ, આપણાં કારાગૃહો આપણે પોતેજ બાંધીએ છીએ અને કેદી પણ આપણે પોતેજ બનીએ છીએ; અથવા તો આપણી બેડીને આપણે સ્વયંજ તોડી નાંખીએ છીએ, આપણા મહાલયો આપણે પોતેજ બાંધીએ છીએ અને ઘટનાઓથી જરા પણ વ્યાકુલ થયા વિના સદાસર્વદા મુક્તાવસ્થામાં રહીએ છીએ. જો આપણે એમ ધારીએ કે આપણી પરિસ્થિતિ આપણને બંધનમાં નાંખવાને સમર્થ છે તો તે વિચાર આપણને બંધનમાંજ રાખશે. અને જો આપણે એમ ધારીએ કે સંયોગોથી પર થવાને આપણે શક્તિમાન છીએ તો તે વિચાર આપણને મુક્ત બનાવશે. મનુષ્યે પોતાના મનમાં એવો પ્રશ્ન કરવો જોઇએ કે "મારા વિચારો બંધનકર્તા છે કે મોક્ષકર્તા છે?" અને પછી તેણે જે વિચારો બંધનકર્તા હોય તેનો ત્યાગ કરવો જોઇએ અને જે વિચારો મોક્ષકર્તા હોય તેને ગ્રહણ કરવા જોઇએ.

જો આપણે આપણા માનવબંધુઓથી, લોકોના અભિપ્રાયથી, રંકતાથી, મિત્રો અને લાગવગના અભાવથી ડરતા હોઇએ તો આપણે ખરેખરા બંધનમાંજ પડી રહીએ છીએ અને સત્ય જ્ઞાન તથા સત્ય વસ્તુને પ્રાપ્ત થયેલા મુક્ત મનુષ્યના આંતર્ સુખનો અનુભવ કરી શકતા નથી. પરંતુ જો આપણે આપણી જાતને પવિત્ર અને મુક્ત માનતા હોઈએ, જો સંકટ અને દુઃખથી આપણને લેશ પણ વ્યાકુળતા વા ભય ઉત્પન્ન થતો ન હોય અને જો આપણે પ્રત્યેક વસ્તુને આપણી પ્રગતિની સહાયક માનતા હોઇએ તો કોઇ પણ વસ્તુ આપણને આપણા ઉદ્દેશો સિદ્ધ કરતાં અટકાવતી નથી. કારણ કે ત્યારે આપણે ખરેખરા મુક્ત હોઇએ છીએ.

તમે આદતના દાસ થવા માગો છો કે તે પર સ્વામિત્વ સિદ્ધ કરવા માગો છો ?

મનુષ્ય આદતને વશ છે. ત્યારે શું તેને મુક્ત કહી શકાય ? હા, તેને મુક્ત કહી શકાય. મનુષ્યે માનવજીવન તથા તેના નિયમો બનાવ્યા નથી. તે તો અનાદ્યનંત છે; તેમાં તે આવી પડે છે અને તેને સમજીને તેને તાબે થવું એજ તેની સત્તાની વાત છે. મનુષ્યનું સામર્થ્ય તેને જીવનના નિયમો રચવાને શક્તિમાન બનાવતું નથી: વિવેકપૂર્વક પોતાને અનુકૂળ હોય એવા નિયમ ગ્રહણ કરવા એજ માત્ર તેની સત્તાની વાત છે. મનુષ્ય જગતની સ્થિતિ અને નિયમો ઉત્પન્ન કરી શકતો નથી; એ અનાદ્યનંત વસ્તુ છે અને તેની ઉત્પત્તિ કિંવા તેનો નાશ કરી શકાતો નથી. આ સ્થિતિ અને નિયમોની વચ્ચે તે સપડાઇ જાય છે, તે તેને બનાવી શકતો નથી. તેનું અજ્ઞાન

એજ લોકોના દુઃખનું કારણ છે. એ વસ્તુઓનો અનાદર કરવો એ મૂર્ખતા અને બંધન છે. દેશના કાયદાઓનો ભંગ કરનાર ચોર અને તેને તાબે થનાર પ્રમાણિક નાગરિક એ ઉભયમાં વધારે મુક્ત કોણ છે? અને હું જેમ ફાવે તેમ વર્તી શકીશ એમ માનનાર મૂર્ખ તથા માત્ર સત્યકાર્ય કરવાનુંજ પસંદ કરનાર શાણો માણસ એ ઉભયમાં અધિક સ્વતંત્ર કોણ છે?

સ્વાભાવિક રીતેજ મનુષ્ય આદતનો દાસ છે અને આ નિયમમાં તે ફેરફાર કરી શકે એમ નથી; પરંતુ તે પોતાની આદત બદલી નાંખી શકે છે. તે આદતના નિયમને પરિવર્તિત કરી શકતો નથી. પરંતુ તે પોતાની આદત નિયમને અનુકૂળ બનાવી શકે છે. કોઇપણ માણસ ગુરૂત્વાકર્ષણનો નિયમ પરિવર્તિત કરી નાંખવાને ઇચ્છતો નથી, પરંતુ સર્વ માણસો તેને અનુકૂળ થાય છે; તેને તાબે થઇને તેઓ તેનો ઉપયોગ કરે છે, તેની સામે થઇને વા તેનો અનાદર કરીને તેઓ તેનો ઉપયોગ કરતા નથી. અમારે માટે તો નિયમ પણ ફરી જશે એમ ધારી માણસો ભીંતની સામે દોડીને માથું ફોડતા નથી અથવા ડુંગર પરથી નીચે ભુસકા મારતા નથી. તેઓ ભીંતની સાથે સાથે ચાલે છે અને ડુંગરની કોરણથી દૂરના દૂર રહે છે.

જે પ્રકારે મનુષ્યો ગુરૂત્વાકર્ષણના નિયમનો અનાદર કરી શકતા નથી તેમ તેઓ આદતના નિયમનો પણ અનાદર કરી શકતા નથી. માત્ર તેઓ તેનો ડહાપણ ભરેલી રીતે ઉપયોગ કરે છે કે મૂર્ખતા ભરેલી રીતે ઉપયોગ કરે છે. જે પ્રકારે વિજ્ઞાનવેત્તાઓ અને શોધકો ભૌતિક શક્તિઓ અને ભૌતિક નિયમોને તાબે થઇને અને તેમનો ઉપયોગ કરીને તેમની ઉપર સ્વામિત્વ સ્થાપિત કરે છે તેજ પ્રકારે શાણા માણસો આધ્યાત્મિક શક્તિઓ અને આધ્યાત્મિક નિયમોને પોતાના અંકુશમાં લે છે. જ્યારે અધમ માણસ આદતનો ગુલામ

બની તેનાં ખાસડાં ખાય છે ત્યારે ઉત્તમ માણસ તેને સન્માર્ગે દોરી તેનો સ્વામી બને છે. હું પુનઃ એકવાર કહીશ કે આદતનો ફાવે તેવો ઉપયોગ કરનાર તેનો સ્વામી બનતો નથી, પરંતુ આત્મસંયમપૂર્વક તેનો ઉપયોગ કરનાર તેને તાબે થવાની વૃત્તિના બળથી તેનો સ્વામી બને છે. જે માસણની ખરાબ વિચાર અને ખરાબ કાર્ય કરવાની આદત હોય છે તેજ માણુસ ખરાબ છે. અને જે માણુસ સદ્‌વિચાર તથા સત્કાર્ય કરવાની આદત ધરાવે છે તે સત્પુરૂષ છે. પોતાની આદત પરિવર્તિત કરી નાંખીને ખરાબ માણુસ ભલો બને છે. તે નિયમને બદલતો નથી, પરંતુ પોતાની જાતને બદલે છે; તે નિયમને અનુકૂળ થાય છે. સ્વચ્છંદમાં પ્રવૃત્ત થવાને બદલે તે નીતિના સિદ્ધાંતોને તાબે થાય છે. ઉચ્ચ વૃત્તિઓનો સેવક બનીને તે નીચ વૃત્તિઓનો સ્વામી બને છે. આદતનો નિયમ તો તેનો તેજ રહે છે, પરંતુ તે નિયમને અનુકૂળ બનીને તે દુર્ગુણીનો સદ્‌ગુણી બને છે.

આદત એ બીજું કાંઇજ નથી, પરંતુ પુનરાવર્તન છે. મનુષ્ય એકના એક વિચાર, એકનાં એક કાર્ય પુનઃ પુનઃ કરે છે, એકના એક અનુભવ પુનઃ પુનઃ લે છે અને આ પ્રમાણે વારંવાર કરવાથી અંતે તે વિચારો, તે કાર્યો અને તે અનુભવો તેના જીવનની સાથે મિશ્રિત થઇ જાય છે અને તેના ચારિત્ર્યરૂપે તેનું એક અંગજ બની જાય છે. શક્તિ એ દ્રઢીભૂત થયેલી આદતજ છે. માનસિક બળનો સંચય એજ ઉત્ક્રાંતિ છે. આજનો મનુષ્ય એ કરોડોવાર પુનઃ પુનઃ કરેલા વિચારો અને કાર્યોનું પરિણામ છે. તે મૂળથીજ તેવો બનેલો હોતો નથી, તેણે પોતે પોતાનું સ્વરૂપ ઘડયું છે અને હજી પણ ઘડતો જાય છે. તેણે પોતાની ઇચ્છાથી પોતાનું ચારિત્ર્ય અગાઉથી નિશ્ચિત કરી મૂકેલું હોય છે. જે વિચાર અને જે કાર્યો તે પસંદ કરે છે તે વિચાર અને તે કાર્ય કરવાની તેને આદત પડી જાય છે.

આ પ્રકારે પ્રત્યેક મનુષ્ય વિચારો અને કાર્યોનો સમૂહ છે. જે ગુણો તે આપોઆપ જરા પણ પ્રયત્ન વિના વ્યક્ત કરે છે, તે અસંખ્ય વારના પુનરાવર્તનથી સ્વાભાવિક બની ગયેલા હોય છે. કારણ કે આદતનો એવો સ્વભાવજ છે કે દીર્ઘકાળ પર્યંત પુનરાવર્તન થવાથી આપોઆપ અને લેશ પણ પ્રયત્ન વિના અજ્ઞાત રીતે ક્રિયા થયા કરે છે. અને વખત જતાં તે મનુષ્ય પર એવું પૂર્ણ સ્વામિત્વ સ્થાપિત કરી દે છે તેનો પ્રતીકાર કરવાને તેની ઇચ્છાશક્તિ સર્વથા અસમર્થ બની જાય છે. સારી કે નરસી સર્વ ટેવોના સંબંધમાં આમજ બને છે. મનુષ્યની આદત જ્યારે ખરાબ હોય છે ત્યારે તેને દુર્ગુણનો ભોગ કહેવામાં આવે છે અને જ્યારે તેની આદત સારી હોય છે ત્યારે તેને ભલો માણસ કહેવામાં આવે છે.

સર્વ માણસો પોતાની ભલી કે બુરી આદતના દાસ છે અર્થાત્ તેઓ પોતાના વારંવાર કરેલા વિચારો અને કાર્યોના દાસ છે, અને તેઓ તેવાજ રહેવાના. શાણો માણસ વસ્તુ સ્થિતિ ઓળખીને સારી આદતોનો દાસ બનવાનું પસંદ કરે છે, કારણ કે સારી આદતોના દાસ્યથી મનુષ્યને આનંદ, સુખ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે; અને ખરાબ આદતોને તાબે થવાથી મનુષ્યને દુઃખ, દારિદ્રય અને બંધન પ્રાપ્ત થાય છે.

આદતનો આ નિયમ કલ્યાણકારક છે, કારણ કે એક પક્ષે તે મનુષ્યને દાસ્યની શૃંખલામાં બદ્ધ થવાને પ્રવૃત્ત કરે છે ખરો, પરંતુ અન્ય પક્ષે તે મનુષ્યને સન્માર્ગમાં દ્રઢીભૂત કરે છે; આથી માણસ અનાયાસ અને અબાધિત રીતે આપોઆપ સત્કાર્ય કરે છે અને સંપૂર્ણ સુખ તથા મુક્તિ પ્રાપ્ત કરે છે. આ સ્વાભાવિકતા જોઈને આપણે એમજ કહી દઇએ છીએ કે મનુષ્યમાં ઇચ્છાશક્તિ અથવા સ્વાધીનતા છેજ નહિ. આથી આપણે મનુષ્યને જન્મથીજ ભલો વા

જુદો માની લઈએ છીએ અને તેને નિયમ વિનાની શક્તિઓના હાથમાં લાચાર હથિઆર તરિકે ગણી કાઢીએ છીએ.

આ વાત સત્ય છે કે મનુષ્ય માનસિક શક્તિઓનું હથિઆર છે—અથવા, અધિક સ્પષ્ટતાપૂર્વક કહીએ તો તે પોતેજ આ શક્તિઓ છે. પરંતુ આ શક્તિઓ નિયમરહિત નથી. આ શક્તિઓને ને પોતાની ઇચ્છામાં આવે તે માર્ગે વાળી શકે છે. સંક્ષેપમાં, તે પોતાની જાતને કાબુમાં આણી શકે છે અને પોતાની આદતની પુનર્રચના કરી શકે છે. વળી આ વાત પણ સત્ય છે કે તે અમુક ગુણો પોતાની સાથે લઇને અવતરે છે, તો પણ એ ગુણો અસંખ્ય જન્મોના કર્મનાં ફળ છે. એ જન્મોમાં તેણે સ્વેચ્છાથી અને પ્રયત્ન કરીને ધીમે ધીમે એ ગુણોનો વિકાસ કરેલો હોય છે, અને આ જન્મમાં નવીન અનુભવોથી તેમાં ઘણો ફેરફાર થશે.

એક ખરાબ આદત અથવા ખરાબ ગુણના આપખુદ અમલથી એક માણસ ગમે તેટલો લાચાર બની ગયેલો દેખાતો કાં ન હોય, તો પણ જ્યાં સુધી તેનામાં ડહાપણ રહે ત્યાં સુધી તે તેની શૃંખલા તોડી નાંખીને મુક્ત થઈ શકે છે અને તેના સ્થાનમાં સારો ગુણ સ્થાપિત કરી શકે છે. અને દુર્ગુણની પેઠે જ્યારે સદ્‌ગુણનું સામ્રાજ્ય તેની ઉપર સ્થાપિત થઈ જાય છે ત્યારે તેમાંથી નાશી છૂટવાની તેને ઇચ્છાજ થતી નથી વા જરૂરજ રહેતી નથી, કારણ કે તેથી તેને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે, કાંઇ અનંત દુઃખની પ્રાપ્તિ થતી નથી.

માણસે પોતાનો જે ગુણ રચ્યો હોય તેને તે પોતાની ઇચ્છામાં આવે ત્યારે નષ્ટ કરી શકે છે અને તેના સ્થાનમાં બીજો ગુણ રચી શકે છે. અને જ્યાં સુધી એક માણસ પોતાના દુર્ગુણને આનંદદાયક માને છે ત્યાં સુધી તેને તેનો ત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. જ્યારે તે દુર્ગુણ તેના પર અત્યાચાર કરવા લાગે છે ત્યારે તે તેમાંથી

મુક્ત થવાનો માર્ગ ઢુંડવા માંડે છે અને અંતે તેનો ત્યાગ કરીને તેનાથી કોઇ સારો ગુણ હસ્તગત કરે છે.

કોઇ પણ માણસ બંધનમાંથી મુક્ત થવાને સર્વથા અશક્ત હોતો નથી. જે નિયમના આધારે તે પોતાની જાતે બદ્ધ થયેલો હોય છે તેજ નિયમના આધારે તે પોતાની જાતે મુક્ત થવાને શક્તિમાન થાય છે. આ વાતની પ્રતીતિ કરવાને માટે તેને માત્ર આ નિયમાનુસાર વર્તવાનીજ જરૂર રહે છે. અર્થાત્ તેણે હેતૂપૂર્વક અને બલપૂર્વક જૂની વિચારપ્રણાલિ અને કાર્યપ્રણાલિનો ત્યાગ કરવો જોઇએ અને ઉદ્યાગપૂર્વક નવીન પ્રણાલિ ઘડવી જોઇએ. આ કાર્ય તે એક દિવસમાં એક અઠવાડીઆમાં, એક મહિનામાં, એક વર્ષમાં વા પાંચ વર્ષમાં સિદ્ધ ન પણ કરી શકે, પરંતુ તેથી તેને નિરાશ થવાની વા ભય પામવાની કિંચિત્ પણ આવશ્યકતા નથી. નવીન ગુણોને દ્રઢીભૂત થવાને અને જૂના ગુણોને નષ્ટ થવાને સમયની અપેક્ષા રહે છે; પરંતુ આદતનો નિયમ ચોક્કસ અને અચૂક છે. અને જો ધૈર્યપૂર્વક એકજ માર્ગનું અવલંબન કરવામાં આવે અને તેનો કદિ પણ પરિત્યાગ કરવામાં ન આવે તો અવશ્ય તે ફળીભૂત થશેજ. કારણ કે જો એક ખરાબ ગુણ—માત્ર એક નિષેધાત્મક અંગ—દ્રઢીભૂત થઇ શકે તો પછી એક સદ્ગુણ—એક નિશ્ચયાત્મક અંગ—દ્રઢીભૂત અને પ્રબલ બને તેમાં શકજ શો ? મનુષ્ય જ્યાં સુધી **પોતાની જાતને અશક્ત માને છે** ત્યાં સુધીજ માત્ર તે પોતાનાં ખરાબ અને અસ્વાસ્થ્યકારક તત્ત્વોને પાદાક્રાંત કરી શકતો નથી. ખરાબ આદતમાં જો "અશક્તિ" નો ઉમેરો થાય તો તે ખરાબ આદત **યાવચ્ચંદ્ર દિવાકરૌ** રહેવાનીજ. જ્યાં સુધી અશક્તિનો વિચાર નિર્મૂલ કરીને મનમાંથી કાઢી નાંખવામાં આવતો નથી ત્યાં સુધી કોઇ પણ વસ્તુ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાતો નથી. આદત પોતે કાંઇ મહાન વિઘ્ન

નથી, પરંતુ **તેની ઉપર વિજય પ્રાપ્ત કરવાની અશક્તિનો દૃઢીભૂત થયેલો વિચાર** એ મહાન વિઘ્ન છે. મનુષ્ય જ્યાં સુધી ખાત્રીપૂર્વક એમ માને કે દુર્ગુણ ઉપર વિજય પ્રાપ્ત કરવાની મારામાં શક્તિ નથી ત્યાં સુધી તે તેને શી રીતે જીતી શકે? અને તે જ્યારે તેને જીતી લેવાની પોતાનામાં શક્તિ છે એમ માને તથા તેમ કરવાનો દૃઢ નિશ્ચય કરે ત્યારે તેનાપર વિજય સંપાદન કરતાં તેને કોણ અટકાવી શકે એમ છે? "હું મારાં પાપોને દૂર કરી શકતો નથી." એવા વિચારથીજ મુખ્યત્વે કરીને માણસ દાસ્યની શૃંખલામાં પરિબદ્ધ થાય છે. આ વિચારને આપણે જ્યારે તેની ખરેખરી નગ્નાવસ્થામાં પ્રકાશમાં લાવીએ છીએ ત્યારે તે આપણને દુર્ગુણમાં શ્રદ્ધા અને સદ્‌ગુણમાં અશ્રદ્ધા તરીકે પ્રતીત થાય છે. કારણ કે એક માણસ જ્યારે એમ કહે કે દુર્વિચાર અને દુષ્કૃત્યને હું જીતી શકતો નથી ત્યારે તેનો અર્થ એજ થાય છે કે તે દુર્ગુણનો દાસ બનેલો છે અને તેણે સદ્‌ગુણને તિલાંજલિ આપેલી છે.

આવા વિચારોથી અને આવી માન્યતાઓથી માણસ પોતાની જાતને પરિબદ્ધ કરે છે; અને તેના વિરોધી વિચારોથી તથા વિરોધી માન્યતાઓથી તે પોતાની જાતને મુક્ત કરે છે. મનોવૃત્તિ પરિવર્તિત કરી નાંખવાથી ચારિત્ર્ય, ગુણ અને જીવનમાં પરિવર્તન થઇ જાય છે. મનુષ્ય પોતેજ પોતાનો ઉદ્ધારક છે. તે પોતેજ બંધનમાં પડેલો હોય છે અને તે પોતેજ તેમાંથી મુક્ત થઇ શકે છે. યુગોના યુગો સુધી કોઈ બાહ્ય ઉદ્ધારક મેળવવાનાં તે ફાંફાં મારે તો પણ કોઇ બીજો માણસ તેની મુક્તિ કરી શકશે નહિ. **મહાન ઉદ્ધારક** તેના અંતરાત્મામાંજ રહેલો છે; **સત્ય આત્મા** તે પોતેજ છે અને સત્ય આત્મા એ સદ્‌ગુણમય છે. મનુષ્ય પોતાના **સત્ય સ્વરૂપને** પ્રાપ્ત થતાં **સદ્વિચારો અને સત્કૃત્યો કરવાનેજ પ્રવૃત્ત થાય છે.**

પોતાના ખોટા વિચારોની બહારની કોઇ સત્તાથી મનુષ્ય પરિબદ્ધ થયેલો હોતો નથી, અને આ વિચારોની શૃંખલામાંથી તો તે પોતાની જાતને મુક્ત કરી શકે છે. મનુષ્યને દાસ્યની શૃંખલામાં બદ્ધ કરનારા જે વિચારો છે તેમાં સૌથી અગ્રેસર આ છે: "મારામાં ઉન્નત થવાની શક્તિ નથી" "દુર્ગુણોમાંથી હું મુક્ત થઇ શકું એમ નથી." "મારી પ્રકૃતિને હું બદલી નાંખી શકું એમ નથી." "પાપકર્મ કરતાં હું અટકી શકું એમ નથી." આ વિચારોમાંથી મુક્ત થવાની મનુષ્યને પરમાવશ્યકતા છે. આ સર્વે પ્રકારની અશક્તિઓ વસ્તુતઃ વિદ્યમાન નથી, તેમનું અસ્તિત્વ વિચાર માત્રમાંજ છે.

આ પ્રકારના નિષેધાત્મક દુર્વિચારોને નિવૃત્ત કરવા જોઇએ અને તેમના સ્થાનમાં શક્તિપ્રેરક નિશ્ચયાત્મક વિચારો સ્થાપિત કરવા જોઇએ. આ પ્રકારના વિચારોનું બીજારોપણ કરી, જલસિંચન કરી તેમનો વિકાસ કરવો જોઇએ, જેથી અંતે તેઓ આદતરૂપી પ્રચંડ વૃક્ષમાં રૂપાંતર પામશે અને પ્રમાણિક તથા સુખમય જીવનરૂપી ઉત્તમ તથા ચૈતન્યદાયક ફળ ધારણ કરશે.

આદત આપણને બંધનમાં જકડી રાખે છે; અને તેજ આપણને મુક્ત બનાવી દે છે. આદત પ્રથમ વિચારમાં અંતર્ગત હોય છે અને પાછળથી તે કાર્યમાં પર્યવસિત થાય છે. દુર્વિચારને દૂર કરી સદ્‌વિચાર ધારણ કરો, એટલે તત્કાલજ તમારાથી સત્કાર્ય થવા લાગશે. દુર્વિચાર કરવાનો દુરાગ્રહ ધારણ કરશો તો તે તમને સજ્જડ જકડી લેશે; અને સદ્‌વિચાર કરવાનો સત્યાગ્રહ ધારણ કરશો તો તે તમને નિરંતર વિસ્તાર પામતા મુક્તિના ક્ષેત્રમાં લઇ જશે. જે શૃંખલાને ચહાતો હોય તે ભલે બંધનમાં રહે, પરંતુ જેને મુક્તિ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા હોય તેણે તો આગળ ધસીને પોતાની બેડીને છિન્ન ભિન્ન કરી નાંખવી જોઇએ.

શારીરિક સ્થિતિ.

આજે શારીરિક રોગની નિવૃત્તિ કરવાને અર્થે અનેક પ્રણાલિઓ વિદ્યમાન છે, જે દ્વારા પ્રતીત થાય છે કે સંસારમાં શારીરિક અસ્વાસ્થ્યનો વિસ્તાર ઘણોજ વધી ગયો છે. અને તેજ પ્રમાણે લોકોનાં મનને શાંતિ આપવાને અર્થે દુનિયામાં જે શતાવધિ ધર્મો અસ્તિત્વ ધરાવે છે તે સિદ્ધ કરે છે કે માનસિક અસ્વાસ્થ્ય પણ સર્વત્ર પ્રસરી રહ્યું છે. શારીરિક અસ્વાસ્થ્યની નિવૃત્તિ કરવાને માટે જે પ્રણાલિઓ પ્રચલિત છે તેઓ રોગનું નિર્મૂલન કરતી નથી, પરંતુ તાત્કાલિક દુઃખનું નિવારણ કરે છે. આ સર્વ રોગનિવારક પ્રણાલિઓ વિદ્યમાન હોવા છતાં આપણા રોગ અને દુઃખ નિવૃત્ત થતાં નથી. તેમજ અનેક ધર્મો હોવા છતાં પાપાચાર અને મનની વ્યાકુળતા મટતી નથી.

પાપાચાર અને માનસિક અશાંતિ તેમજ શારીરિક રોગ અને દુઃખનાં મૂળ એટલાં ઉંડાં હોય છે કે ઉપલકીઆં ઔષધોથી તેમનું નિર્મૂલન થઈ શકે એમ નથી. આપણાં શારીરિક દુઃખોનાં ઉંડાં મૂળ તો આપણા મનમાં હોય છે. આમ કહેવામાં મારો આશય એવો નથી કે શારીરિક રોગનું અસ્તિત્વજ હોતું નથી; વસ્તુતઃ કારણોની શૃંખલામાં હથિયાર તરીકે તે મહત્વનો ભાગ ભજવે છે. અસ્વચ્છતાથી એક પ્રકારના જંતુ ઉત્પન્ન થાય છે અને તે મરકી ફેલાવે છે, પરંતુ એ જંતુઓ તો માત્ર હથિઆર છે. અસ્વચ્છતાનું મૂળ જોવા જઇશું તો તે આપણુને નૈતિક શિથિલતામાં જણાશે. સ્થૂલ શરીર એ સૂક્ષ્મ મનનું દૃશ્ય સ્વરૂપ છે અને શારીરિક અશાંતિ કે જેને આપણે રોગની સંજ્ઞાથી ઓળખીએ છીએ તે પાપાચારથી ઉત્પન્ન થયેલી માનસિક અશાંતિનું પરિણામ છે. પોતાના ઐહિક જીવનમાં

મનુષ્યનું મન કામનાઓના પ્રચંડ વિગ્રહથી નિરંતર અશાંતિને પ્રાપ્ત થયા કરે છે અને તેથી તેના શરીર પર પણ અનિષ્ટકારક તત્ત્વોનું આક્રમણ થાય છે. આથી મનુષ્ય મનોવ્યગ્રતા અને શારીરિક અસ્વાસ્થ્યથી ઘેરાયેલો રહે છે. જંગલી અને મૂળ દશામાં રહેલાં પશુઓ રોગથી મુક્ત હોય છે, કારણ કે તેમને કોઇ પણ પ્રકારની વ્યાકુળતા હોતી નથી. તેઓ પોતાની પરિસ્થિતિની સાથે તદાકાર હોય છે, તેમને કોઇ પણ પ્રકારની નૈતિક જોખમદારી હોતી નથી, તેમને પાપની કલ્પના હોતી નથી, અને તેઓ પશ્ચાતાપ, શોક, નિરાશા વગેરેની લીધે ઉત્પન્ન થતી પ્રચંડ અશાંતિમાંથી મુક્ત હોય છે. આ કારણથી તેમને શારીરિક રોગ થતા નથી. પરંતુ મનુષ્યને તો અનુતાવ, શોક, નિરાશા વગેરે વૃત્તિઓ વળગેલી હોય છે, તે તેની શાંતિ અને સુખનો નાશ કરી નાંખે છે. પરંતુ મનુષ્ય જ્યારે સત્ય સ્વરૂપને પ્રાપ્ત થાય છે, ત્યારે તે આ સર્વ આંતર્ વિગ્રહને તિલાંજલિ આપે છે, પાપાચાર અને પાપ બુદ્ધિથી પર થાય છે અને શોક તથા પશ્ચાતાપનો પરિત્યાગ કરે છે. આ પ્રકારે તે મનઃશાંતિને પ્રાપ્ત થવાથી શારીરિક શાંતિ, આરોગ્ય અને સ્વાસ્થ્યને પણ પ્રાપ્ત થાય છે.

શરીર એ મનની પ્રતિમા છે અને તેમાં અદશ્ય વિચારોનાં દશ્ય સ્વરૂપો પ્રાપ્ત થાય છે. બાહ્ય શરીર આંતર્ મનની આજ્ઞાનુસાર વર્તે છે અને ભવિષ્યતના સુજ્ઞાની વિજ્ઞાનવેત્તાઓ પ્રત્યેક શારીરિક, અસ્વસ્થતાનું મૂળ માનસિક અશાંતિ છે એમ જણાવવાને શક્તિમાન થશે.

માનસિક સ્વાસ્થ્ય અથવા નૈતિક આરોગ્યથી શારીરિક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. જેવી રીતે એક માણસ દવાની એક બાટલી પીતો જાય અને શરીર સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી સુખી થઇ જાય (!) તેવી રીતે મનઃશાંતિ કાંઇ જાદુઇ અસર કરશે નહિ, પરંતુ મન જો વિશેષ

સ્વસ્થ અને શાંત બનતું જાય તથા જો નીતિબળ વધતું જાય, તો શારીરિક સ્વાસ્થ્યનો દ્રઢ પાયો રોપાય છે અને શક્તિઓ સંચિત થઇને વિશેષ ઉપયુક્ત બને છે, અને તેથી કદાચ પૂર્ણ આરોગ્યની પ્રાપ્તિ ન પણ થાય, તથાપિ ગમે તેવું પ્રબળ શારીરિક અસ્વાસ્થ્ય પણ બળવાન અને ઉન્નત થયેલા મનને નિર્બળ અને પતિત બનાવી શકશે નહિ.

જે માણસ શારીરિક અસ્વાસ્થ્યથી પીડિત હોય તે પોતાના મનને નીતિ અને શાંતિના સિદ્ધાંતો પર રચવાની શરૂઆત કરતાંવેંત એકદમજ રોગમુક્ત બની જશે નહિ. શરીર જ્યારે આગલી અશાંતિની અસર કાઢી નાંખવાને પ્રવૃત્ત થાય છે ત્યારે થોડા કાળ પર્યંત અસ્વાસ્થ્ય વૃદ્ધિંગત થયેલું દેખાય છે. જેમ એક માણસ સન્માર્ગે ચાલવા માંડે તેની સાથેજ તેને કાંઇ સંપૂર્ણ શાંતિ મળતી નથી, પરંતુ તેને થોડા કાળપર્યંત દુઃખ વેઠવું પડે છે, તેજ પ્રકારે માણસને પૂર્ણ આરોગ્ય એકદમ પ્રાપ્ત થતું નથી, પછી કેટલાક વિરલ અપવાદોમાં તેમ બને એ જૂદી વાત છે. શારીરિક કે માનસિક આરોગ્ય પ્રાપ્ત કરવાને માટે સમયની અપેક્ષા રહે છે, અને સમય જતાં પૂર્ણ આરોગ્ય પ્રાપ્ત નથી થતું તો થોડું ઘણું તો અવશ્ય પ્રાપ્ત થાય છેજ.

જો મનને દ્રઢ બનાવવામાં આવે તો શરીર ગૌણ બનશે અને કેટલાક માને છે તેમ તે પ્રધાન વસ્તુ રહેશે નહિ. જો એકાદ પ્રકારનો રોગ સારો નહિ થાય તો મન તેનાથી પર થઇ શકે છે અને તેને તાબે થવાની ના પાડી શકે છે. અસ્વાસ્થ્ય હોવા છતાં પણ જો માણસ ધારે તો સુખી, દ્રઢ અને ઉપયુક્ત થઇ શકે છે. આરોગ્યના સંબંધમાં જેમનો મત પ્રમાણભૂત ગણી શકાય એવા ઘણા માણસોએ વારંવાર કહ્યું છે કે શારીરિક સ્વાસ્થ્ય વિના ઉપયોગી અને સુખી જીવન ગાળવું અશક્ય છે, પરંતુ તેમનું આ કથન અસત્ય

સિદ્ધ થઈ ચૂક્યું છે. કારણકે મહાનમાં મહાન કાર્યો કરનાર સંખ્યાબંધ માણસો—લોકોત્તર બુદ્ધિમાન અને પ્રતિભાવાન માણસો શારીરિક અસ્વાસ્થ્યથી પીડાતા હતા અને આજે પણ આ વાતને પ્રમાણભૂત બનાવનારા પુષ્કળ માણસો વિદ્યમાન છે. કેટલીક વાર શારીરિક દુઃખ માનસિક પ્રવૃત્તિને ઉત્તેજિત કરે છે અને બુદ્ધિના કાર્યને પ્રતિરોધ કરવાને બદલે સહાય કરે છે. ઉપયુક્ત અને સુખી જીવનને શારીરિક આરોગ્યની ઉપર અવલંબિત રાખવું એ સૂક્ષ્મ મનને બદલે સ્થૂલ શરીરને પ્રાધાન્ય આપી દેહને આત્માનો સ્વામિ બનાવવા સમાન છે.

દ્રઢ મનના માણસો જો શરીર નિરોગી ન હોય તો તેની ઉપર આધાર રાખતા નથી. તેના પ્રત્યે સંપૂર્ણતઃ દુર્લક્ષ્ય કરે છે અને જાણે શરીર વિદ્યમાનજ ન હોય તેમ પોતાનું કામ ચાલુ રાખી આયુષ્ય નિર્ગમન કરે છે. શરીર પ્રત્યેનું આ પ્રકારનું દુર્લક્ષ્ય મનને સ્વસ્થ અને દ્રઢ રાખે છે એટલુંજ નહિ, પરંતુ શરીરને નિરોગી બનાવવાનો ઉત્તમોત્તમ ઉપાય એજ છે. આપણું શરીર સંપૂર્ણતઃ સુદ્રઢ ન હોય તો પણ આપણે આપણા મનને સ્વસ્થ રાખી શકીએ છીએ અને સ્વસ્થ મન એ શરીરને સુદ્રઢ બનાવવાનો ઉત્તમોત્તમ ઉપાય છે.

અસ્વસ્થ શરીર કરતાં અસ્વસ્થ મન વિશેષ નિંદ્ય છે અને તે શરીરને પણ રોગી બનાવે છે. મનનો રોગી એ શરીરના રોગી કરતાં વિશેષ દયાજનક સ્થિતિમાં હોય છે. કેટલાક રોગીઓ (અને પ્રત્યેક વૈદ્ય આ પ્રકારના રોગીઓથી પરીચિત હોય છે) એવા હોય છે કે જેમનું શરીર વાસ્તવમાં સ્વસ્થ અને સશક્ત હોય છે, પરંતુ તેમનું મન દ્રઢ, પરમાર્થી અને આનંદી નહિ હોવાથી તેઓ શરીરે અસ્વસ્થ બની ગયેલા હોય છે.

જેઓ પુરૂષની સંજ્ઞા ધરાવતા હોય તે સઘળે દુર્બળ વિચારોને

તિલાંજલિ આપવી જોઇએ. જે માણુસ એવી કલ્પના કરે છે કે હું જે અન્નનુ સેવન કરૂં છું તે મારા શરીરને અનિષ્ટ કરે છે તેણે પોતાના મનોબળથી શરીરબળ પ્રાપ્ત કરવું જોઇએ. પ્રાયઃ સર્વ માણુસોને પોતાની ઇચ્છાનુસાર ખોરાક મળતો નથી, આથી જે માણુસો એક ખાસ પ્રકારના ખોરાક પર શારીરિક આરોગ્ય અને શરીર રક્ષણનો આધાર રહેલો ધારે છે તેઓ જાણી જોઇને નાનાં નાનાં શારીરિક દુઃખો ઉત્પન્ન કરે છે. આપણે ક્ષુધાતુર હોઇએ અને આપણને અન્ન ગ્રહણ કરવાની આવશ્યકતા હોય ત્યારે પૃથ્વીપર ઉત્પન્ન થયેલાં ધાન્યોનું સેવન કરવાથી લેશ પણ નુકશાન થતું નથી, તે છતાં પણ તેમને આરોગ્ય અને જીવનનો ધ્વંસ કરનાર માનવાં એ તેમની પ્રકૃતિ અને કર્તવ્યનું કિંચિત્ પણ જ્ઞાન નહિ ધરાવવા સમાન છે. શરીરનો નિભાવ કરવો અને તેનું સંરક્ષણ કરવું એ અન્નનું કર્તવ્ય છે, તેને નષ્ટભ્રષ્ટ કરી નાંખવું એ કાંઇ તેનું કર્તવ્ય નથી. અન્નને અનિષ્ટકારક માનવું એ એક વિચિત્ર જાતનો ભ્રમ છે અને તે અવશ્ય શરીરપર હાનિકારક અસર ઉપજાવે છે. અનેક માણસો અન્નદ્વારા સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાની આશા રાખે છે અને તેઓજ આ પ્રકારનો ભ્રમ ધરાવે છે તેઓ કેટલાંક સાદાંમાં સાદાં, સ્વાભાવિકમાં સ્વાભાવિક અને શુદ્ધમાં શુદ્ધ ધાન્યોને અનિષ્ટકારક અને પ્રાણહાનિ કરનારાં માને છે. આ પ્રકારના અન્ન સુધારકો પૈકી એકે મને એકવાર કહ્યું હતું કે હું રોટલી ખાઉં છું તેથી મને રોગ થયો છે, અને આજ પ્રકારે રોટલી ખાવાથી હજારો માણસો રોગી બન્યા છે. તેણે રોટલી વિશેષ પ્રમાણમાં ખાવાથી દુઃખી થવાય છે એમ કહ્યું નહોતું, પરંતુ માત્ર રોટલી ખાવાથીજ દુઃખી થવાય છે એમ કહ્યું હતું. આ માણસ માત્ર સાધારણ ધાન્યનીજ રોટલી ખાતો હતો. આપણે આવી નિર્દોષ વસ્તુઓને આપણા રોગનાં કારણ માનવા પૂર્વે આપણા ખાનપાન,

આપણા દુર્બળ વિચારો, આપણા વિષય વિલાસો અને આપણા મૂર્ખતા ભરેલા અતિરેકોને તિલાંજલિ આપવી જોઇએ.

નાનાં નાનાં દુઃખો અને નાની નાની પીડાઓ વિષે ફરિયાદ કરવી એ આપણા ચારિત્ર્યની દુર્બળતા પ્રદર્શિત કરવા સમાન છે. એ વિષે વિચાર કરવાથી વારંવાર વાર્તાલાપમાં તે આગળ આવે છે અને તેથી મન પર તેની ઉંડી અસર થાય છે. અને આ રીતે મનની દયા ખાવાથી તે શીઘ્ર પતિત થઇ જાય છે. દુઃખ અને રોગ વિષે વિચાર કરવો જેટલો સહેલો છે તેટલોજ સુખ અને આરોગ્ય વિષે વિચાર કરવો સહેલો છે. અને તે વિષે વાત કરવી પણ તેટલીજ સહેલી છે તથા તેમ કરવાથી અધિક આનંદ તથા લાભ થાય છે.

નૈતિક સિદ્ધાંતો એ આરોગ્ય તથા સુખના દ્રઢમાં દ્રઢ પાયા છે. તે યથાવત્ આપણા વર્તનનું નિયમન કરે છે અને તે આપણા પ્રત્યેક કાર્યને લાગુ પડે છે. આ સિદ્ધાંતોનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે અને તેમને આતુરતાપૂર્વક ગ્રહણ કરવામાં આવે તો તેઓ આપણા જીવનના નાનામાં નાના ભાગની પુનર્રચના કરવાની આપણને ફરજ પાડશે. આ નૈતિક સિદ્ધાંતો આપણા ખોરાકનું નિશ્ચયપૂર્વક નિયમન કરશે અને ખોરાકની ખોટી ધાસ્તી તથા તેની અનિશ્ચતા વિષે મૂર્ખતા ભરેલા તરંગો તથા નિષ્પ્રયોજન મતોનો અંત આણશે. જ્યારે દ્રઢ નૈતિક આરોગ્ય વિલાસ ભોગ અને નિર્બળતાનું નિર્મૂલન કરશે ત્યારે સઘળા સ્વાભાવિક ખોરાકો પોતાની વસ્તુ સ્થિતિમાં જણાશે અર્થાત્ તેઓ શરીરને પુષ્ટિ આપનાર તરીકે અને નહિ કે તેનો નાશ કરનાર તરિકે પ્રતીત થશે.

આ પ્રકારે શારીરિક સ્થિતિના સંબંધમાં વિચાર કરતાં આપણે અનિવાર્ય રીતે પાછા મનની પાસે અને તેનું દ્રઢ રીતે સંરક્ષણ કરનારા સદ્‌ગુણોની પાસે આવીએ છીએ. જેમની નીતિ સારી હોય છે

તેમનાં શરીર પણ સારાં હોય છે. ચિર સિદ્ધાંતોને અનુસર્યા વિના ક્ષણિક વિચારો અને ક્ષણિક તરંગોનું અનુસરણ કરી જીવન ગાળવું એ ભ્રમમાં અથડાવા સમાન છે; પરંતુ ચિર નૈતિક સિદ્ધાંતો અનુસાર વર્તવું એ યથાવત્ કાર્ય કરવા સમાન છે.

શારીરિક રોગની નિવૃત્તિ કરવા કરતાં પણ તેનાથી પર થવું એ ઉત્તમ છે. આથી આપણે તેના સ્વામિ બનીએ છીએ, તેના દાસ બનીને તેના અત્યાચાર સહન કરતા નથી. શરીરનો દુરૂપયોગ નહિ કરવા, તેની ઇચ્છાને આધીન નહિ થવું, સદ્‌ગુણ કરતાં તેની કિમ્મત વધુ નહિ આંકવી, તેના વિલાસોનું નિયમન કરી તેમને મધ્યમ બનાવવા, તેનાં દુઃખોથી કંટાળી નહિ જવું, સંક્ષેપમાં, નૈતિક બળથી શાંત અને દ્રઢતાયુક્ત જીવન ગાળવું, એ શારીરિક રોગની નિવૃત્તિ કરતાં પણ ઉત્તમ છે અને વળી રોગ નિવૃત્તિનો શ્રેષ્ટ ઉપાય છે, તેમજ તે માનસિક બળ અને આધ્યાત્મિક શાંતિનો ચિરસ્થાયી ઝરો છે.

રંકતા.

સર્વ યુગોમાં થઈ ગયેલા જગતના મહાનમાં મહાન પુરુષો પૈકી ઘણાએ પોતાના ઉચ્ચ ઉદ્દેશો વધારે સારી રીતે સિદ્ધ કરવાને માટે દ્રવ્યનો પરિત્યાગ કર્યો છે અને રંકતા ગ્રહણ કરી છે. તો પછી રંકતાને આટલું બધું ભયંકર અનિષ્ટ શા માટે માનવામાં આવે છે? જે રંકતાને મહાપુરૂષો એક કલ્યાણકારક વસ્તુ ગણે છે અને જેને તેઓ સખી તરિકે અંગીકાર કરે છે તેને સર્વ સાધારણ શાપ અને અમાંગલિક વસ્તુ તરિકે શા માટે ગણે છે? એનો ઉત્તર સ્પષ્ટજ છે. મહાપુરૂષોની રંકતામાં મનની ઉદારતા જણાય છે. તે સર્વ અનિષ્ટનો નાશ

કરે છે એટલુંજ નહિ, પરંતુ મનને ઉન્નત, ઉત્તમ, સુંદર અને આકર્ષક બનાવે છે. દ્રવ્ય અને મજિજત કરતાં પણ તેમનું મન એટલું બધું ઉત્તમ બને છે કે તે અમીર ભિક્ષુકની પ્રતિભા અને સુખ જોઇને હજારો માણસો તેમની જીવન પ્રણાલિ ગ્રહણ કરીને તેમનું અનુકરણ કરે છે. અન્ય પક્ષે આપણાં મોટાં શહેરોના રંક લોકો સર્વ પ્રકારનાં નીચ અને ઘૃણાસ્પદ કાર્યોમાં—કસમ ખાવા, દારૂ પીવો, અસ્વચ્છતા અને પ્રમાદમાં રહેવું, અપ્રમાણિકપણે વર્તવું, ગુન્હા કરવા વગેરે કાર્યોમાં ચકચૂર રહે છે. તો પછી રંકતા અને પાપાચાર એ બેમાં મૂળ અનિષ્ટ કયું છે? અનિવાર્ય રીતેજ આપણને એ પ્રત્યુત્તર પ્રાપ્ત થાય છે કે પાપ એજ મૂળ અનિષ્ટ છે. રંકતામાંથી પાપાચારને દૂર કરો એટલે તેનો દંશ નષ્ટ થશે. પાપાચાર દૂર થતાં તેની પ્રચંડ અનિષ્ટતા નષ્ટ થશે એટલુંજ નહિ, પરંતુ તે દ્વારા સત્કાર્યો પણ સિદ્ધ થઈ શકશે. કૉન્ફ્યુસિયસનો ચેન હુઇ નામનો એક રંક શિષ્ય હતો તેને તે પોતાના શ્રીમંત શિષ્યોની સમક્ષ શ્રેષ્ઠ સદ્ગુણના આદર્શ તરિકે રજુ કરતો હતો. તે શિષ્ય એટલો બધો રંક હતો કે તેને ચોખા અને પાણી ઉપર નિર્વાહ કરવાની ફરજ પડતી હતી, અને તેને એક ક્ષુદ્ર ઝુંપડીમાં રહેવું પડતું હતું, તોપણ તે પોતાના દુર્ભાગ્ય વિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારતો નહોતો. આવી રંકતાએ અન્ય માણસોને અસંતુષ્ટ અને દુઃખી બનાવી દીધા હોત, પરંતુ તેણે પોતાનું મનઃસ્થૈર્ય લેશ પણ ડગવા દીધું નહોતું. રંકતા શ્રેષ્ઠ માણસના ચારિત્ર્યને ભ્રષ્ટ કરતી નથી, પરંતુ તે તેને ઉત્તમ કાર્ય કરવાને પ્રવૃત્ત કરે છે. જેવી રીતે ઝાંખા અલંકાર પર રત્નો જડવાથી તે વિશેષ પ્રકાશી નીકળે છે તે પ્રકારે ચેન હુઇના સદ્ગુણો તેની સ્થિતિ રંક હોવાથી અધિક દેદીપ્યમાન થયા.

સમાજ સુધારકો કાળતાં ને આળતાં બૂમો પાડે છે કે રંક લોકો

જે પાપાચાર કરે છે તેનું કારણ તેમની રંકતા છે; છતાં તેજ સુધારકો કહે છે કે શ્રીમંતોની અનીતિનું કારણ તેમનું દ્રવ્ય છે. જ્યાં કારણ હોય ત્યાં તેનું પરિણામ પણ દ્રષ્ટિગોચર થાયજ, અને દ્રવ્ય એ જો અનીતિનું કારણ હોય; તથા રંકતા એ જો પતિતતાનું કારણ હોય તો તો પ્રત્યેક શ્રીમંત અનીતિમાન બની જાય અને પ્રત્યેક રંક પતિત બની જાય.

વાસ્તવમાં દુર્ગુણી માણસ ગમે તેવા સંયોગોમાં દુષ્કૃત્ય કરશે, પછી ભલે તે શ્રીમંત હોય, રંક હોય વા મધ્યમ સ્થિતિનો હોય. અને સદ્‌ગુણી માણસની સ્થિતિ ગમે તેવી હશે તોપણ તે સત્કૃત્યોજ કરશે. જે દુર્ગુણ સંધિની પ્રતીક્ષા કરી રહ્યો હોય તેને સંકટના પ્રસંગો બહાર ખેંચી આણશે, પરંતુ સંકટ તેને ઉત્પન્ન કરી શકશે નહિ.

પોતાની આર્થિક સ્થિતિથી અસંતુષ્ટ થવું એ કાંઈ ખરેખરી રંકતા નથી. હજારો અને લાખો રૂપિઆની આમદાની સાથે ઘણીજ થોડી જવાબદારી ધરાવનારા ઘણા માણસો પોતાને રંક માને છે. તેઓ રંકતાને પોતાના દુઃખનું કારણ માને છે, પરંતુ વસ્તુતઃ લોભ એજ તેમના દુઃખનું મૂળ હોય છે. તેઓ ખરેખરી રંકતાથી દુઃખી બનતા નથી, પરંતુ દ્રવ્ય મેળવવાની તૃષ્ણાથી દુઃખી થાય છે. રંકતા ઘણીવાર તિજોરીમાં હોતી નથી, પરંતુ મનમાં હોય છે. જ્યાં સુધી માણસ વધુ દ્રવ્ય મેળવવાની તૃષ્ણા રાખશે ત્યાં સુધી તે પોતાને રંક માનશે અને તે અર્થમાં તે રંકજ છે, કારણ કે લોભ એ માનસિક રંકતાજ છે. ભલેને એક કંજુસ, લોભી માણસ કરોડાધિપતિ કાં ન હોય, પરંતુ તે કોડી વિનાના ભિક્ષુક સમાનજ છે.

અન્ય પક્ષે, દારિદ્ર્ય અને કંગાલ અવસ્થામાં રહેતા ઘણા માણસોના દુઃખનું કારણ એ છે કે તેઓ પોતાની સ્થિતિથી સંતુષ્ટ હોય

છે. અસ્વચ્છતા, અવ્યવસ્થા, પ્રમાદ, અનાચાર, ખરાબ વિચારો, ખરાબ શબ્દો અને ગંદી પરિસ્થિતિમાં રહેવું અને તેમાં સંતોષ માનવો એ અત્યંત નિંદ્ય કામ છે. આ દાખલામાં પણ રંકતા એ માનસિક સ્થિતિ છે અને એ રંકતા દૂર કરવાને માટે વ્યક્તિની બાહ્ય સ્થિતિ સુધારવા કરતાં તેનું મન સુધારવાની વિશેષ જરૂર છે. જો એક માણસ તેના મનમાં સ્વચ્છ અને ઉદ્યોગી હોય તો તે કદિ પણ બાહ્ય અસ્વચ્છતા અને પતિતતાથી સંતુષ્ટ થશે નહિ. જો તેનું મન સ્વસ્થ હશે તો તે પોતાનું ઘર સ્વચ્છ બનાવશે. જો તેનું મન સંસ્કૃત બન્યું હશે તો તે પોતે પણ સુધરશે અને પોતાની આસપાસની પરિસ્થિતિને પણ સુધારશે.

વળી બીજા કેટલાક એવા માણસો પણ હોય છે કે જેઓ અજ્ઞાન પણ હોતા નથી અને પતિત પણ હોતા નથી, અને તે છતાં પણ જેઓ રંક હોય છે. આવા ઘણા માણસો રંકતામાંજ આનંદ માને છે. તેઓ સંતુષ્ટ, ઉદ્યોગી અને સુખી હોય છે અને બીજી કોઇ પણ વસ્તુની તેમને અપેક્ષા હોતી નથી. પરંતુ તેમાંના જે માણસો અસંતોષી અને મહત્વાકાંક્ષી હોય છે, અને જેઓ અધિક સારી પરિસ્થિતિ તથા અધિક વિશાળ કાર્યક્ષેત્ર મેળવવાની ઇચ્છા રાખે છે તેઓ રંકતાને લીધે ઉશ્કેરાઇને પોતાની બુદ્ધિ અને શક્તિનો વધારે સારી રીતે ઉપયોગ કરે છે. તેઓ આત્મસંસ્કરણ અને કર્તવ્યપરાયણતાથી ઉન્નત થઇ પોતાના જીવનનો અધિક વિકાસ કરે છે અને મોટી જોખમદારીવાળાં કામો ખેડી પોતાની ઇચ્છા પરિતૃપ્ત કરે છે.

કર્તવ્યપરાયણતા એ રંકતામાંથી મુક્ત થવાનો માર્ગ છે એટલુંજ નહિ, પરંતુ તે શ્રીમંતાઇ, વજન અને શાશ્વત સુખનો રાજમાર્ગ છે. જ્યારે તેનો ગૂઢમાં ગૂઢ અર્થ સમજાય છે ત્યારે આપણને પ્રતીત થાય છે કે જીવનની ઉત્તમોત્તમ વસ્તુઓનું મૂળ એજ

છે. શક્તિ, ઉદ્યોગ, જીવનકાર્ય પ્રત્યે મનની એકાગ્રતા, એકજ ઉદ્દેશ, હિમ્મત અને પ્રમાણિકતા, દ્રઢ નિશ્ચય અને આત્મશ્રદ્ધા, અને સર્વ સત્ય મહત્તાની કુંચી રૂપ આત્મત્યાગ એ સર્વ કર્તવ્યપરાયણતાનાં અંગો છે. અદ્‌ભુત સફળતા પ્રાપ્ત કરનાર એક માણસને એક વાર કોઇએ એવો પ્રશ્ન કર્યો કે "આપની સફળતાની ચાવી શું છે?" તેણે પ્રત્યુત્તર આપ્યો: "પ્રાતઃકાળમાં છ વાગે ઉઠીને હું મારા કામે વળગું છું, એજ મારી સફળતાની કુંચી છે." જે માણસ ઉદ્યોગ-પૂર્વક પોતાનું જીવનકાર્ય કરે છે અને ધર્મવૃત્તિથી અન્યોનાં કાર્યોના હસ્તાક્ષેપ કરવાથી દૂર રહે છે તે માણસને સદા સફળતા, માન અને વજન પ્રાપ્ત થાય છે.

અત્રે એમ કહેવામાં આવશે અને હમ્મેશાં કહેવામાં આવે છે કે રંક માણસો પૈકી ઘણા—દાખલા તરિકે મીલોમાં અને કારખાનાંમાં કામ કરતા મજુરો—ને કોઈ ખાસ કામ કરવાને સમય અને સંધિ મળતી નથી. પરંતુ આ એક ભૂલ છે. સમય અને સંધિ હમ્મેશાં તૈયારજ હોય છે, અને પ્રત્યેક માણસને તે સર્વ કાળ મળે છે. ઉપર જણાવેલા રંક માણસો પૈકી જેઓ પોતાની પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માને છે તેઓ પોતાના કારખાનાના કામમાં ઉદ્યોગી થઇ શકે છે અને પોતાના ઘરમાં સુખી થઈ શકે છે. પરંતુ જેઓ એમ માને કે અમે અન્ય ક્ષેત્રમાં સારૂં કામ કરી શકીશું તેઓ પોતાના અવકાશના સમયમાં શિક્ષણ લઇને તે માટે તૈયારી કરી શકે છે. સખ્ત મહેનત કરનારા રંક માણસોને તો પોતાનો સમય અને પોતાની શક્તિની કરકસર કરવાની સૌથી વિશેષ અગત્ય છે, અને જે તરૂણને આવી રંકતામાંથી મુક્ત થવાની ઇચ્છા હોય તેણે પ્રથમ તો મદ્યપાન, બીડી પીવાની આદત, વ્યભિચાર, ગાયનના જલસા, કલબ અને જુગારખાનામાં જઈ મોડી રાત સુધી ઉજાગરા કરવાની આદત,

વગેરે મૂર્ખતા ભરેલાં અને પૈસાની ખુવારી કરનારાં કામોનો પરિત્યાગ કરવો જોઇએ અને સાયંકાળે પોતાની પ્રગતિને માટે આવશ્યક એવો અભ્યાસ કરવો જોઇએ. આ પ્રણાલિથી સૌથી મહાન ઇતિહાસ પ્રસિદ્ધ માણસો રંકમાં રંક સ્થિતિમાંથી ઉન્નત અવસ્થાને પ્રાપ્ત થયા છે. આ પરથી સિદ્ધ થાય છે કે રંકતા એ સંપત્તિની માતા છે. ઘણા લોકો ધારે છે અને જણાવે છે તેમ તે તેનો નાશ કરતી નથી. રંકતા જેમ અધિક તીવ્ર હોય છે તેમ પ્રાપ્ત સ્થિતિથી અસંતુષ્ટ થયેલા અને મહત્કાર્ય કરવાના નિશ્ચયવાળા માણસો કાર્ય કરવાને અધિક આવેશથી પ્રવૃત્ત થાય છે.

રંકતા એ અનિષ્ટ છે વા નહિ તેનો આધાર રંક મનુષ્યની મનોવૃત્તિ અને ચારિત્ર્ય ઉપર રહે છે, અને દ્રવ્ય એ અનિષ્ટ છે કે નહિ તેનો આધાર પણ મનુષ્યની મનોવૃત્તિ અને ચારિત્ર્ય ઉપરજ રહે છે. ટૉલ્સ્ટૉય પોતાની શ્રીમંતાઇમાં અકળાતો હતો. તેને ધન અત્યંત અનિષ્ટકારક લાગતું હતું. જેવી રીતે લોભી માણસ દ્રવ્યની તીવ્ર આકાંક્ષા રાખે છે તેવી રીતે તે રંકતાની તીવ્ર ઇચ્છા રાખતો હતો. છતાં દુષ્કૃત્ય એ તો હમ્મેશાં અનિષ્ટકારકજ હોય છે, કારણકે તે તેના કર્તાને પતિત કરે છે અને સમાજને હાનિ કરે છે. આપણે જ્યારે રંકતાનો યથાવત્ ઉંડો અભ્યાસ કરીએ છીએ ત્યારે તેનું મૂળ આપણને વ્યક્તિની મનોવૃત્તિમાંજ પ્રાપ્ત થાય છે. આપણા સમાજ સુધારકો હાલ જેમ શ્રીમંતોની ઝાટકણી કાઢે છે તેમ જ્યારે તેઓ દુષ્કૃત્યની નિંદા કરતાં શીખશે, હમણાં જેમ તેઓ હલકા પગાર દૂર કરવાને આતુર છે તેમ જ્યારે તેઓ દુરાચાર નિવૃત્ત કરવાને આતુર થશે ત્યારે આપણે આપણી સંસ્કૃતિના કલંક રૂપ પતિત રંકતામાં કાંઇક ન્યૂનતા થયેલી જોઇશું. આવી રંકતા સર્વથા નષ્ટ થાય તે પૂર્વે ઉત્ક્રાંતિની ક્રિયાથી મનુષ્યની મનોવૃત્તિમાં મોટો ફેરફાર થઇ જશે.

જ્યારે મનુષ્યના મનમાંથી લોભ અને સ્વાર્થ નીકળી જશે અને જ્યારે મદ્યપાન, અપવિત્રતા, પ્રમાદ અને ભોગવિલાસ સદાને માટે પૃથ્વી પટ પરથી દૂર થશે ત્યારે રંકતા અને શ્રીમંતાઈ એ ઉભય નષ્ટ થશે અને પ્રત્યેક માણુસ એવા અપૂર્વ આનંદ સહિત પોતાનું કર્તવ્ય બજાવશે કે જે આનંદને અદ્યાપિ માણુસો જાણુતા નથી (અથવા જેમનાં અંતઃકરણુ અત્યાર પૂર્વે પવિત્ર બની ગયાં છે એવા માત્ર થોડાજ માણુસો જાણે છે) અને તે સમયે શ્રેષ્ઠ આત્મમાન તથા પૂર્ણ શાંતિપૂર્વક સર્વ માણુસો પોતાના પરિશ્રમનું ફળ ચાખશે.

આધ્યાત્મિક સામ્રાજ્ય.

જે સામ્રાજ્ય ઉપર નિર્વિવાદ અધિકાર ચલાવવાનું સદ્‌ભાગ્ય માણસને પ્રાપ્ત થયેલું છે તે તેના મનનું અને તેના જીવનનું સામ્રાજ્ય છે: પરંતુ અત્યાર પૂર્વે જણાવવામાં આવ્યું તેમ આ સામ્રાજ્ય કાંઇ વિશ્વના સામ્રાજ્યથી પૃથક્ થતી, તેની મર્યાદા કાંઇ તેના મનમાંજ આવી રહેતી નથી. સમગ્ર મનુષ્યો, પ્રકૃતિ, જે ઘટનાની માળામાં તે ચાલુ કાળમાં ગુંચવાયેલું હોય તે માળા, અને આ વિશાળ વિશ્વની સાથે તેનો સંબંધ જોડાયેલો છે. આ સામ્રાજ્ય પર સ્વામિત્વ સ્થાપિત કરવાને માટે જીવનના જ્ઞાન પર સ્વામિત્વ સ્થાપિત કરવાની આવશ્યકતા છે. તે મનુષ્યને ઉત્તમ જ્ઞાન, મનુષ્યોનાં અંતઃકરણુ ઓળખવાની શક્તિ, સદસદ્‌વિવેકબુદ્ધિ, સદસદ્‌થી પર એવી વસ્તુને ઓળખવાની શક્તિ અને કાર્યોની પ્રકૃતિ તથા તેનાં પરિણામો જાણુવાની શક્તિ આપે છે.

ઘણુા માણુસો થોડે ઘણે અંશે તોફાની વિચારોની સત્તા નીચે

હોય છે અને આવા વિચારોનું નિર્મૂલન કરવું એ જીવનનો મહા-નમાં મહાન વિજય છે. મૂર્ખ માણસો ધારે છે કે સર્વ વસ્તુઓ જીતાય છે, પરંતુ પોતાની જાતને જીતી શકાતી નથી, અને તેઓ બાહ્ય વસ્તુઓમાં ફેરફાર કરીને સ્વયં સુખી થવા માગે છે તથા અન્યોને સુખી કરવા ઇચ્છે છે. બાહ્ય પરિણામોનું સ્થલાંતર કરવાથી કોઈ શાશ્વત સુખ કિંવા જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. જ્ઞાનીઓ જાણે છે કે જ્યાં સુધી મનને વશ કરવામાં આવતું નથી ત્યાં સુધી ખરો વિજય પ્રાપ્ત થતોજ નથી અને એક વાર જ્યાં મનપર અંકુશ પ્રાપ્ત થયો કે બાહ્ય વસ્તુઓ પર શાશ્વત અધિકાર પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ પ્રાપ્ત થતાં મનુષ્યના અંતરમાં આત્માનંદના ઝરા ફૂટવા માંડે છે. આથી તે પાપથી મુક્ત થઈ વિષય લાલસાથી પર થઈ પોતાના શરીરને વિશુદ્ધ અને સુદૃઢ બનાવે છે.

મનુષ્ય પોતાના મન પર અધિકાર ચલાવી શકે છે; તે પોતાની જાતનો સ્વામિ બની શકે છે. જ્યાં સુધી તે આ પ્રકારે પોતાના મન પર અધિકાર ચલાવતો નથી ત્યાં સુધી તેનું જીવન અયોગ્ય અને નકામું હોય છે. મનની શક્તિઓજ મનુષ્યના ગુણોની રચના કરે છે. મનુષ્યના શરીરમાં કોઈ ઉત્પાદક શક્તિ નથી, તે શક્તિ તો માત્ર તેના મનમાંજ છે. મન શરીર પર રાજ્ય ચલાવે છે અને તેની વાસના, તૃષ્ણાનું નિયમન કરે છે. સર્વ માણસોને મોડે યા વ્હેલે પોતાના પરસ્પર વિપ્લવ મચાવતાં માનસિક તત્ત્વોને વશ કરી, તેમાં ફેરફાર કરી તેને નવા માર્ગમાં પ્રવૃત્ત કર્યા વિના ગત્યંતરજ નથી. આ કાર્ય અદ્ભુત અને મહાન છે. દીર્ઘકાળપર્યંત મનુષ્ય પોતાને બાહ્યશક્તિઓનો ગુલામ માને છે, પરંતુ એક દિવસ એવો આવે છે કે જ્યારે તેનાં દિવ્યચક્ષુ ખુલે છે અને તેને પ્રતીત થાય છે કે આ દીર્ઘકાળ પર્યંત હું કોઈનો નહિ, પરંતુ મારી પોતાની નિરંકુશ અને અશુદ્ધ જાતનોજ

દાસ રહ્યો છું. તે દિવસે તે ઉન્નત થાય છે અને પોતાના આધ્યાત્મિક સિંહાસન પર આરૂઢ થાય છે. હવે તે પોતાની વાસનાઓ, કામનાઓ અને આસક્તિઓને ગુલામની પેઠે તાબે થતો નથી પરંતુ તેને પોતાની પ્રજા ગણીને તેનાપર અધિકાર ચલાવે છે. જે મનઃ સામ્રાજ્યમાં તે અત્યાર સુધી એક કંગાલ, ભિખારી અને ખાસડાંખાઉ ગુલામ તરિકે અથડાતો હતો તેને હવે તે આત્મસંયમથી પોતાનું રાજ્ય બનાવે છે. તેને તે નિયમીત, વ્યવસ્થિત અને સાંગોપાંગ સંપૂર્ણ બનાવે છે, તેની અસ્વસ્થતા અને તેના દુઃખદાયક વિરોધોને નિવૃત્ત કરે છે અને તેને પ્રશાંત બનાવે છે.

આ પ્રકારે ઉન્નત થઇને અને પોતાની ન્યાય્ય આધ્યાત્મિક સત્તા વાપરીને તે એવા મહાન સંતોના સમાગમને પ્રાપ્ત થાય છે કે જેમણે વિજય મેળવ્યો છે અને સિદ્ધિ કરી છે, જેમણે અજ્ઞાન, અંધકાર અને મનની વ્યાકૂલતાને જીતી લીધી છે અને જેમણે સત્યનું સિંહાસન પ્રાપ્ત કર્યું છે.

વિજય પ્રાપ્ત કરો, આધીન થશો મા.

જેણે પોતાની જાતને વશ કરવાનું ઉત્તમ કામ હાથમાં લીધું હોય, તે કોઇ પણ અનિષ્ટકારક વસ્તુને આધીન થતો નથી; તે તો માત્ર સદ્વસ્તુનેજ આધીન થાય છે. અનિષ્ટને તાબે થવું એ ખરાબમાં ખરાબ દૌર્બલ્ય છે; અને કલ્યાણકારક વસ્તુને તાબે થવું એ ઉત્તમોત્તમ શક્તિ છે. પાપાચાર અને શોક, અજ્ઞાન, અને દુઃખને આધીન થવું એનો અર્થ એજ છે કે " હું રણભૂમીમાંથી પલાયન કરૂં છું; હું પરાજય પામ્યો છું; જીવન અમાંગલિક છે અને તે અમાં-

ગલિક વસ્તુને હું તાબે થાઉં છું." અનિષ્ટને આ પ્રકારે આધીન થવું એ અધર્મને તાબે થવા સમાન છે. એ કલ્યાણકારક વસ્તુનો સ્પષ્ટ અનાદર કરવા સમાન છે. એથી અનિષ્ટને વિશ્વમાં સૌથી ઉચ્ચ અધિકારવાળી પદ્ધી પ્રાપ્ત થાય છે. સ્વાર્થી અને શોકાકુલ જીવનમાં આવી અનિષ્ટની તાબેદારી દૃષ્ટિગોચર થાય છે. જે જીવનમાં પ્રલોભનોની સામે થવાનું લેશ પણ સામર્થ્ય હોતું નથી અને કિંચિદ્ આનંદ વા શાંતિ હોતી નથી તે જીવનમાં આ પ્રકારની પરાધીનતા દૃગ્ગોચર થાય છે.

મનુષ્ય હમ્મેશાં પરાધીનતા અને ક્લેશ સહન કરવાને સરજાયેલો નથી, પરંતુ તે અંતે વિજય અને આનંદ ભોગવવાને સરજાયેલો છે. વિશ્વના સકલ આધ્યાત્મિક નિયમો સજ્જનના સહાયક હોય છે, કારણ કે તેના સદ્‌ગુણો તેનું સંરક્ષણ કરે છે. પરંતુ દુર્ગુણનું સંરક્ષણ કોઈ પણ નિયમ કરતો નથી. સ્વાભાવિક રીતેજ તે નષ્ટ ભ્રષ્ટ થાય છે.

આધુનિક અભ્યાસક્રમમાં દુશ્ચારિત્ર્ય દૂર કરી સચ્ચારિત્ર્ય ઘડવાની કોઈ પણ પ્રણાલિ વિદ્યમાન નથી. આપણા ધર્મગુરૂઓએ પણ સચ્ચારિત્ર્યનું જ્ઞાન અને તેના વિનિયોગને તિલાંજલિ આપી છે અને એટલા માટે તેઓ તે સંબંધે કાંઇ પણ શિક્ષણ આપી શકતા નથી. સર્વ સાધારણ પૈકી ઘણા માણસોનો નૈતિક વિકાસ કાંઇ પણ જ્ઞાન વિના જીવનસંગ્રામના દબાણથી થયેલો છે. છતાં પણ એક સમય એવો આવશે કે જ્યારે તરૂણોને ચારિત્ર્ય રચનાનું ખાસ શિક્ષણ આપવામાં આવશે. તે સમયે સ્વાભાવિક આત્મસંયમ, નિષ્કલંક પ્રમાણિકતા અને ઉચ્ચકોટિની પવિત્રતા વિનાનો કોઇ પણ માણસ ધર્માચાર્યનું પદ ભોગવી શકશે નહિ, કારણ કે તે સમયે ચારિત્ર્ય એ ધર્મનું પ્રધાન અંગ થઇ પડશે, અને ઉપરોક્ત ગુણો વિનાનો કોઇ પણ માણસ સચ્ચારિત્ર્યરચનાનું શિક્ષણ આપી શકશે નહિ.

માટે આપણે અનિષ્ટ પર વિજય પ્રાપ્ત કરવો જોઇએ, આપણે પાપાચારને જીતી લેવો જોઇએ, અને સદા સર્વદા સત્કાર્ય કરી ચિર શાંતિ ભોગવવી જોઇએ. અહીંઆં આજ સિદ્ધાંત દ્રઢીભૂત કરવામાં આવ્યો છે અને સર્વ યુગોના ધર્મ સંસ્થાપકોએ આ જ સિદ્ધાંતનું શિક્ષણ આપ્યું છે. અજ્ઞાન માણસોએ આ સિદ્ધાંતને ગમે તેટલો ઢાંકી દીધો કાં ન હોય, કિંવા તેના ગમે તેવા અનર્થ કર્યા કાં ન હોય, પરંતુ તે ભૂતકાળના સર્વ સિધ્ધોનો સિદ્ધાંત હતો અને તે ભવિષ્યતના સકલ સિધ્ધોનો સિદ્ધાંત બનશે. એ સત્યનો સિદ્ધાંત છે.

અને આપણે કાંઈ બાહ્ય અનિષ્ટ પર વિજય મેળવવાનો નથી: ખરાબ માણસો, પિશાચો અને ખરાબ વસ્તુઓને આપણે કાંઈ જીતવાની નથી; પરંતુ આપણે આપણા પોતાના આંતરિક દુર્ગુણો જીતી લેવાના છે, આપણા ખરાબ વિચારો, આપણી ભૂંડી વાસનાઓ, અને આપણાં દુષ્કૃત્યોને જીતી લેવાનાં છે. કારણ કે પ્રત્યેક મનુષ્ય જો પોતાના અંતરાત્મામાં રહેલા દુર્ગુણનો નાશ કરે તો પછી આ સમગ્ર વિશાળ વિશ્વમાં અનિષ્ટ ક્યાં દ્રષ્ટિગોચર થાય એમ છે? જે દિવસે સકલ મનુષ્યો સદ્ભાવના યુક્ત બનશે તે મહાન દિવસે આ પૃથ્વી પટ પરથી અનિષ્ટનાં સઘળાં ચિન્હો અદૃશ્ય થઇ જશે, પાપાચાર અને શોકની વાત કોઈ જાણશે નહિ અને સર્વને શાશ્વત સુખની પ્રાપ્તિ થશે.*

---

* "મન સર્વશક્તિમાન છે" એ સમગ્ર વિષય સુપ્રસિદ્ધ વિદ્વાન જેમ્સ એલનના "Man-king of mind, body and circumstances" એ નામના ગ્રંથનો અનુવાદ છે, જો કે અનુવાદ કાંઈ અક્ષરશઃ કરવામાં આવ્યો નથી.

ર. દી. પરમાર.

૮૧

સામાજિક સેવાની અગત્ય*

સામાજિક સેવાની ભાવના એ સુસંસ્કૃત અવસ્થાનું કારણ અને પરિણામ ઉભય છે. અસંસ્કૃત લોકોમાં આ ભાવનાનો ઉદય થયેલો હોતો નથી અને તેને પરિણામે તેઓ પૃથક્ પૃથક્ વ્યક્તિ સ્વરૂપેજ આ જગતમાં વિદ્યમાન રહે છે. પરંતુ સંસ્કૃત લોકો આ ભાવનાને પરિણામે વિરાટ્ સમૂહમાં શૃંખલાબદ્ધ બંધાય છે અને વિવિધ પ્રકારનાં સુખો ભોગવે છે. જો મનુષ્યમાં આ ભાવનાનો ઉદય થયો ન હોત તો કદિ પણ આજની સંસ્કૃતિને જન્મ મળ્યો ન હોત. આ ભાવના ઘણી ગહન છે અને તે અતિ પ્રચંડ પરિણામોને ઉપજાવે છે, માટે એનું બારિક અન્વેષણ કરવાની જરૂર છે. યૂરોપ જેવા પ્રકૃતિની દયા ખોઇ બેઠેલા ખંડમાં પુષ્કળ લોકો સુખપૂર્વક પોતાનો નિર્વાહ કરી શકે છે, ત્યારે અમેરિકા જેવા સુસંપન્ન અને ફળદ્રુપ ખંડમાં રહેતા ઇન્ડીયનો થોડા સખ્યામાં હોવા છતાં પણ ભૂખે મરતા હતા, આ ઉભય પ્રજા વચ્ચેનો ભેદ પણ આ ભાવનાના વિદ્યાવિદ્યમાનતાને લીધે જન્મ્યો છે, એમ જો કોઇને કહેવામાં આવે તો તેને કેટલું આશ્ચર્ય થશે? પરંતુ વાસ્તવમાં આ ભાવનાના અસ્તિત્વને પરિણામેજ યૂરોપીયનો શ્રીમંત છે અને એના અભાવને લીધેજ અમેરિકન ઇંડી-અનો રંક છે. "સબ સબકી સંભાલીઓ મેં મેરી ફોડતા હું" આ વૃત્તિ અસંસ્કૃત લોકોના મનમાં પ્રબળ હોય છે અને એને પરિણામે તેઓ વ્યક્તિગત જીવન નિર્ગમન કરે છે. તેમને પરસ્પરની સાહાય્યનો લાભ મળતો નથી, અન્યોનાં અનુભવની તેમને માહિતી મળતી નથી.

---

* આ રા. રા. રત્નસિંહ દીપસિંહ પરમારે અમદાવાદ "આર્ય-સમાજ મંદીરમાં આપેલું ભાષણ છે. એમાં "ધર્મોત્તેજક મંડળ"ના ઉદ્દેશો વિશેષ પરિસ્ફૂટ કરવામાં આવ્યા છે.

જો શરીરનાં ઉપાંગો એકબીજાને સાહાય્ય ન કરે તો પરિણામ શું આવે? સર્વનો નાશજ થાય, અને એજ ન્યાયે અસંસ્કૃત પ્રજાઓ નાશ પામે છે.

માટે પ્રજાનો જો બચાવ કરવો હોય તો તેને સામાજિક સેવાની અગત્ય સમજાવવી એ ગુરૂજનનું પરમ કર્તવ્ય છે. પ્રત્યેક મનુષ્યના મનમાં એવી ભાવના દૃઢ થવી જોઇએ કે '**હું સમાજને માટે જીવું છું, મારા દેહને માટે કિંવા મારા કુટુંબને માટે જીવતો નથી.**' જે દેશમાં આ ભાવના પ્રબળ હોય છે તે દેશ સૌના આગેવાન બને છે. હવે સમાજસેવા કેવી રીતે કરવી તે જણાવીશઃ—

અન્યોને કોઇ પણ પ્રકારની સાહાય્ય બદલાની કાંઇ પણ આશા વિના કરવી એ સામાજિક સેવા કરવાની ઇચ્છા રાખનાર પ્રત્યેક મનુષ્યનો મૂળ સિદ્ધાંત હોવો જોઇએ. જ્યાં સુધી આવો હેતુ રાખવામાં આવતો નથી ત્યાં સુધી કરેલી સેવા ઇષ્ટ ફળને ઉપજાવતી નથી. સૂર્ય આપણને પ્રકાશ આપે છે તે કાંઇ પણ બદલાની આશાથી આપતો નથી. પ્રકૃતિ આપણને સર્વ વસ્તુઓ કાંઈ પણ બદલાની આશા વિના પૂરી પાડે છે. વળી આપણને કોઇને કોઇ પણ પ્રકારની મદદ કરતાં સંકોચ થવો ન જોઇએ. કૈ. મહાદેવ ગોવિંદ રાનડેને એક ક્ષુદ્ર મજુરણને માથે ટોપલો ચઢાવતાં જરા પણ સંકોચ થયો નહોતો, એ આપણે સકળ જાણીએ છીએ. જો આપણા દેશના પ્રત્યેક માણસનું હૃદય આવું બની જાય તો આપણે કેટલા ઉન્નત બની શકીએ? અર્થશાસ્ત્રીઓ અને શુષ્ક પંડિતો લોકોને જડવાદ સમજાવે છે અને થોડી મહેનતે વિશેષ નાણું કેમ એકત્રિત કરી શકાય તેના માર્ગ બતાવે છે. પરંતુ તેમની આ નીતિ અંતે પ્રજાને નાશના માર્ગ તરફજ દોરી લઇ જાય છે. આના સંબંધમાં સર ચંદાવરકર શું કહે છે તે આપણે જોઇશું: તેઓ જણાવે છે કેઃ—

"And Political Economy dealing with our material conditions, presented with its prevailing tone life on earth as one made for the accumulation of wealth, meaning material possessions to be acquired by competitions as the dominating means. Credit consisted not in what a man was, but in what he had; value was the worth of a thing to its possessor, measured by the standard of money and the market-place; and self-interest was the best incentive to a man's capacity to work and increase of the wealth of the community." (સંક્ષેપમાં આનો અર્થ એ છે કે મનુષ્યના જીવનનો ઉદ્દેશ માત્ર દ્રવ્યનો ઢગલો કરવો એજ છે, એ દ્રવ્ય હરિફાઇથી મેળવવું જોઇએ, એક વસ્તુનો બજારમાં જે ભાવ ઉપજે તેજ તેની ખરી કિમ્મત છે અને સ્વાર્થ એજ પ્રજાની સંપત્તિ વધારવા માટે વ્યક્તિના બળને ઉત્તેજિત કરનારૂં ઉત્તમોત્તમ સાધન છે, એમ અર્થશાસ્ત્ર આપણને શીખવે છે.)

"Carlyle and Ruskin called Political Economy a dismal science." —કાર્લાઇલ અને રસ્કીને અર્થશાસ્ત્રને ભયંકર શાસ્ત્ર કહ્યું છે.) ......" Science preached the doctrine of the survival of the fittest, as if the physically unfit were designed by nature to be beyond redemption on this earth, and Political Economy saw in that doctrine its own law of Competition put into another language teaching

that nature has designed men for the struggle for life and in the struggle the weaker have no right to live but must go to the wall–the weaker whether in point of health or wealth."

(આનો અર્થ એ છે કે જાણે શારીરિક અયોગ્યતા ધરાવનાર માણસોને આ જગત્ પર જીવવાજ ન દેવાની પ્રકૃતિની યોજના હોય તેમ વિજ્ઞાને 'યોગ્યતમનું ઉદ્વર્તન' એ સિદ્ધાંત પ્રબોધ્યો અને અર્થશાસ્ત્રે તે સિદ્ધાંતમાં પોતાના 'સ્પર્ધા'ના સિદ્ધાંતનેજ બીજા શબ્દોમાં મૂકાયેલો જોયો અને તેણે એવો ઉપદેશ આપવા માંડ્યો કે પ્રકૃતિએ માણસોને જીવન કલહમાં કટિબદ્ધ થઇને ઉતરવાને તજ્યા છે અને એ કલહમાં દુર્બળ માણસોને જીવવાનો કાંઈ પણ હક્ક નથી. તેમનો તો નાશજ થવો જોઇએ, પછી તેઓ શરીરની બાબતમાં દુર્બળ હો કે દ્રવ્યની બાબતમાં દુર્બળ હો.)

હાલનું જર્મનીનું યુદ્ધ પણ આજ પાયા ઉપર છે. તે દેશના નાયેશ પ્રભૃતિ વિદ્વાનોએ એવો બોધ આપ્યો છે કે દુર્બળોને છુંદી નાંખો અને લોકોત્તર પુરૂષ (Superman) નીપજાવો. પરંતુ આ નીતિ તિરસ્કારને પાત્ર છે. આપણા ક્ષત્રિયો લડતા હતા, પરંતુ તેઓ ધર્મ યુદ્ધ કરતા હતા, અર્થાત્ રંકોના રક્ષણને માટે લડતા હતા, ભક્ષણને માટે નહિ. નાયેશનો સિદ્ધાંત એવો છે કે રંકોને સાહાય્ય કરવાની કાંઈ પણ જરૂર નથી, જો તેમનામાં બળ હશે તો તેઓ એની મેળે ઉપર આવશે. અને તેના સિદ્ધાંતને અનુસરીને મી. વાડીઆ નામના એક પારસીએ એક પુસ્તક લખ્યું છે, તે પણ એમજ કહે છે કે ઢેડ, ચમાર, વગેરેને સાહાય્ય કરવાની કાંઈ પણ જરૂર નથી. તેમને ગરજ હશે તો તેઓ પોતપોતાનો ઉદ્ધાર કરી લેશે. પરંતુ આમ કહેવું અત્યંત અનિષ્ટકારક છે. રંક લોકોની સ્થિતિ નહિ સુધા-

સ્વાથી શ્રીમંતોને કેટલું નુકશાન થાય છે તે આપણે મહાશય ચંદાવરકરનાજ શબ્દોમાં જોઈશું:—

"ભૂખથી મરી ગયેલાં માણુસો ચેપી રોગ ફેલાવીને પણ શ્રીમંતોને નુકશાન કરે છે. માટે સમાજમાં રહેલાં સ્ત્રી પુરૂષોનો દરજ્જો ગમે તે હોય પરંતુ તેમાંના પ્રત્યેકની કિમ્મત છે, અને જ્યાં સુધી પ્રત્યેક મનુષ્ય નિરોગી ન બને ત્યાં સુધી સમગ્ર સમાજ નિરોગી બનવો અશકય છે......ગરિબોની અસ્વચ્છતા, દુર્ગંધ, પતિતતા, અજ્ઞાન અને ભ્રષ્ટતા ગર્વિષ્ટમાં ગર્વિષ્ટ અને ઉંચામાં ઉંચા માણુસ પર વૈર લીધા વિના રહેતી નથી......કાન્ટ કહે છે કે 'પ્રત્યેક માણુસને સાધન ગણશો નહિ, પરંતુ સાધ્ય ગણશો......સમાજ એ સંગીતના સૂરમેલાપ સમાન છે. જો તેમાં એક પણ સ્વર ભંગ થાય તો સમગ્ર સંગીત બગડી જાય છે......માટે વ્યક્તિનો વિકાસ કરો. પ્રત્યેક મનુષ્યને એવો બોધ આપો કે તારી કાંઈક કિમ્મત છે, તું સમાજરૂપી યંત્રનું એક આવશ્યક અંગ છું, તેને બાધા કરનારો બોજો નથી......લોકોના હક્કનું સમર્થન કરનારાઓ વારંવાર કહે છે કે ભાગ્યશાળી અને પોતાને મોટા માનતા લોકો તરફથી રંકોને દાન જોઈતું નથી, પરંતુ **ન્યાય** જોઈએ છે. **જ્યાં સુધી આપણે સામાજિક સેવાને દાનની દયા પર છોડીએ છીએ ત્યાં સુધી આપણે સામાજિક સંસ્કરણને દૈવયોગની દયાપર છોડીએ છીએ**......એક મહાન વિજ્ઞાનીના મત પ્રમાણે શ્રીમંતો જે રંકતા, વ્યાધિ અને અસ્વચ્છતાને જગતમાં રહેવા દે છે તેની પાસેજ તેમના પર હુમલો કરાવીને પ્રકૃતિ તેમને શિક્ષા કરે છે."

મનુષ્યની આ સ્વાર્થિતા અત્યંત નુકશાનકારક છે. જડવાદ મનુષ્યને ઉદ્યમ કરતાં શીખવે છે, એ વાત ખરી; પરંતુ તે તેને સ્વાર્થી બનાવે છે. મનુષ્યે પોતાના ઉદ્યમનું ફળ માત્ર પોતેજ ન ભોગવતાં

દુર્ભાગી લોકોને પણ તે દ્વારા આશ્રય આપવો જોઇએ. સંસારની રચના એવી છે કે કેટલાક માણસોને વગર મહેનતે દ્રવ્ય મળે છે અને કેટલાક મહેનત કરી કરીને મરી જાય તો પણ તેઓ પૈસાનું મુખ જોતા નથી. આવી સ્થિતિમાં આપણા દુર્ભાગી અને લાચાર બંધુઓ તરફ સહાનુભૂતિ અને દયાની દ્રષ્ટિથી જોવું એ આપણું પરમ કર્તવ્ય છે. જો પ્રત્યેક માણસને તેના પરિશ્રમનું યોગ્ય ફળ મળતું હોય, જો પ્રત્યેક માણસ આ જગત્ રૂપી સમરાંગણ પર એક સરખાં શસ્ત્રાસ્ત્ર સહિત ઉતરતો હોય તો કદાચ શુષ્ક પંડિતો એમ કહી શકે કે સૌ સૌનું ફોડી લેશે. પરંતુ વસ્તુ સ્થિતિ તેથી સર્વથા વિપરીત છે. રંક માબાપના મહા બુદ્ધિશાળી પુત્રો દશ બાર રૂપરડીની નોકરીમાં અથડાય છે અને શ્રીમંત પિતાના મૂર્ખ પુત્રો હજારો રૂપિઆનો પગાર ખાય છે. કુલ અને જાતિ ડગલે ડગલે બુદ્ધિના માર્ગમાં વિઘ્ન નાંખે છે. આવી સ્થિતિમાં શ્રીમંતોએ રંકોને દ્રવ્ય અથવા દ્રવ્યદ્વારા મળતાં ઉપયુક્ત સાધનોની સાહાય્ય કરવી અને પંડિતોએ રંકોને મુફત જ્ઞાનદાન કરવું એ તેમનું કર્તવ્ય છે.

આ પ્રકારની સેવા કરવાનો માર્ગ જગતના મહાપુરૂષો આપણને બતાવી ગયા છે. આપણા શ્રી રામચંદ્ર, શ્રી કૃષ્ણ ભગવાન, મહાત્મા ગૌતમ બુદ્ધ, શ્રીમચ્છંકરાચાર્ય, સ્વામી શ્રી દયાનંદ સરસ્વતિ ઇત્યાદિ તથા પરકીય ક્રાઇસ્ટ વગેરે મહાત્માઓ આજ માર્ગનું અવલંબન કરી ગયા છે. તેઓ પરને કાજે જીવતા હતા—પોતાને માટે નહિ. માત્ર પૈસોજ ભેગો કરવાની અધમાધમ વૃત્તિ લઇ બેઠેલા શ્રીમંતોને આ મહાત્માઓનાં જીવનચરિત્ર જાણવાની પરમાવશ્યકતા છે. જ્યાં સુધી આ પશુતા દૂર થશે નહિ, ત્યાં સુધી કદિ પણ આપણી ઉન્નતિ થઇ શકનાર નથી.

દ્રવ્યનો ધર્મ છે કે તે જ્યાં હોય ત્યાં બીજું દ્રવ્ય પણ ખેંચાઇ

જાય છે અને આ કારણથી શ્રીમંત હોય તે અધિક શ્રીમંત થાય છે અને રંક હોય તે અધિક રંક બને છે. ક્રાઇસ્ટે પણ એમજ કહ્યું છે કે જેની પાસે હશે તેને આપવામાં આવશે અને જેની પાસે નહિ હશે તેની પાસે જે થોડું હશે તે પણ લઈ લેવામાં આવશે. વસ્તુ સ્થિતિ આવી હોવાથી સાયાસ કે અનાયાસ મળતું દ્રવ્ય આવશ્યકતા કરતાં વિશેષ રાખવું એ એક જાતનો અપરાધ છે. લોકો તરફથી મળેલું દ્રવ્ય લોકોના હિતને માટેજ ખર્ચવું જોઇએ. આપણા દેશમાં ધર્મશાળાઓ બંધાવવી, સદાવ્રતો ખોલાવવાં, વાવ, કૂવા, તળાવ, ઓવારા, મંદિર, વગેરે બંધાવવાં એવી જે પ્રથા પ્રાચીન કાળથી ચાલી આવી છે તેનું કારણ પણ દ્રવ્યદ્વારા રંક લોકોને સાહાય્ય કરવાની વૃત્તિજ છે. ભંડારા, જમણ, વગેરેનું મૂળ પણ એક સ્થળે દ્રવ્યનો ઢગલો ન થવા દેતાં લોકોમાં તેનો પ્રચાર કરી દેવાની વૃત્તિજ છે. લોકોપકાર કરવાનાં જમણ કરતાં વિશેષ સારાં સાધનો નથી એમ કહેવાનો મારો આશય નથી. પરંતુ અહીંઆં માત્ર આ પ્રાચીન રિવાજનું મૂળ શું હતું તે દર્શાવવાનોજ પ્રયાસ છે. હાલમાં ઇંગ્લાંડમાં પણ કેટલાક વિદ્વાનો એવાં આંદોલનો ફેલાવી રહ્યા છે કે કોઇ પણ માણસને ભૂખે મરવા દેવો નહિ. પ્રત્યેક માણસ નિદાન ભૂખથી તો બચે એવી વ્યવસ્થા કરવી એ સરકારની ફરજ છે એમ તેમનું કહેવું છે. ત્યાંના ડૉકટર વૉલેસ નામના એક વિદ્વાને એક યોજના ઘડી હતી, તે આ પ્રમાણે છે:—“ સરકારે—પછી તે પ્રજાસત્તાક હો વા રાજસત્તાક હો—પ્રત્યેક શહેરમાં એક શેર વજનના પાંઉ શેકીને તૈયાર કરી રાખવા અને જે કોઇ માણસ તે માગવા આવે તેને એક પાંઉ મુફત આપવો. જેની પાસે અન્ન નહિ હોય તેણે ખુશીથી સરકારી અન્નસત્રમાં જવું અને એક શેરનો પાંઉ હક્કથી માગી લેવો. આવા માણસને બીન-સરતે એક શેરનો પાંઉ મળવો જોઇએ. તેને ઘરબાર હોય, તેના

ઘરમાં સારાં રાચરચીલાં હોય એટલુંજ નહિ, પરંતુ તેની પાસે સાધારણ રીતે બેચાર દિવસ ગુજરાન ચલાવી શકાય એટલા પૈસા હોય તો પણ તેને પાંઉ આપવામાં હરકત લેવી નહિ. અપવાસી રહ્યા પછી ભિક્ષા તરિકે આ પાંઉ આપવાનો નથી, પરંતુ એક દિવસ પણ કોઇની ઉપર અપવાસી રહેવાનો પ્રસંગ ન આવે એટલા માટે તે આપવાનો છે. માણસ કામ કરતો હોય, કામ કરવાને ખુશી હોય, અથવા તેનાથી કામ કરી શકાતું ન હોય, તેની આ ત્રણ અવસ્થામાં તેને પેટભર અન્ન આપવું એજ સમાજનું કર્તવ્ય છે. તે કર્તવ્ય જો સમાજથી કોઇ કારણથી બજાવી શકાતું ન હોય, તો તેણે તેને નિદાન એક શેરનો પાંઉ તો આપવોજ જોઇએ." તેના આક્ષેપકોને તેનો એ ઉત્તર છે કે "એક લાયક પ્રાણી અન્ન અન્ન કરીને મરે તે કરતાં સોનાલાયક પ્રાણી પાંઉ લઇ જાય એ બહેતર છે."

અને પ્રત્યેક સાદી સમજ ધરાવનાર મનુષ્યને તેનું આ કથન સત્ય લાગ્યા વિના રહેશે નહિ. આપણા દેશમાં જે સંયુક્ત કુટુંબની વ્યવસ્થા છે તેનું મૂળ પણ આજ ભાવના છે. કુટુંબનો એક માણસ રોગી હોય, અશક્ત હોય, વા દ્રવ્ય પેદા કરવાની શારીરિક કિંવા માનસિક શક્તિ ધરાવતો ન હોય, તો પણ તે સબળ અને સશક્ત માણસના પરસેવાથી પ્રાપ્ત થયેલા અન્નનો તો ભાગીદાર છેજ, એવી આપણા લોકોની માન્યતા છે, અને તે પ્રશસ્ત છે. આપણા સમાજનું આ અંગ અતિ મનોરમ છે અને જ્યાં સુધી તે ટકી રહેશે ત્યાં સુધી આપણી પ્રજાને તેથી ઘણો લાભ થશે. કુટુંબનો જે માણસ કમાઉ હોય, તે માન, મોભો ભોગવે અને તેનો અશક્ત બંધુ રોટલાના ટુકડા વિના ભૂખે મરે, એ સ્થિતિ તેને માટે કદિ પણ શોભાસ્પદ હોઇ શકે નહિ. પોતાના અશક્ત બંધુને અન્નથી વંચિત ન રહેવા દેવો એ પ્રત્યેક રીતે તેની ફરજ છે. એને બદલે વિભક્ત કુટુંબ વ્યવસ્થાનો

ઉપદેશ આપનારા, વિજ્ઞાનની સહાય્યથી અન્યોની ઉપર સરસાઇ ભોગવવાનો બોધ દેનારા અને 'Survival of the fittest' (યોગ્યતમનું ઉદ્વર્તન) એ પ્રાકૃતિક નિયમ છે એમ કહી રંકો પ્રત્યે દુર્લક્ષ્ય કરાવનારા શુષ્ક પંડિતો સમાજને ઘણી હાનિ કરે છે. આ કામો માત્ર પશુનેજ શોભે, પરંતુ મનુષ્ય કાંઈ પશુ નથી. મનુષ્યમાં ઉત્તમ ભાવના, ઉત્તમ ગુણો રહેલા છે. આ ભાવનાને પરિણામે જડવાદીઓ પણ કેવા બદલાઇ જાય છે તેનો ઉત્તમ દાખલો આપણને ડૉક્ટર વૉલેસ કે જેનો નિર્દેશ આગળ કરી ગયો છું તે પૂરો પાડે છે. તેમના જીવનની કેટલીક હકિકત આ વિષયને લાગુ પડતી હોવાથી હું જણાવીશ. તેઓ પ્રથમ નાસ્તિક હતા અને ડાર્વિન વિગેરે વિદ્વાનોના મતને અનુમોદન આપતા હતા. પરંતુ એક વાર તેમને મનુષ્ય પ્રાણીની ઉત્પત્તિ વિષે એક અતિ મહત્વનો મતભેદ પડયો. ડાર્વિનનો મત એવો હતો કે કનિષ્ટ પ્રતિના પ્રાણીઓમાંથી માનવ પ્રાણી નિર્માણ થવાને માટે માત્ર ઉત્ક્રાંતિ તત્ત્વજ પૂરતું છે. પરંતુ વૉલેસનું કહેવું એવું હતું કે માનવ પ્રાણી એ કાંઈ મનુષ્યના આકારનો પશુ નથી. માનવ પ્રાણીના અંગમાં જે બૌદ્ધિક અને નૈતિક ગુણ દૃષ્ટિગોચર થાય છે તે કનિષ્ટ કોટિના પ્રાણીઓમાંથી ઉત્ક્રાંતિ તત્ત્વ દ્વારા ઉત્પન્ન થવા અશક્ય છે. કારણ કે કોઇ પણ કનિષ્ટ કોટિના પ્રાણીમાં તેવા ગુણ દૃષ્ટિગોચર થતા નથી. આથી વૉલેસનો મત એવો થયો કે પ્રસ્તુત બૌદ્ધિક અને નૈતિક ગુણ કોઇ નિરાળા માર્ગથી મનુષ્યને પ્રાપ્ત થયેલા હોવા જોઇએ. અર્થાત્ માનવ જાતિ પર કોઇની પણ વિશેષ કૃપાદૃષ્ટિ હોવી જોઇએ.

ત્યાર પછી ડૉ૦ વૉલેસ આસ્તિકવાદી થયા અને તેથી વિદ્વાનો આશ્ચર્યચકિત થઇ ગયા. ત્યાર પછી એક અનપેક્ષિત પરિણામ ડૉ૦ વૉલેસના આ અભિપ્રાયની પ્રસિદ્ધિથી થયું. ઉત્ક્રાંતિ તત્ત્વ પ્રસિદ્ધ

થયા પછી લોકોની એવી માન્યતા થઇ હતી કે આ જગતમાં 'survival of the fittest' (યોગ્યતમનું ઉદ્વર્તન) એ તત્ત્વનું સામ્રાજ્ય હોવાથી જેઓ સર્વ પ્રકારે લાયક હોય તેઓજ સંપૂર્ણતઃ યશસ્વી થઇ શેષ રહેશે. અર્થાત્ બીજા શબ્દોમાં કહીએ તો જે શરીરે હૃષ્ટપુષ્ટ અને બલિષ્ટ હોય તે પોતાના બળથી સદ્ગુણી પરંતુ અશક્ત પ્રાણીને ઠાર કરી નાંખશે. માત્ર બળવાનજ જીવશે એવો આનો અર્થ થયો. આ ભયંકર તત્ત્વને લીધે આ જગતમાં દયા, માયા, ક્ષમા, પ્રેમ, ઉપકાર, શાંતિ વગેરે સાત્વિક ગુણોને અવસર નહિ મળતાં કેવળ શારીરિક બળનુંજ સામ્રાજ્ય થાય અને તેથી તે અત્યંત ક્રૂર બની જાય એમાં કાંઇ પણ સંશય નથી. 'Natural selection and survival of the fittest' (અર્થાત્ નૈસર્ગિક પસંદગી અને યોગ્યતમનું ઉદ્વર્તન) એ બે તત્ત્વ પરજ જો જગતનો પસારો ચાલે તો સાત્વિક ગુણોની કિમ્મતજ ન રહે, અને આ વાત ડૉ૦ વૉલેસને સારી રીતે સમજાઇ.

હવે યુરોપિયન સમાજની નિરાશાજનક સ્થિતિનાં કારણો શોધવા તરફ ડૉ૦ વૉલેસનું ધ્યાન લાગ્યું. જગતના સુધરેલા કહેવાતા પાશ્ચાત્ય દેશોમાં એક બાજુએ અઢળક ધન અને બીજી બાજુએ ઘોર દારિદ્રય અસ્તિત્વ ધરાવે છે તેનું કારણ શું હશે એ મોટો પ્રશ્ન તેમની સમક્ષ આવીને ઉભો રહ્યો. તપાસ કરતાં તેમને જણાયું કે ભૌતિક શાસ્ત્રની ઉન્નતિનો અર્થ એ છે કે પૂર્વે જે કામ કરવામાં ઘણી અંગ મહેનત જોઇતી હતી તે કરવાને હાલમાં થોડી જોઇએ છે. ગત બસેં વર્ષમાં જે યંત્રો નીકળ્યાં છે તે સર્વના યોગથી એટલી સરલતા થઇ છે કે જે કામ જગતનાં સર્વ માણસોના હાથથી પણ પૂરાં થયાં ન હોત તેજ કામ હાલમાં યંત્રની સાહાય્યથી ઘણાં થોડાં માણસો કરી શકે છે. આથી માણસની અંગશક્તિનો ઘણો બચાવ થાય છે. એક

માણસ ચોવીસ કલાકમાં પણ પોતાના હાથથી જે કામ કરી ન શકે તેજ કામ તે યંત્રની સાહાય્યથી અર્ધા કલાકમાં કરી શકે છે, તોપણ માણસો આટલા ઘોર દારિદ્રયમાં શા માટે સડે છે? અર્ધા કલાક સુધી પેટ ભરવાનો ઉદ્યોગ કરી શેષ સમય તે પોતાના અંગની દિવ્ય શક્તિની વૃદ્ધિ કરવામાં શામાટે ખર્ચતો નથી? આવા આવા અનેક પ્રશ્નો ડૉ૦ વૉલેસના મનમાં ઉત્પન્ન થયા.

પરંતુ તે સર્વનો ઉત્તર તેને એકજ જણાયો, અને તે એ કે યાંત્રિક શક્તિ આખી માનવ જાતિને લાભદાયક થવાને બદલે માત્ર મૂડીવાળા લોકોનેજ લાભદાયક થાય છે. આજ સુધી પૃથ્વી પર આમજ બન્યું છે. જ્યાં જ્યાં યાંત્રિક કળા ફેલાઈ છે ત્યાં ત્યાં સંપત્તિની વિષમ વ્હેંચણી દ્દષ્ટિગોચર થાય છે તેનું કારણ આજ છે. આથી મૂડીવાળાઓને વધુ મૂડી એકઠી કરી આપનાર મજુરોની સ્થિતિ સુધારવાને તેઓ આગ્રહ કરવા લાગ્યા. મજુરોની માગણીના સમ્બંધમાં તેઓ જણાવે છે:—

"What is that demand? It is that the community shall guarantee to the men and women who perform services essential to the existence or happiness of the community a reasonably comfortable and civilized livelihood—a decent minimum of food and clothing leisure and recreation and houses fit for human beings." (અર્થાત્ સમાજના અસ્તિત્વ અને સુખને માટે કામ કરનારાં સ્ત્રી પુરૂષોને સાધારણ રીતે સારો ખોરાક, સારાં વસ્ત્રો, અવકાશ અને રમત ગમતનાં સાધનો તથા માનવ પ્રાણીને યોગ્ય એવાં ઘર અર્થાત્ સાધારણ રીતે સુખી અને સંસ્કૃત જીવનનાં સાધનો સમાજે અવશ્ય પૂરાં પાડવાંજ જોઈએ એવી

મજુરોની માગણી છે) મજુરોને શું મળવું જોઇએ તત્સંબંધે તેઓ જણાવે છે કેઃ—

"A fixed living wage is merely the irreducible part of the remuneration, the rest being propertioned to the profits on the work done." (અર્થાત્ સારી રીતે નિર્વાહ કરી શકાય એટલા પગારમાં તો કાંઈ ઘટાડો કરવો જોઈએજ નહિ, વિશેષ માટે કરેલા કામ પર જે નફો થાય તેના પ્રમાણમાં મજુરને ભાગ આપવો જોઈએ.) અંતે તે કહે છે કેઃ—

"The horrible scandal and crime of men, women, and little children, by thousands and millions living in the most wretched want, dying of actual starvation or driven to suicide by the dread of it must be stopped, that is, *Destitution must be stamped out.*" (અર્થાત્ અત્યંત ત્રાસદાયક તંગીમાં રહેતાં, પ્રત્યક્ષ ભૂખે મરતાં, અથવા ભૂખે મરવાના ભયથી આત્મહત્યા કરવાને દોરાઇ જતાં હજારો અને લાખો સ્ત્રી પુરૂષો અને બાળકો જે ભ્રષ્ટાચાર અને પાપાચાર કરે છે તેનો અટકાવ કરવો જોઈએ, અર્થાત્ **દારિદ્રયનો સમૂળ નાશ કરવો જોઇએ**)

એક નાસ્તિક પણ માનવ લાગણી અને માનવ સંસ્કારને વશ થઇ કેટલું કરી શકે છે તે આપણે ડૉ. વૉલેસના ઉદાહરણ પરથી સારી રીતે જાણ્યું છે. અને આ ભાવનાજ આપણી સંયુક્ત કુટુંબ વ્યવસ્થાની જનની છે. અત્રે સંયુક્ત કુટુંબના આશ્રિતોને આળસુ અને પરાવલંબી બનાવવાનો ઉદ્દેશ નથી, પરંતુ તેમને યોગ્ય સાહાય્ય કરી ઉન્નતિ પથપર લાવવાનો ઉદ્દેશ છે. અત્રે આ પ્રકારની ભાવના

દ્રઢ કરી આશ્રિતોને પરાવલંબી બનાવવાનો નહિ, પરંતુ તેમને સ્વાવલંબી થવામાં સાહાય્ય કરવાનો (to help them to help themselves) ઉદ્દેશ છે. આ સ્થળે મારા કહેવાનો વિપરીત અર્થ ન કરવા માટે વિનંતિ છે. '**वसुधैव कुटुम्बकम्**' એ ભાવનાથી કામ કરનાર માણસોજ સમાજને લાભ કરી શકે છે. આ બાબતમાં **મીસ** ફ્લોરંસ **નાઈ**ટિંગેલ તથા **મહાત્મા બુથ**નાં ઉદાહરણો ખરેખર અનુકરણીય છે. **મહાત્મા બુથ**ના જેટલા વિશાળ પાયાપર એકાદ પરોપકારી સંસ્થાની સ્થાપના કરનાર કોઇ પણ વીરલો આપણા દેશમાં નીકળ્યો નથી એ અફસોસની વાત છે. પરંતુ મને આશા છે કે હવે પછી કોઇ નીકળશે.

લોકસેવા કરવાના કેટલાક પ્રકારો અત્રે સૂચવું છું:—

(૧) ઉપયોગી સાહિત્યનો દેશી ભાષામાં પ્રચાર કરવો.

આ ઘણીજ અગત્યની બાબત છે. સાહિત્ય પ્રજાની ઉન્નતિમાં મુખ્ય ભાગ ભજવે છે. જે પ્રજાનું સાહિત્ય નિર્બળ હોય છે તે કદિ પણ ઉન્નત દશામાં હોતી નથી. યૂરોપમાં મુદ્રણકળાની શોધ થઇ સસ્તી કિમ્મતે પુસ્તકોનો પ્રચાર થવા માંડયો ત્યારથીજ તે પ્રજા ઉન્નત થવા લાગી છે. તે પૂર્વે તે પ્રજા જંગલી અવસ્થામાં હતી. સુધરેલા રાષ્ટ્રોમાં સાહિત્યનો સસ્તે ભાવે પ્રચાર કરવાને માટે ખાસ સંસ્થાઓ સ્થાપવામાં આવેલી હોય છે. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાને માટે એ ધર્મનાં પુસ્તકો એટલી સસ્તી કિમ્મતે ફેલાવવામાં આવે છે કે તે જોઇને આપણે આશ્ચર્યચકિત થઇ જઇએ છીએ. આપણા ધર્મનો પ્રચાર કરવાને માટે એટલી સસ્તી કિમ્મતે આપણાં ધાર્મિક પુસ્તકો ફેલાવવામાં આવતાં નથી એ અતિ અફસોસની વાત છે. ધાર્મિક સાહિત્ય ઉપરાંત સાંસારિક, સામાજિક, ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, બાળકો સંબંધી, સ્ત્રીઓ સંબંધી વગેરે પ્રકારનું ઉપયોગી સાહિત્ય

સસ્તી કિમ્મતે ફેલાવવાની પરમાવશ્યકતા છે. આજકાલ કેટલાંક ચિ-થરીઆં નૉવેલો બહાર પડે છે, તે જાતના સાહિત્યને કદિ પણ ઉત્તે-જન આપવું નહિ જોઇએ. જે સાહિત્ય પ્રજાને ઉન્નતિના માર્ગ તરફ દોરે, તેની સાંસારિક, સામાજિક, ઔદ્યોગિક સ્થિતિ સુધારે, તેને સશક્ત, બળવાન, ધાર્મિક અને નીતિમાન બનાવે તેનો પ્રચાર કર-વાની જરૂર છે. જો કોઇ પણ પ્રકારનાં નૉવેલોની જરૂર હોય તો તે ઉત્કૃષ્ટ કોટિનાં નૉવેલોનીજ છે, નહિ કે શૃંગારરસથી ભરેલાં નૉવેલોની. આ પ્રકારનાં નૉવેલોથી જો કે તેમના લેખકો અને પ્રકાશકોને લાભ થતો હશે, પરંતુ તેથી પ્રજાને હાનિ થાય છે. ખાસ કરીને આપણે અંગ્રેજી ભાષામાંથી ઘણું શીખવાનું છે અને તેથી તે ભાષાના ઉત્તમો-ત્તમ ગ્રંથોનું ભાષાંતર દેશી ભાષામાં કરી તેનો સસ્તામાં સસ્તી કિમ્મતે પ્રચાર કરવામાં આવે તો દેશને કેટલો બધો લાભ થાય? હું આ કાર્ય તરફ વિદ્વાનો તેમજ શ્રીમંતો એ ઉભયનું ધ્યાન ખેંચું છું. વિદ્વાનો જો પોતાના જ્ઞાનનો ઉપયોગ આ ભાષાંતર કરવામાં કરે અને અને શ્રીમંતો પોતાના દ્રવ્યનો ઉપયોગ તે છપાવવામાં કરે તો અવશ્ય પ્રજાને લાભ થાય.

(૨) જગતની સર્વ ભાષાઓના ઉત્તમોત્તમ ગ્રંથોનું એક પુસ્તકાલય સ્થાપન કરવું.

આપણા દેશમાં પુસ્તકાલયો છે અને તેથી પ્રજાને થોડો લાભ થાય છે પણ ખરો, પરંતુ આ દિશામાં ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે. લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં જગતની સર્વ ભાષાઓના ગ્રંથો એકત્રિત કરવામાં આવે છે, તે પ્રમાણે જો આપણા દેશમાં કોઇ મોટા નગરમાં—દાખલા તરિકે, મુંબઇમાં—આવું વિરાટ પુસ્તકાલય સ્થાપન કરવામાં આવે તો તેથી પ્રજાને કેટલો બધો લાભ થાય? 'યવનોની ભાષા શીખવી નહિ' એમ માનનારા ઘણા મૂર્ખો આ-

પણા દેશમાં વસે છે, પરંતુ તે કુંભકરણોને હવે જાગૃત થઇ ઇતર-દેશો તરફ દ્રષ્ટિ નાંખવાની જરૂર છે. જગતની કોઇ પણ ભાષા એવી નથી કે જેનો એક પણ જ્ઞાતા ઇંગ્લાંડમાં ન હોય. જંગલી લોકોના દેશમાં ધર્મ પ્રચાર કરવાને માટે જે પાદરીઓ જાય છે તેઓ તેમની ભાષા શીખે છે, તેનું વ્યાકરણ રચે છે, તે ભાષામાં તેમને ધર્મોપદેશ કરે છે અને તેના ઉત્તમ સાહિત્યનો લાભ અંગ્રેજી ભાષાભિજ્ઞોને પણ આપે છે. શું તેમની આ પ્રવૃત્તિ ઓછી પ્રશસ્ત છે? આપણા દેશના બ્રાહ્મણો આમ કરતાં ક્યારે શીખશે? હજી કેટલોક કાળ પરદેશગમન શાસ્ત્ર સમ્મત નથી એવી બૂમો પાડયા કરવી છે? યૂરોપીઅનોનું આ દેશમાં આગમન થયું ત્યારથી તેઓ ખોળી ખોળીને સંસ્કૃત ગ્રંથો પોતાના દેશમાં લઇ જાય છે અને તેને પરિણામે તેઓ આપણા પૂર્વજોને પૂજ્ય માનતા થયા છે. પાલી વગેરે ભાષાના ગ્રંથો પણ તેઓ લઇ જાય છે. પરંતુ ગ્રીક, લૅટિન વગેરે પ્રાચીન અને રશિયન, ફ્રેંચ, જર્મન, ઇટાલિયન પ્રભૃતિ અર્વાચીન ભાષાના કેટલા ગ્રંથો મેળવવાનો આપણે પ્રયત્ન કર્યો છે? અંગ્રેજી રાજભાષા હોવાને લીધે ફરજીઆત આપણને તેના ગ્રંથો વાંચવા પડે છે. નહિ તો તેમને પણ આપણે વિસારી દીધા હોત. કેટલાકો એમ કહે છે કે જેમને સંસ્કૃત ભાષાનું જ્ઞાન હોય, તેમને ઇતર ભાષાઓ જાણવાની કાંઇ પણ જરૂર નથી. પરંતુ આ એક જાતની મૂર્ખતાજ છે. અંગ્રેજો કોઇ પણ ભાષામાંથી તત્ત્વ ખેંચવાની આનાકાની કરતા નથી, અને આ કારણથી ઇંગ્લાંડ દેશમાં જગતની સર્વ ભાષાના ગ્રંથો વિદ્યમાન છે. આપણા દેશની સ્થિતિ પણ આવી કરવી એ આપણું પ્રધાન કર્તવ્ય છે.

(૩) ફરતા પુસ્તકાલયની યોજનાથી ગામડાના તેમજ શહેરના લોકોને ઉપયોગી જ્ઞાન પૂરૂં પાડવાનો પ્રયત્ન કરવો.

"If the mountain does not come to Mohomed, Mohomed shall go to the mountain" (જો પર્વત મહમદની પાસે નહિ આવશે, તો મહમદ પર્વતની પાસે જશે.) લોકોમાં વાંચનાભિરૂચિ જાગૃત કરવાને માટે સુધરેલા દેશોમાં વિવિધ પ્રકારની યોજનાઓ કરવામાં આવેલી છે અને આ તે પૈકીની એક છે. આનો ઉદ્દેશ લોકોને ઘેર બેઠાં વાંચન પૂરૂં પાડવાનો છે. સઘળા લોકોને કાંઈ પુસ્તકાલયમાં જવાનો અવકાશ હોતો નથી કિંવા તેમની પાસે પુસ્તકો ખરીદવાને માટે પૈસા હોતા નથી. શું ત્યારે તેમણે જ્ઞાનથી વંચિત રહેવું? ના, ના, તેમને ઘેર બેઠાં વાંચન પૂરૂં પાડવાની જરૂર છે. જ્યારે પુસ્તકોની વિપુલતા થઈ નહોતી ત્યારે જ્ઞાન આપવાનું કામ ભ્રમણ કરતા સાધુઓ કરતા હતા અને હજી પણ કેટલેક અંશે કરે છે. પરંતુ હવે યુગ બદલાયો છે. હવે વર્તમાનપત્રો, ચોપાનીઆંઓ, અને પુસ્તકોનો યુગ આવ્યો છે. માટે લોકોને ઘેર બેઠાં આ સાધનો પૂરાં પાડવાં જોઇએ. મુંબઇની સોશિયલ સર્વિસ લીગ અને વડોદરાની સેંટ્રલ લાયબ્રેરી આ દિશામાં કામ કરે છે અને તેનું અનુકરણ દેશના સર્વ ભાગોમાં થવાની જરૂર છે.

(૪) અનાથોનું રક્ષણ કરી તેમને શિક્ષણ આપવું.

આ જગતમાં અનેક કારણોથી બાળકો અનાથ બને છે. પરંતુ નિ:સંશય, તેમનો પોતાનો અપરાધ એ તે પૈકી એક કારણ નથી. કારણ કે બાળક બિચારાં શું અપરાધ કરે? કર્મવાદીઓ કહેશે કે તેમના પૂર્વ જન્મનાં પાપથી તેઓ આ જન્મમાં અનાથ બન્યાં છે. ભલે તેમનું આ કહેવું સત્ય હોય તોપણ અનાથ બાળકો તરફ આપણો મદદનો હાથ લંબાવવો એ આપણો પરમ ધર્મ છે. કોઇ મનુષ્ય પોતાના અપરાધની સજા તરિકે નિ:સહાય કે નિરાધાર બન્યું છે કે કેમ તે જોવાનું આપણું કામ નથી, તેને સાહાય્ય કરવી એ

આપણું કામ છે. અને અનાથ બાળકોએ પૂર્વજન્મમાં પાપ કર્યા હતાં કે નહિ તે આપણે જાણતા નથી. પરંતુ આ વાત તો ચોક્કસ જાણીએ છીએ કે તેમણે આ જન્મમાં પાપ કરેલાં હોતાં નથી. આવી દશામાં તેમનું રક્ષણ, પોષણ કરી તેમને શિક્ષણ આપવાની પરમાવશ્યકતા છે. આ દિશામાં ખ્રિસ્તી મિશનરીઓ અથાગ પ્રયત્ન કરી રહ્યા છે અને તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, પરંતુ બાળકોને જે લાભ મળે છે તેના બદલામાં તેમને તેમના ધર્મની હાનિ થાય છે. માટે એક એવું અનાથાલય ખોલવું જોઇએ કે જેમાં કોઇના પણ ધર્મની હાનિ થાય નહિ. હિંદુઓએ પરધર્મના અનાથોનું પણ રક્ષણ શામાટે નહિ કરવું એ હું સમજી શકતો નથી. આપણે પરોપકારની બાબતમાં ધાર્મિક મતભેદને દૂર રાખવા જોઇએ.

(૫) રંક લોકોના છોકરાઓને માટે રાત્રિશાળાઓ સ્થાપન કરવી, તથા તે સમુદાયમાં જ્ઞાનનો પ્રચાર કરવાને દરેકે પ્રયત્ન કરવો.

આપણે સર્વે સારી રીતે જાણીએ છીએ કે શ્રીમંત વર્ગને કેળવણી લેવાની જેટલી સંધિ મળે છે તેટલી રંક લોકોને મળતી નથી. ત્યારે શું તેમને શિક્ષણ વિના રહેવા દેવા ? તેમને માટે એવી વ્યવસ્થા કરવી જોઇએ કે જેથી તેઓ દિવસે પોતાનો ધંધો કરે અને રાત્રે ત્રણ ચાર કલાક શિક્ષણ લે. હવે આપણો દેશ કેટલો બધો રંક છે તે હું કેટલાક ઉતારા આપીને જણાવીશ, કે જેથી આપણા દેશના રંક લોકોને શિક્ષણ આપવાને, આપને ઉત્સાહ આવે અને આપ બમણા જુસ્સાથી તે કામ હાથ ધરો. **મી૦ ધામટ** નામના એક પારસી ગૃહસ્થ પોતાના "The Present State of India" (**હિંદુસ્થાનની સાંપ્રત સ્થિતિ**) એ નામના ગ્રંથમાં એવા આશયનું **જણાવે છે કે**—" **હિંદુસ્થાનમાં ૩૦ કરોડ માણસો છે તેમાંથી ૨૦**

કરોડ કૃષિ ઉપર નિર્વાહ કરે છે. ઇંગ્લાંડના લોકોની સરાસરી વાર્ષિક આવક જ્યારે રૂ. ૬૩૫ ની છે ત્યારે હિંદુસ્થાનના લોકોની સરાસરી વાર્ષિક આવક રૂ. ૩૦ ની છે. હિંદુસ્થાનના ગામડાંના લોકો ઘોર દારિદ્રયમાં સડે છે. તેમને દિવસમાં એક વાર પણ પૂરૂં પાધરૂં ખાવાનું મળતું નથી. દુષ્કાળમાં તેઓ મગતરાંની પેઠે મરી જાય છે. એમ કહેવાય છે કે ગત દશ વર્ષમાં ૨ કરોડ માણસો ભૂખે મરી ગયા છે. કરોડો માણસોને વર્ષના પૂરા આઠ મહિના ચાલે એટલું અન્ન પણ મળતું નથી અને શેષ ચાર મહિના તો તેઓ ભીખ માગીને, ઉછીપાછીનું લઇને અથવા ચોરી કરીને નિર્વાહ ચલાવે છે. ૧૮૮૦ માં મરણ પ્રમાણ પ્રતિ સહસ્ત્રે ૨૧ નું હતું, તે ૧૮૯૦ માં પ્રતિ સહસ્ત્રે ૩૨ નુ થયું અને ૧૯૦૦ માં ૪૦ નુ થયું, અર્થાત્ ૨૦ વર્ષમાં પ્રાયઃ બમણું વધી ગયું......ભૂમિ સત્વહીન થઇ ગઇ છે. ખેડુતની પાસે પૈસા રહ્યા નથી. તેનું રહેવાનું ઘર, તેનો ખોરાક, તેનાં કપડાં, અત્યંત હલકા પ્રકારનાં છે. તેનાં બાળકો નગ્ન અવસ્થામાં ઉછરે છે, તેનાં સંકટોનો પાર નથી, પરંતુ ઈશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી તે ધૈર્યપૂર્વક તેમને સહન કરે છે."

આ ઉપરથી આપ સમજી શકશો કે આપણા દેશના રંકોની સ્થિતિ સુધારવાની કેટલી બધી જરૂર છે?

રશિયાનો રાજા મહાન પિટર કહેતો હતો કે "જ્યાં સુધી મારા પ્રત્યેક પ્રજાજનની થાળીમાં પ્રતિદિન પ્રાતઃકાળમાં એક મરઘી અને રોટલી પડે નહિ ત્યાં સુધી મને સ્વતઃને અન્ન મિષ્ટ લાગશે નહિ." ૧૯૦૫માં ઇંગ્લાંડના તે સમયના લિબરલ મુખ્ય પ્રધાન સર હેન્રી કૅમ્પબેલ બૅનરમૅને જાહેર કર્યું હતું કે "કામ કરવાની શક્તિ અને ઇચ્છા ધરાવનાર કોઇપણ માણસ ઉપર ભૂખે મરવાનો પ્રસંગ આવે એ વાત સરકારને માટે અત્યંત લજ્જાસ્પદ છે અને

કામ કરી વૃદ્ધ થયાથી કામ કરવાને અશક્ત થયેલા માણસને ભૂખે મરવા દેવો એ તો મહા પાતક છે. ” આ મહા પુરૂષોનાં ઉદાહરણોએ આપણને આપણા રંક સ્વદેશ બાંધવોની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરવાને પ્રોત્સાહિત કરવા જોઈએ. અને આ વાત લક્ષ્યમાં રાખજો કે આમ અન્ન કિંવા ધનની સાહાય્ય કરતાં જ્ઞાનની સાહાય્યથી તેમની સ્થિતિ વિશેષ સુધારી શકશો. શાસ્ત્રમાં જ્ઞાનને મુક્તિનું સાધન કહ્યું છે અને લૌકિક વિષયમાં પણ કોઇ પણ પ્રકારના સંકટમાંથી મુક્ત થવાનું સાધન જ્ઞાનજ છે. પશ્ચાત પડેલા વર્ગમાં જ્ઞાનનો પ્રચાર કરવા માટે રાત્રિશાળાઓ સ્થાપન કરવા ઉપરાંત વ્યાખ્યાતાઓની યોજના કરવાની જરૂર છે. આ વ્યાખ્યાતાઓ શહેરના અજ્ઞાન વર્ગના લત્તાઓમાં તથા ગામડાઓમાં જઈ વિવિધ વિષયો પર સાદી ભાષામાં વ્યાખ્યાન આપે તો લોકોને ઘણો લાભ થાય. ખાસ કરીને કારીગરો અને ખેડુતોને તેમના ધંધાની સંબંધમાં પાશ્ચાત્ય રાષ્ટ્રોએ કેટલી પ્રગતિ કરી છે તે સમજાવવાની ઘણી જરૂર છે. આ કાર્યને માટે ભિન્ન ભિન્ન ધંધાનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર વ્યાખ્યાતાઓની યોજના કરવી જોઇએ. દાખલા તરિકે, અમેરિકામાં એક એવી યોજના છે કે કૃષિ વિદ્યાના પ્રૉફેસરો ટ્રેનમાં ફરે છે અને સ્ટેશન પર આસપાસનાં ગામડાંના કૃષિકારોને બોલાવીને તેમને કૃષિવિદ્યા સંબંધી છેલ્લામાં છેલ્લી માહિતી પૂરી પાડે છે. આ યોજનાનું આપણે પણ અનુકરણ કરવું જોઈએ. આ વાત સત્ય છે કે આપણા લોકો ઝાઝા જિજ્ઞાસુ નથી, પરંતુ એકવાર તેમને જ્ઞાનનો આસ્વાદ ચખાડવામાં આવશે તો તેમની જિજ્ઞાસા સતેજ થશે. વિજ્ઞાન સંબંધી પુસ્તકો, ચોપાનીઆં, નકશા વગેરે સાથે લઈ વ્યાખ્યાતાઓ ગામડે ગામડે ફરે અને સરલ ભાષામાં ભિન્ન ભિન્ન ધંધા, વ્યાપાર, ઉદ્યોગ વગેરેનું જ્ઞાન આપે તો દેશને કેટલો બધો લાભ થાય!

(૬) દારૂનિષેધક ચળવળ કરવી.

આ વ્યસનની ભયંકરતા એટલી બધી પ્રસિદ્ધ છે કે એ વિષે બોલવું માત્ર પિષ્ટપેષણ સમાનજ લાગશે. પરંતુ દારૂનાં પીઠાં હમ્મેશાં ખુલ્લાં રહે છે માટે આપણે પણ હમ્મેશાં તેની વિરૂદ્ધ આપણા પોકાર ઉઠાવ્યા કરવોજ જોઇએ અને ભલેને એકના એક શબ્દો હોય, પરંતુ તેનો ઉચ્ચાર વારંવાર કર્યાજ કરવો જોઇએ. તન, મન અને ધનનો નાશ કરનાર જો કોઈ વસ્તુ હોય તો તે દારૂ છે. એના સંબંધમાં જનરલ બ્રેમ્વેલ બુથ જણાવે છે કે " આ બાબત વિષે આ દેશના સર્વોત્તમ સદ્‌ગૃહસ્થો વારંવાર ચેતવણી આપે છે તે પર પ્રજા કયારે ધ્યાન આપશે ? આ બાબત વિષે સારા કહેવાતા લોકોનું દુર્લક્ષ્ય અમને ભયંકર લાગે છે. આ મહાન અનિષ્ટ વિષેની આપણી નિષ્કાળજીને લીધે લોકો પાયમાલ બન્યા છે અને તેને પરિણામે આપણા દેશના ભૂખે મરતા લોકો, ગુન્હેગારો. આપઘાત કરનારાઓ, વેશ્યાઓ અને પવિત્ર નારીઓને વેશ્યાના રૂપમાં પરિવર્તિત કરી નાંખનારાઓ, ગાંડાઓ અને છાકટા ઉડાઉ માણસોની એક અતિ મોટી સેના આપણને ન્યાય દેવતાની સમક્ષ અપરાધી ઠરાવે છે.

હેરોડ રાજાએ નિર્દોષ બાલકોની કતલ કરાવી એ વાત સાંભળી લોકો કંપી ઉઠે છે; પરંતુ દારૂનો વ્યાપાર ચાલુ રાખવાથી હેરોડે કતલ કરાવેલાં બાળકો કરતાં વિશેષ બાળકોની દર અઠવાડીએ કતલ થાય છે, તેમને મારી નાંખવામાં આવે છે, તેમને ભૂખે મારવામાં આવે છે, તેઓ પશુવૃત્તિનાં માબાપોની તળે કચડાઇ જાય છે, અને એવું આપણે થવા દઇએ છીએ. દારૂ એ એક પ્રચંડ વિકાળ

પિશાચના જેવો છે અને તે આખા દેશમાં ભ્રમણ કરી જાન્યુઆરીથી ડિસેમ્બર પર્યંત પ્રતિદિન અને પ્રતિપળ પ્રજાના જીવનનું આવશ્યક લોહી ચૂસે છે.”

આ અનિષ્ટનો અટકાવ કરવાને માટે વ્યાખ્યાતાઓ નિયુક્ત કરી તથા પુસ્તકો અને પૅમ્ફ્લેટો ફેલાવી સતત ચળવળ ચાલુ રાખવાની જરૂર છે.

(૭) દેશનો ઉદ્યોગ, કારીગરી, કૃષિવિદ્યા વગેરે સજીવન કરવાને માટે પ્રયત્ન કરવો.

દેશની ઉન્નતિનો આધાર ઉદ્યોગ, ધંધા ઉપર છે. અને રાજનીતિનું પણ એક સૂત્ર એવું છે કે જો પ્રજામાં કદિ પણ અસંતોષ ઉત્પન્ન થવા દેવો ન હોય તો તેને ઉદ્યોગ, ધંધામાં નિમગ્ન રાખવી. “An idle brain is the devil's workshop.” “નવરો બેઠો નખ્ખોદ વાળે.” ઘણા દારૂડીઆઓ પહેલ વહેલા નિરૂદ્યમિતાને લીધે દારૂથી પોતાનું દુઃખ વિસારવાનો પ્રયત્ન કરે છે—અર્થાત્ નિરૂદ્યોગિતા એજ તેમના વ્યસનનું મૂળ કારણ હોય છે. અને જેમ લોઢાને કાટ ખાઇ જાય છે તેમ મનુષ્યની આરોગ્યતાને નિરૂદ્યોગિતા ખાઈ જાય છે. કામથી જેટલાં માણસો મરણ પામ્યાં છે તેથી વધારે કામના અભાવથી મરણ પામ્યાં છે, માટે પ્રજાને હમ્મેશાં ઉદ્યોગી રાખવી એ ગુરૂજનનું મુખ્ય કર્તવ્ય છે. અને સાહસિક કામો કરી અઢળક દ્રવ્ય, જાગીર અથવા રાજ્ય મેળવનાર વ્યાપારી અને સરદારો કરતાં પ્રમાણિક રીતે નિરંતર ઉદ્યોગ કરનાર મધ્યમ અને કનિષ્ઠ વર્ગના લોકો ઉપર દેશના સ્થાયીપણાનો વિશેષ આધાર છે. એ સંબંધે અંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથ કહે છે કે:—

Ill fares the land to hastening ills a prey;
Where wealth accumulates and men decay;

Princes and lords may flourish or may fade;
A breath will make them as a breath has made;
But a bold peasantry, their country's pride;
When once destroyed shall never be supplied.

(અર્થાત્ જે દેશમાં દ્રવ્યનો સંચય થાય અને મનુષ્યની અધોગતિ થાય તે દેશની પાયમાલીજ થવાની. રાજાઓ અને સરદારો ઉન્નત થાય વા અવનત થાય, તેની કાંઈ દરકાર નહિ, કારણ કે તેઓ તો ક્ષણમાં જન્મે અને ક્ષણમાં મરે. પરંતુ તેમના દેશના અભિમાનરૂપ જે સશક્ત ખેડુતો તેમનો જો એકવાર નાશ થયો તો તેમની જગ્યા તો કદિ પૂરાવાનીજ નહિ.) માટે આ વર્ગના લોકોની સ્થિતિ સુધારવી એ આપણું પરમ કર્તવ્ય છે. એને માટે ઉદ્યોગ, ધંધા અને કૃષિવિદ્યા સંબંધી પુસ્તકો પૅમ્ફલેટો છપાવી તેમનો એ વર્ગના લોકોમાં પ્રચાર કરવો જોઇએ અને તે ઉપરાંત સ્થળે સ્થળે વ્યાવહારિક શિક્ષણ આપવાને માટે ભિન્ન ભિન્ન ઉદ્યોગોનાં નાનાં નાનાં (Model—નમૂનારૂપ) કારખાનાઓ સ્થાપન કરવાં જોઇએ. ભિન્ન ભિન્ન સ્થળે ખેતરો રાખી યૂરોપિયન અને અમેરિકન પદ્ધતિથી ખેતી કરી બતાવવી જોઈએ. આમ કરવાથી આ વર્ગમાં ઉપયોગી જ્ઞાનનો પ્રચાર ઘણી સારી રીતે થઇ શકશે.

(૮) ધર્મ અને નીતિનો પ્રચાર કરવો.

અત્રે હું ધર્મનો અર્થ આસ્તિકતા અને નીતિનો અર્થ ચારિત્ર્ય કરૂં છું. જે પ્રજાનો આસ્તિકતા અને ચારિત્ર્ય રૂપી પાયો મજબૂત નથી તે પ્રજા બાહ્ય ગમે તેટલાં ફાંફાં મારે તોપણ કદિ ઉન્નત થનાર નથી. જે મનુષ્યને ઈશ્વર ઉપર દૃઢ વિશ્વાસ હોય છે તે ગમે તેવા સંકટમાં પણ કદિ ડગતો નથી. જ્યારે જે માણસને ઈશ્વર ઉપર શ્રદ્ધા હોતી નથી તે ચંચળ વૃત્તિનો બની જાય છે અને સંકટના સમયમાં

આપઘાત કરવા સુધી પ્રેરાઇ જાય છે, અને આજે દુનિયામાં જે ઘણા આપઘાતો થાય છે તેનું મૂળ નાસ્તિકતાજ છે. **સ્વામિ** દયાનંદના જીવનનો એક પ્રસંગ અતિ અસરકારક છે અને તે તેમના અવસાન-કાળનો છે. તે સમયે તેમના શરીરમાં અસહ્ય કષ્ટ થતું હતું, પરંતુ તેમના મુખ પર જરા પણ ગ્લાનિ જણાતી નહોતી. તેઓ "**ओ३म्, ओ३म्**"ના ઉચ્ચાર સાથે સર્વથા અડગ અને શાંત હતા. ગૃહસ્થો! ઈશ્વર પ્રત્યેની અટલ શ્રદ્ધાનું આવું જ્વલંત ઉદાહરણ આપ બીજું કયું આપી શકશો? અને આ દૃઢ શ્રદ્ધાના બળથીજ તેઓ પોતાના જીવનમાં આવું મહાન કાર્ય કરી શક્યા છે. નીતિમાં પ્રમાણિકતા, સત્યવાદિતા વગેરે ઉત્તમ ગુણોનો સમાવેશ થાય છે, કે જે માણસને ચારિત્ર્યવાન બનાવે છે, અને ઉન્નતિ પ્રાપ્ત કરવાની અભિલાષા ધરાવનાર પ્રત્યેક પ્રજાને એની પરમાવશ્યકતા છે. આ કાર્ય સિદ્ધ કરવાને માટે ધાર્મિક અને નૈતિક સાહિત્ય ફેલાવવા ઉપરાંત, ધર્મશીલ અને નીતિમાન વિદ્વાનોને ઉપદેશક તરિકે રાખી તેમના દ્વારા સતત ઉપદેશ અપાવવો જોઇએ.

હવે **રા. ચિતલિયાના** એક લેખમાંથી એકાદ બે ઉતારા આપી આ વ્યાખ્યાન હું બંધ કરીશ:—

"પાશ્ચાત્ય દેશોમાં અનાથ બાળકોને પાળીપોષી મોટાં કરવા માટેનાં મિશનો, અપંગ સ્ત્રી પુરૂષોનાં રક્ષણ માટેનાં મિશનો, આંધળાં તથા બ્હેરાં, મુંગાંઓને કેળવવા માટેનાં મિશનો, માતાઓ આખો દિવસ કામે જાય ત્યારે તેમનાં બાળકો સંભાળવા માટેનાં મિશનો, નાનાં બાળકોને કારખાનાઓમાં શક્તિ ઉપરાંત કામ ન કરાવે તે માટેનાં મિશનો, વગેરે અનેક પ્રકારનાં જનસમાજનાં દુઃખો ઓછાં કરવા માટેનાં મિશનો અસ્તિત્વ ધરાવે છે......હજી તો આપણે શહેરે શહેર અને ગામેગામ સામાજિક સેવાની સંસ્થાઓ ઉભી કરવાની

છે, હજી તો દરેક સ્થળે પ્રાથમિક કેળવણી સાર્વજનિક તથા ફરજી-આત કરવા માટેની મંડળીઓ ઉભી કરવાની છે, હજી તો આપણા અભણ સ્ત્રી વર્ગને માટે મહોલ્લે મહોલ્લે વર્ગો ખોલવાના છે, હજી તો જંગલમાં એકાંત વસતા આપણા ખેડુતોનાં તથા રેલ્વેની લાઇનો ઉપર વસતા મજુરોનાં બાળકોને શિક્ષણ પૂરૂં પાડવા માટે સંસ્થાઓ જોઇએ છે, હજી તો પહાડીઓ અને ગાઢા જંગલમાં વસતી ભીલ, કોળી, કાથોડી, વગેરે જાતોની સ્થિતિ સુધારવા માટે હિંદુ મિશનો સ્થાપવાનાં છે; હજી તો શ્રીમંતાઇને તજી દઇને રોગીઓની જન્મભર સેવા કરવામાં આનંદ માનનારાં સ્ત્રી પુરૂષો જોઇએ છે; હજી તો શહેરોના કુંભારવાડા તથા ઢેડવાડામાં ઘેરે ઘેર ફરીને રોગીઓને શોધી કાઢી તેમની સુશ્રુષા કરનારા ડૉકટરો તથા સેવિકાઓ જોઇએ છે. હજી તો પાશેરામાં પહેલી પુણી પણ થઈ નથી; હજી તો રસ્તો ઘણો લાંબો છે......સેનેકા કહે છે કેઃ—

" We are to relieve the distressed, to put the wanderer into his way, and to divide our bread with the hungry, which is but the doing of good to ourselves; for we are only several members of one great body." (અર્થાત્ આપણે દુઃખી-ઓનાં દુઃખ નિવૃત્ત કરવાં જોઇએ, માર્ગ ભૂલેલાંને માર્ગ દર્શાવવો જોઇએ, અને ભૂખ્યાંની સાથે આપણો રોટલો વ્હેંચી ખાવો જોઇએ, આમ કરવાથી આપણે માત્ર આપણી જાતનુંજ ભલું કરીએ છીએ; કારણ કે આપણે માત્ર એક મહાન શરીરના ભિન્ન ભિન્ન અવ-યવોજ, છીએ.)

મહમૂદ ગઝનવી.

ઇસ્વીસનની દશમી અને બારમી શતાબ્દિ દરમ્યાન મધ્ય એશિયાના મુસલમાનો હિંદુસ્થાનનાં રાજપુત રાજ્યો પર વારંવાર આક્રમણ કરતા હતા. દમાસ્કસ અને બગદાદના આરબ ખલીફાએ તુર્ક, અફઘાન પ્રભૃતિ લોકોને જીતી લઇને તેમને મુસલમાન બનાવ્યા હતા અને આજ લોકોએ હવે હિંદુઓને મૂર્તિપૂજાનો ત્યાગ કરીને અલ્લા અને મહમ્મદના ઉપાસક બનવાની ફરજ પાડવાનો નિશ્ચય કર્યો હતો.

તે સમયમાં હિંદુઓ કરતાં મુસલમાનો અધિક બળવાન હતા. તેઓ હિમાલયના પશ્ચિમ ભાગમાં આવેલા હિમમય પ્રદેશમાં તથા તાર્તરીની શિતળ ભૂમિમાં ઉછર્યા હતા. મુસલમાન અશ્વારોહીઓ ઓક્સસ નદીના તટ પરના બળવાન અશ્વો પર આરૂઢ થતા હતા અને શસ્ત્રમાં તલવાર તથા ભાલા ધારણ કરતા હતા. પાયદલ સૈનિકો ધનુર્વિદ્યા સારી પેઠે જાણતા હતા. કારણ કે દરાયસ અને ઝર્કસીસના સમયથી એ વિદ્યા તેમનામાં ઉતરી આવી હતી. અન્ય પક્ષે હિંદુઓ હિંદુસ્થાનના પ્રખર તાપમાં ઉછર્યા હતા અને તેથી તેઓ દુબળ બની ગયા હતા.* રાજપુતો તો પ્રાચીન કાળની પેઠેજ બહાદુર અને શૌર્યશાલી હતા, પરંતુ તેઓ મોજવિલાસમાં લીન થઇ ગયા હતા અને પરસ્પર કુસંપથી વિશૃંખલિત થઇ ગયા હતા.

---

* આ સ્થાને મુસલમાનોની સબળતા અને હિંદુઓની નિર્બળતાનો ઉલ્લેખ કરવાથી મારા કેટલાક હિંદુ પાઠકો મારા પર ક્રુદ્ધ થશે, પરંતુ કટુ સત્ય કહ્યા વિના ગત્યંતર નથી અને તે વિના આપણો ઉદ્ધાર પણ નથી.

ર. દી. પરમાર.

તે સમયનો મોટામાં મોટો મુસલમાન સુલતાન એક તુર્ક યોદ્ધો હતો. એનેજ ઇતિહાસમાં મહમૂદ ગઝની કહ્યો છે. તેના પિતાએ કાબૂલમાં રાજ્ય સ્થાપિત કર્યું હતું અને ગઝનીને પોતાનું પાટનગર બનાવ્યું હતું. આ ગઝની શહેર કાબૂલ અને કંદહારની વચ્ચોવચ્ચ આવેલું છે. મહમૂદે માતાના સ્તનમાંથીજ યુદ્ધકળાનું શિક્ષણ મેળવ્યું હતું. તે છેક નાનો બાળક હતો ત્યારથી તે પોતાના પિતાની સાથે યુદ્ધમાં રહ્યો હતો. ત્રીસ વર્ષની વયે તે પોતાના પિતાનો ઉત્તરાધિકારી થયો અને ગઝનીનો સુલતાન બન્યો. ત્યાર પછીનાં ત્રીસ વર્ષોમાં તેણે પંજાબ, બોખારા અને ઇરાન એ દેશો જીતી લીધા. બગદાદનો ખલીફ ઇસ્લામીઓનો વડો ધર્માચાર્ય ગણાતો હતો, તેથી તેને તે પોતાનો સ્વામિ ગણતો હતો, પરંતુ ઇતર સર્વ બાબતોમાં તે સ્વતંત્ર હતો. ગઝની એ તેના રાજ્યનું પાટનગર હતું અને અન્ય દેશો પર આક્રમણ કરી તે કેદીઓ અને લૂટનો સામાન લઇને હમ્મેશાં તે પોતાના પાટનગરમાં પાછો આવતો હતો.

મહમૂદના પ્રથમ આક્રમણે હિંદુસ્થાનમાં ભારે કોલાહલ મચાવી મૂક્યો. તે એક સેના લઇને પેશાવરના સપાટ પ્રદેશમાં ધસી આવ્યો અને પંજાબમાં આવવાને માટે સિંધુ નદિ ઓળંગવાની તૈયારી કરવા લાગ્યો. પંજાબના રાજાએ હિંદુસ્થાનના રાજાઓની સાહાય્ય માગી અને સકલ રાજાઓ તેની કુમકે ધાયા. પુષ્કળ માણસો અને હાથીઓ પંજાબમાં થઇને પેશાવર તરફ કુચ કરવા લાગ્યા. રાજપુતાણીઓએ લડાઇ ચાલુ રાખવાને માટે પોતાના અલંકારો વેચી દીધા. પરંતુ મહમૂદની સામે ટકી શકાય એમ નહોતું. મુસલમાન ધનુર્ધારીઓનાં બાણોથી હાથીઓ અંધ બન્યા અને તેમની ગોળીઓથી વિંધાઇને ઉન્મત્ત બની ગયા. આથી તેઓ પાછા ફરીને હિંદુ પાયદલનેજ છુંદી નાંખવા લાગ્યા. આથી હિંદુ સૈન્યમાં જે ગભરાટ

ફેલાયો તેનો લાભ લઇને મુસલમાન અશ્વારોહીઓ " અલ્લા " અને " મહમ્મદ "ની બૂમો પાડતા તેમની ઉપર તૂટી પડયા. તેમણે રાજપુત સેનાને વિશૃંખલિત કરી નાંખી અને ત્યાર પછી તેઓ પંજાબમાં થઇને હિંદુસ્થાનમાં પ્રવેશ્યા અને લૂટફાટ તથા મારફાડ કરવા લાગ્યા. તેમણે હિંદુઓની મૂર્તિ ભાંગી નાંખી, તેમનાં મંદિરોમાંથી રત્ન ભંડારો લૂટી લીધા, બ્રાહ્મણોનો વધ કર્યો અને હજારો સ્ત્રી, પુરૂષ તથા બાળકોને કેદી બનાવ્યાં અને ત્યાર પછી તેઓ ગઝની તરફ પાછા ફર્યાં.

મહમૂદે હિંદુસ્થાન પર બાર આક્રમણો કર્યા, પરંતુ સર્વ આક્રમણો પ્રાયઃ એકજ પ્રકારનાં હતાં. તેણે પંજાબ પ્રદેશ પોતાના રાજ્યની સાથે સંયોજી દીધો, પરંતુ હિંદુસ્થાન તો રાજપુત રાજાઓનાજ હાથમાં રહ્યો. તે હિંદુસ્થાનના દેવાલયોમાંથી અગણિત દ્રવ્ય લૂટી ગયો અને તેના હાથમાં એટલા બધા હિંદુ કેદીઓ પકડાયા કે તેમાંનો એક એક જણ ગઝનીમાં દાસ તરિકે બબ્બે રૂપિઆની કિમ્મતે વેચાયો.

અંતે મહમૂદે પશ્ચિમ હિંદુસ્થાનમાં ગુજરાત દ્વીપકલ્પના દક્ષિણ ભાગમાં આવેલું સોમનાથનું મહાન મંદિર લૂટવાનો નિશ્ચય કર્યો. રાજપુતોએ તેને આવતો અટકાવવાનો કાંઇ પણ પ્રયત્ન કર્યો નહિ, પરંતુ સોમનાથ આગળ તેમણે ત્રણ દિવસ પર્યંત તેની સાથે દારૂણ યુદ્ધ કર્યું અને ત્યાર પછી તેઓ નૌકામાં બેસી સમુદ્ર માર્ગે ચાલ્યા ગયા.

મહમૂદ પોતાના સેનાધિપતિઓ સહિત વિજય ધ્વજા ફરકાવતો મંદિરમાં પ્રવેશ્યો, પરંતુ તે તો સ્મશાનવત્ શૂન્ય બની ગયું હતું. દેવાલયના અંદરના ભાગમાં મહાદેવની પ્રચંડ મૂર્તિ વિરાજતી હતી. બ્રાહ્મણોએ કહ્યું કે જો આપ મૂર્તિનું સંરક્ષણ કરશો તો અમે

આપને અમુક રકમ આપીશું. પરંતુ મહમૂદે પ્રત્યુત્તર આપ્યો કે હું તો મૂર્તિઓનું ખંડન કરવાને આવ્યો છું, કાંઇ તેને વેચવા આવ્યો નથી. તેણે પોતાનો ભાલો ઉંચકી મહાદેવની મૂર્તિ પર તેનો પ્રહાર કરી તેના ટુકડા કરી નાંખ્યા કે તરતજ હીરામાણેકોનો એક મોટો ઢગલો તેની આગળ પડયો. બ્રાહ્મણોએ મૂર્તિની અંદર પોતાનાં મોંઘાંમાં મોંઘાં રત્નો ભર્યાં હતાં અને મહમૂદે જો તે પર ભાલાનો પ્રહાર કર્યો ન હોત તો તે ત્યાંનાં ત્યાંજ રહેત.

છતાં પણ આ આક્રમણનું પરિણામ ઘણું ભયંકર આવ્યું. રાજપુતો તથા બ્રાહ્મણોએ મહમૂદ પર વેર લેવાનો દ્રઢ નિશ્ચય કર્યો હતો. મહમૂદ સોમનાથના ચંદન કાષ્ટના દરવાજા તથા હીરામાણેક લઇને વિજય ધ્વજા ફરકાવતો ગઝની તરફ પાછો ફર્યો; પરંતુ રાજપુત સૈનિકોએ માર્ગમાં તેને કાંઇ થોડી પીડા આપી નહિ. વળી છદ્મવેષી માર્ગપ્રદર્શકો તેને તથા તેની સેનાને સિંધના રણમાં લઇ ગયા, જ્યાં તેને પાણીનું અત્યંત કષ્ટ પડયું. આ માર્ગપ્રદર્શકો બ્રાહ્મણ હતા અને તેઓ તેને અવળે માર્ગે લઈ ગયા હતા. જ્યારે આ વાત જાણવામાં આવી ત્યારે તે માર્ગપ્રદર્શકો પર અત્યંત અત્યાચાર કરીને તેમને મારી નાંખવામાં આવ્યા. પરંતુ જે અનિષ્ટ થવાનું હતું તે તો થઈ ચૂક્યું હતું. મહમૂદના સૈનિકો તાપ અને તૃષાથી ઉન્મત્ત બની ગયા. હજારો સૈનિકો રણમાં મરણ પામ્યા અને માત્ર થોડાકજ માણસો નિર્બળ અવસ્થામાં ગઝની શહેરમાં પહોંચવાને શક્તિમાન થયા. મહમૂદ ૧૦૩૦ માં મરણ પામ્યો અને સોમનાથના દરવાજા શહેર બહારની તેની કબર પર ચણવામાં આવ્યા.

મહમૂદ મધ્યમ કદનો, બળવાન અને સુગઠિત શરીરનો હતો, પરંતુ તેનું મુખ શીળીનાં ચાઠાંથી વિકૃત બની ગયું હતું.

પરંતુ મહમૂદ માત્ર લુટારોજ નહોતો. તેણે કવિઓ અને

સારસ્વતોને સારૂં ઉત્તેજન આપ્યું હતું, સુંદર મસ્જીદો બંધાવી હતી અને શાળા પાઠશાળાઓ સ્થાપન કરી હતી. તેણે હિંદુસ્થાનના દ્રવ્યનો વિનિયોગ પોતાના પાટનગરને ભવ્ય અને સુંદર બનાવવામાં કર્યો હતો. તેણે ગઝનીમાં સંગેમરમર અને ગ્રેનાઇટના પત્થરોની એક મસ્જીદ બંધાવી અને તેને ઉંચી કિસમના ગાલિચા તથા સોના રૂપાના અલંકારોથી મઢીને એવી સુંદર બનાવી કે એશિયા ખંડના સમસ્ત મુસલમાનો તેને સ્વર્ગીય વસ્તુ ગણવા લાગ્યા. તેણે ગઝનીમાં એક વિશ્વ વિદ્યાલય સ્થાપન કર્યું અને તેની સાથે અનેક ભાષાઓના અદ્ભુત ગ્રંથોનું એક પુસ્તકાલય અને પ્રાકૃતિક ચમત્કારોનું એક સંગ્રહાલય પણ જોડી દીધું. વળી તેણે વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા વિદ્વાનોને આપવાને માટે મોટી રકમ કાઢી. તેના અમીરોએ તેની ઉદારતાનું અનુકરણ કર્યું અને તેમણે મહાલયો તથા સાર્વજનિક કામોમાં એટલો બધો પૈસો ખર્ચ્યો કે પૌર્વાત્ય દેશોના કોઇ પણ પાટનગર કરતાં ગઝની શહેરમાં મસ્જીદો, ઝરાઓ, મોરીઓ તથા હોજો વધી પડયા.

મહમૂદે ફારસી કવિ ફીર્દુસીને શાહનામા નામનું કાવ્ય રચવાને રોક્યો. આ કાવ્યમાં ઈરાનના પ્રાચીન રાજાઓનાં પરાક્રમોનું વર્ણન આવે છે. આ કાવ્યમાં દેવો, દાનવો અને રાક્ષસોનું અલૌકિક વર્ણન આવે છે, તથા અતિશયોક્તિ ભરેલા પ્રેમ, ચમત્કારિક શસ્ત્રાસ્ત્રો તથા અશક્ય યુદ્ધોની અદ્ભુત હકીકત આવે છે. એક સુંદર રાજકુમારી એક સુસ્વરૂપ રાજકુમારના પ્રેમમાં પડે છે. તે પોતાના મહાલયની અગાશી પર આવે છે અને પોતાના પ્રિયકરને પોતાની પાસે આવવાને શક્તિમાન કરવાને માટે પોતાના વાળની લાંબી લટો છૂટી મૂકે છે. તે યુગ્મ યથાસમય લગ્ન ગ્રંથિથી જોડાય છે અને સુપ્રસિદ્ધ રૂસ્તમ પહેલવાનનાં માતપિતા બને છે. આ પહેલવાનનું નામ ઇરાન,

અફઘાનીસ્તાન, તુર્કસ્તાન અને હિંદસ્થાનનો પ્રત્યેક માણસ જાણે છે. રૂસ્તમ પહેલવાન જન્મ્યા પછી અલ્પ સમયમાં દશ ગાયોનું દુધ પી જવા લાગ્યો, ત્રણ વર્ષની વયે તે અશ્વારોહી બન્યો અને પાંચ વર્ષની વયે તે એક પુખ્ત વયના યોદ્ધા જેટલું અન્ન ખાવા લાગ્યો.

શાહનામામાં મૂર્તિપૂજકોની વાતો પુષ્કળ આવે છે, પરંતુ તેમાં મહમ્મદ અથવા કુરાન વિષે નહિ જેવો ઉલ્લેખ છે. આથી મહમૂદ એટલો બધો ક્રુદ્ધ થયો કે તેણે તેને જેટલું સુવર્ણ આપવાનું વચન આપ્યું હતું તેટલું રૂપું આપીને કાસદ પતાવી. એમ કહેવાય છે કે આ હાનિથી ફીર્દુસી મનોભંગ થઈને મરણ પામ્યો. મહમૂદને કરૂણા ઉત્પન્ન થઇ અને તેણે સુવર્ણ મોકલી આપ્યું, પરંતુ ફીર્દુસી તો તે પૂર્વે મરણ પામ્યો હતો. અંતે તેની પુત્રીને તે સુવર્ણ પ્રદાન કરવામાં આવ્યું. *

સમાપ્ત.

* મહાશય જે. ડાર્મેસ્ટેટર [illegible] અંગ્રેજી લેખને આધારે.

મણિપૂરચક્ર વા સૂર્યચક્રનો વેધ કરવાથી ચિત્તને કેવી શાંતિ પ્રાપ્ત થાય છે, આત્માને કેવું બળ પ્રાપ્ત થાય છે અને શરીર કેવું સુદૃઢ થાય છે તે એમાં દર્શાવવામાં આવેલું છે. યોગાભ્યાસીઓને માટે આ પુસ્તક અમૂલ્ય છે.

(૫) **ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસ**—આપણા દેશ ઉપર આ સાધારણ આક્ષેપ છે કે એનો પ્રાચીન ઇતિહાસ છેજ નહિ. પરંતુ હરદ્વાર ગુરૂકુળના પ્રોફેસર રામદેવે આ આક્ષેપને અસત્ય ઠરાવ્યો છે અને તેમણે હિંદી ભાષામાં આર્યાવર્તનો પ્રાચીન ઇતિહાસ અનેક સંસ્કૃત ગ્રંથોને આધારે લખી બહાર પાડયો છે. આ પુસ્તકનું ભાષાંતરજ ઉપયોગી જ્ઞાનમાળાના ગ્રાહકોના કરકમલમાં સાદર કરવામાં આવશે.

તદુપરાંત શ્રી રામકૃષ્ણ પરમહંસનું જીવન ચરિત્ર, તેમનું ઉપદેશામૃત, સ્વામી વિવેકાનંદનાં ભાષણો તથા અત્યાર સુધી નહિ પ્રકટ થયેલા એવા પત્રો, તેમનું વિસ્તૃત જીવનચરિત્ર, મહાત્મા ગોખલેનું જીવનચરિત્ર, તથા તેમનાં ભાષણો અને લેખો, મહાત્મા ગાંધીનું જીવન ચરિત્ર, તેમજ ઇતર સ્વદેશભક્તોના જીવનચરિત્રો અને ભાષણો, સુપ્રસિદ્ધ અમેરિકન લેખક માર્ડનનાં આત્મબળને દૃઢ કરનારા પુસ્તકોનાં ભાષાંતરો. ઇત્યાદિ અસંખ્ય ઉત્તમોત્તમ પુસ્તકોના ભંડાર અમારા તરફથી પૂરો પાડવામાં આવશે. આજેજ ગ્રાહક તરીકે નામ નોંધાવો.

"જો તમને કમાવાની ઇચ્છા હોય તો ગમે તેવો હલકો ગણાતો ધંધો કરીને દ્રવ્ય પ્રાપ્ત કરશો, જો તમારે ઉદરનિર્વાહ કરવો હોય તો લાકડાંનો ભ્હેર ખાઇને દહાડા કહાડજો, જો તમારે પ્રતિષ્ઠા મેળવવી હોય તો મોટા માણસોની ગમે તેટલી ખુશામત કરીને પ્રતિષ્ઠા મેળવશો, પરંતુ પરમાર્થ વાં લોકોપકારના બહાના હેઠળ, દ્રવ્ય, ઉદરનિર્વાહ સાધન વા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ખટપટ કરશો નહિ.

તમારામાં આત્મભોગ આપવાની વૃત્તિ હોય, જો તમારામાં આત્મવિસર્જન કરવાનું ધૈર્ય હોય, જો તમારામાં આત્મ બલિદાન કરવાની શક્તિ હોય તોજ પરમાર્થરૂપી 'લક્કડકા લડુ' ને હસ્તસ્પર્શ કરજો. પરમાર્થનો કિલ્લો જીતવાને નીકળેલા હે પંઢો ! તમારી બડાઈની વાતો હવે અમે સાંભળવા માગતા નથી, તે સાંભળી સાંભળીને અમે થાકી ગયા છીએ, હવે તમારા મોઢાની સહાનુભૂતિ અમારે જોઈતી નથી, હવે અમારે કર્મ જોઇએ છીએ, અને તે પણ નિષ્કામ કર્મ હોવું જોઇએ."

આંતર્ બાષ્પ.